بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-જુલાઈ-૨૦૧૫**

રમઝાનુલ મુબારક-શવ્વાલુલ મુકર્રમ
હિજરી સન : ૧૪૩૬

વર્ષ : ૧૨, અંક : ૦૭, સળંગ અંક : ૧૩૯



સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | જો રમઝાનનો લાભ ન ઉઠાવીએ તો આપણાથી વધુ કમનસીબ કોણ ? | 02 |
| 02 | **ગૈર મુકૃલ્લિદ 'બઝમે તવ્હીદ' મંથલીવાળા પોતાના ભોટપણાને દૂર કરે !** | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 05 | હદાઈકે બખ્શિશ | 14 |
| 06 | અસ્માઉલ હુસ્ના | 17 |
| 07 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 19 |
| 08 | શબે કૃદ્રની ઈબાદતો | 21 |
| 09 | હદીષોના દુશ્મન ! | 22 |
| 10 | **કહેવાતા લવ કે લવ મેરેજના સબબો, તેની ખરાબીઓ તથા ઈલાજ** | 26 |
| 11 | લક્બો પણ માતમ કરે છે ! | 32 |
| 12 | ક્યાં છે આ આતંકવાદનાં મૂળો ?! | 38 |
| 13 | **કુર્આન અમલની કિતાબ છે કેવળ સવાબની નહીં !** | 42 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


## કલામુલ ઈમામ ઈમામુલ કલામ

નઝર ઈક ચમન સે દો ચાર હૈ ન ચમન ચમન ભી નિષાર હૈ
અજબ ઉસકે ગુલકી બહાર હૈ કે બહાર બુલબુલે ઝાર હૈ

વો હૈ ભીની ભીની વહાં મહક કે બસા હૈ અર્શ સે ફર્શ તક
વો હૈ પ્યારી પ્યારી વહાં ચમક કે વહાં કી શબ ભી નહાર હૈ

વોહી જલવા શહર બ શહર હૈ વોહી અસ્લ આલમો દહર હૈ
વોહી બહર હૈ વોહી લહર હૈ વહી પાટ હૈ, વહી ધાર હૈ

વો ન થા તો બાગ મેં કુછ ન થા વો ન હો તો બાગ હોં સબ ફના
વો હૈ જાન જાન સે હૈ બકા વોહી બુન હૈ, બુન સે હી બાર હૈ

ગુનાહે **''રઝા''**કા હિસાબ કયા વો અગર ચે લાખોં સે સિવા
મગર એ અફુ તેરે અફ્વ કા ન હિસાબ હૈ ન શુમાર હૈ

**અઝ : આ'લા હઝરત ઈમામ અહલે સુન્નત, ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

# જો રમઝાનનો લાભ ન ઉઠાવીએ તો આપણાથી વધુ કમનસીબ કોણ ?

કાર્યાલય

પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! જ્યારે આ અંક આપના હાથમાં પહોંચશે ત્યારે રમઝાનુલ મુબારકનો બીજા દસકો મગફિરતનો વહી રહ્યો હશે. રબ્બે કરીમ ﷻની રહમતો બરકતોની બૌછાર થઈ રહી હશે. ખબરદાર ! સાવધાન ! એ બરકતો રહમતોથી ક્યાંક તમો વંચિત તો નથી ને ! રમઝાન મુબારક આવતાં જ રબ્બે કરીમ તેની કુદરતના કારખાનામાં કેટલા ફેરફારો કરી નાખે છે કે હદીષોમાં ફર્માવ્યું : જન્નતના દરવાજાઓ ખોલી દેવામાં આવે છે, જહન્નમના દરવાજા બંધ કરી દેવામાં આવે છે, શૈતાનને સાંકળોમાં જકડી દેવામાં આવે છે. (બુખારી, મુસ્લિમ) એમાં એક રાત (શબે ક઼દ્ર) એવી રાખી જે હજાર મહિનાઓ કરતાં બેહતર છે. (ઈબ્ને માજહ) નફ્લનો સવાબ ફર્ઝ બરાબર મળે છે અને ફર્ઝનો સવાબ અન્ય દિવસોના ૭૦ ફર્ઝો બરાબર. આ મહિનામાં મો'મિનનું રિઝ્ક઼ વધારી દેવામાં આવે, જે તેમાં રોઝાદારોને ઈફતાર કરાવે તેના ગુનાહોની મગફેરત થઈ જાય છે અને તેની ગરદન આગથી આઝાદ કરી દેવામાં આવે છે. આ તે મહિનો છે જેનું અવ્વલ (દસકો) **રહમત** છે, તેનું મધ્ય **મગફેરત** છે અને અંતિમ (દસકો) **જહન્નમથી આઝાદી** છે. (બયહક઼ી) જે માણસ ઈમાનના કારણે અને સવાબ માટે રોઝા રાખશે તેના, જે રમઝાનની રાતોમાં (તરાવીહમાં) ક઼યામ કરશે તેના, જે શબે ક઼દ્રમાં કયામ કરશે તેના આગલા ગુનાહો બખ્શી દેવામાં આવે છે. (બુખારી, મુસ્લિમ) રોઝા અને કુર્આન બંદા માટે શફાઅત કરશે. (ઈમામ અહમદ, હાકિમ, તિબ્રાની) રબ ફર્માવે છે, રોઝો મારા માટે છે અને તેનો બદલો હું આપીશ. (સહીહૈન)........વગેરે વગેરે ફેરફારો રબ તઆલા પોતાના મો'મિન બંદાઓ માટે રહમતો, બરકતો, નેઅમતોની બૌછાર કરીને કરે છે.

તો હે બંદા ! તેં તારી રોજનશીમાં રમઝાનના કારણે કાંઈ તબદીલી કરી છે કે નહીં ?! કે હજી એ જ રોજનું T.V. (તક઼વાનો વિનાશ) ચાલુ જ છે ? મોબાઈલ પર નિરર્થક બલ્કે ગુનાહિત હરામ દશ્યો, મેસેજો, ઈમેજો, ફોટાઓની આપલે ચાલુ જ છે ?! કુર્આન શરીફ કે જેના પ્રમાણે મુસલમાને જીવવાનું હોય છે, એ કુર્આનને આખુ વરસ તો હાથ નથી લગાડયો તો હજી પણ હાથ નથી લગાડયો ?! તેને રોજ કાંઈ **''કન્ઝુલ ઈમાન''**માંથી તર્જુમો–તફસીર પઢીને સમજવા અને તેના પ્રમાણે ચાલવા વિચાર્યું ખરું ?! શું હજીય ક્રિકેટ મેચો કે ફૂટબોલની ટુર્નામેન્ટોમાં રાત્રે દિવસે જાતે રમવામાં કે જોવામાં જ વ્યસ્ત છો ?! રાત્રી જાગરણ માટે ટોળે ટપ્પા બેસીને પત્તાંની ગેઈમ કે કેરમ, વોલીબોલ વગેરે રમવાનું છોડીને દીની કિતાબો કે દીની ઈલ્મના દર્સ કે તફસીરની મહેફિલોમાં બેસો છો કે નહીં ?!

શું હજીય નમાઝો ધડાધડ છૂટી રહી છે અને ખાસ કરીને ફજર પથારીમાં જાય છે કે મસ્જિદે પહોંચો છો ? શું બહેનો ઘરે નમાઝો, તરાવીહ, તિલાવત વગેરે કરે છે કે T.V. સીરિયલો, મોબાઈલ તથા ફુઝૂલ વાતો તથા રાતોને મજેદાર ખાણીપીણી પાછળ જ પસાર કરે છે ?! શું ભાઈઓએ એ'તેકાફમાં બેસવાની નિય્યત કરી છે કે એની ફઝીલતોથી વંચિત જ રહેવાનું નક્કી કર્યું છે ? શું ગરીબોમાં ઝકાત સિવાય કાંઈ લિલ્લાહ, ખૈરાત પણ થઈ રહી છે કે ગણી ગણીને વહેંચણી ફક્ત ઝકાત પૂરતી જ થઈ રહી છે ?! દુરૂદ શરીફ તથા ઝિક્રે ખુદા અધિક પ્રમાણમાં શરૂ કર્યું છે કે સુસ્તીમાં રમઝાન પસાર થઈ રહી છે ? જૂઠ, ગીબત, ગાળ ગલોચ, ફુઝૂલ બકવાસની મહેફિલો બંધ કરી છે કે હજી તે જ રફતાર પૂરાની ચાલી રહી છે ?! શું રમઝાનની નૂરાની રૂહાની પળોમાં ઈસ્લામી જ્ઞાન મેળવીને, તેને દિલમાં બેસાડીને હવેથી ઈસ્લામી જીવન પદ્ધતિ, ઈસ્લામી લિબાસ તથા રસૂલે પાક ﷺની સુન્નતો પર ચાલવાનો તથા દીનો સુન્નિયતની ખિદમત માટે ખડા થવાનો ઈરાદો કર્યો છે કે હજી એ બાબતે વિચાર્યું પણ નથી ?! શું પાછલા ગુનાહોની માફી માગવાનું, રબથી તૌબા કરવાનું ચાલુ છે કે દિલમાં એના વિશે કોઈ ખયાલ પણ નથી ગુજર્યો ?!

પ્યારા દીની ભાઈઓ ! વધુ પેજ નં. ૧૮ પર

# ગૈર મુક઼લ્લિદ "બઝ્મે તવ્હીદ" મંથલીવાળા

## પોતાના ભોટપણાને દૂર કરે !

**તંત્રી લેખ....**

કહેવાતા અહલે હદીષ ગૈર મુક઼લ્લિદોના માસિક "બઝમે તવ્હીદ" ભરૂચ (જાન્યુ–ફેબ્રુ. ૨૦૧૫)ના અંકમાં તેના ભોટ તંત્રી સાહબ પોતાની અજ્ઞાનતાનું પ્રદર્શન કરતાં અવલિયા તથા મશાઈખની શાન વિશેની સમજ પોતાના સાંકડા દિમાગની સમજ બહાર હોય એ રીતે મહાન બુઝુર્ગો હઝરત ગામધણી رحمۃ اللہ علیہ તથા હઝરત ગૌષ ગ્વાલિયરી رحمۃ اللہ علیہના વાક઼િઆને સમજ્યા વિના સુન્નીઓને નિશાનો બનાવી તેને કુફ્ર, શિર્ક તથા બિદઅતથી લબરેઝ દર્શાવે છે. *(જુઓ : બઝમે તૌહીદ, જાન્યુ/ફેબ્રુ. ૨૦૧૫, પેજ નં. : ૧૨ થી ૧૮ સુધી)*

જેમ કે "અલ મુઈન" (સપ્ટે. ૧૯૯૩, માસિક–થામ)નું આ લખાણ રજૂ કરે છે કે...."ગૌષ ગ્વાલિયરી رحمۃ اللہ علیہએ જ્યારે પહેલા પગથિયા ઉપર પગ મૂક્યો ત્યારે અનુભવ્યું કે મેં પહેલા આસ્માન પર પગ મૂક્યો છે. બસ આવી જ હાલત આવી જ કૈફિયત સાતે સાત પગથિયાં ચઢતાં થઈ. સાતમા પગથિયે થયું કે હું સાતમા આસ્માન પર છું. અને હદ તો ત્યારે થઈ કે જ્યારે આપે શાહ અલીજી ગામધણી રિફાઈ رحمۃ اللہ علیہથી મુલાકાત કરી ત્યારે થયું કે, "ખુદ રબ્બુલ આલમીન રબ તબારક વ તઆલાથી મારી મુલાકાત થઈ છે." આવી જ હાલતમાં આપ જોરથી બૂમો પાડી કહેવા લાગ્યા કે, "મને મેઅરાજ થઈ છે."

આટલુ લખાણ ટાંક્યા બાદ ગૈર મુક઼લ્લિદ માસિક "બઝ્મે તૌહીદ"ના તંત્રીએ જાત જાતની ટીકા ટીપ્પણીઓ કરી છે. તો એનો ટૂંકમાં દલીલયુક્ત જવાબ વાંચો અને ગૈર મુક઼લ્લિદોની ગુમરાહી પ્રતિ દોરતી વાતોથી બચો.

### ★ શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ رحمۃ اللہ علیہ દહેલ્વી કોઈ વલીની આવી વાત વિશે શું ફ઼ર્માવે છે ? ★

મોહક્ક઼િકે અલલ ઈત્લાક઼ શાહ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ (વફ઼ાત : હિ.સ. ૧૦૫૨) સૂફીઓની જઝ્બ તથા મસ્તી (વજદાની કૈફિયત)માં તેમના થકી બહાર પડનારા શરીઅત વિરુદ્ધ શબ્દોના બારામાં ઈર્શાદ ફ઼ર્માવે છે : "મશાઈખની લગઝિશો સુકર તથા હાલ (બેખૂદીની હાલત)નું પરિણામ હોય છે. હાલના ગલબામાં (બેખૂદીના પ્રભાવ હેઠળ) જે કથનો તથા કાર્યો તેમના થકી ઉપસ્થિત થાય છે તે તક઼લીદ તથા ઈત્તેબાઅ (અનુસરવા) માટે જરૂરી નથી, અને તે લોકો (વજદાની કૈફિયતવાળા સૂફીઓ) આ મામલાઓમાં મજબૂર તથા મઅઝૂર છે. અથવા બીજા શબ્દોમાં આપણે એવું કહી શકીએ છીએ કે એ બુઝુર્ગ એ ચીજોમાં બેઈખ્તિયાર હતા." *(મરજુલ બહરૈન, પેજ : ૮૨)*

અને વળી હઝરત શાહ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ બીજા ઠેકાણે લખે છે કે :–

"સૂફીઓની સાથે સારુ ગુમાન અને ખુશ અક઼ીદગીનો ઈઝહાર ઘણો જ જરૂરી છે અને એમના મામલાઓને ટીકા ટીપ્પણ તથા મહેણા ટોણાનું નિશાન બનાવવાને બદલે એવું ગુમાન કરવું જોઈએ કે આ બાબતો જાહેરી રીતે શરીઅત વિરુદ્ધ છે, પણ હક઼ીક઼તમાં મુખાલિફ નથી, અને ધારો કે વિરુદ્ધ પણ હોય તો પણ વજદાની કૈફિયતમાં બહાર પડેલ છે, એ બુઝુર્ગાને દીનની ઈજ્જત તથા કમાલનું મેદાન ટીકા ટીપ્પણ તથા મહેણા ટોણાની ખરાબીથી પાક સાફ છે." *(મરજુલ બહરૈન, પેજ : ૧૩૩)*

સારાંશ કે અલ્લાહના વલીની કોઈ વાત કે અમલ કદી કદી અલ્લાહની મહોબ્બતમાં ગુમ થઈને વજદાની કૈફિયતમાં તે વલી (એ સ્થિતિમાં) પહોંચે છે જેને હાલ કે સુકરનો આલમ કહે છે જેમાં તેમને કોઈ હોશ નથી હોતો, ત્યારે જાહેરી શરીઅતની વિરુદ્ધ જણાતી હોય છે તો ડાયરેક્ટ તેના પર કુફ્ર શિર્કનો હુકમ નથી લગાડી દેવામાં આવતો, જેવું કે ગૈર મુક઼લ્લિદ કહેવાતા અહલે હદીષે સમજ્યા વિના હઝરત ગામધણી رحمۃ اللہ علیہ તથા હઝરત ગ઼ૌષ ગ્વાલિયરી رحمۃ اللہ علیہના વિશે હુકમો ઠોકી દીધા છે !

મારું માનવું છે કે આ ગૈર મુક઼લ્લિદ કહેવાતા અહલે હદીષના માસિક "બઝમે તૌહીદ"માં સુન્નીઓ પર કરવામાં આવેલા આક્ષેપોના જવાબ તથા ખુલાસા માટે આટલું જ લખાણ પૂરતુ છે, જો ખુદાએ સમજ આપી હોય તો આટલા જ ખુલાસાથી ગૈર મુક઼લ્લિદોનો મચાવેલો આખો હંગામો ઠંડો પડી શકે છે. તેમ છતાં વધુ સંતોષ માટે અન્ય લોકોનાં લખાણો આ સંબંધે હાજર કરીએ છીએ :–

## ★ હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી رحمۃ اللہ علیہ વજદના આલમ વિશે શું કહે છે ? ★

શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે :–

"જો એ બુઝુર્ગોની કિતાબોમાં કોઈ એવી વાત જે કુર્આન હદીષના પ્રમાણે ન હોય તો એકદમ તરત જ એમની બુઝુર્ગીના બિસ્તરથી એતેક઼ાદનું મોહરુ ન છીનવી લેવું જોઈએ, એટલે કે બદ્ દિલી (નફરત) જાહેર ન કરવી જોઈએ, કેમ કે **બુઝુર્ગોની ખતા પકડવી અચન ખતા છે.** બલ્કે એમના કલામની તાવીલ કરીને કુર્આન હદીષના પ્રમાણે કરવું જોઈએ. અથવા બેખૂદી તથા હક્ક઼ તઆલાની મહોબ્બતમાં દિવાનગીની કૈફિયત પર ધારે, જો તે તરીક઼તવાળાઓ (સૂફીઓ)નું કલામ હોય."

હુસૈન ઈબ્ને મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہની બાબતે શાહ વલીયુલ્લાહ સાહબ رحمۃ اللہ علیہની માન્યતા પણ જુઓ. આપ "અન્ફાસુલ આરિફીન" પેજ નં. ૨૨૩ પર લખે છે :–

"જ્યાં સુધી ઈબ્ને મન્સૂરને સંબંધ છે, તો એમના બારામાં અબૂ સઈદ ખિરાજે એ રાય આપી છે કે, (અર્થ) : તે પોતાના સમયના સૌથી મોટા તૌહીદી (તૌહીદવાળા) હતા અને એમના જમાનામાં એમના જેવો પૂર્વ તથા પશ્ચિમમાં કોઈ ન હતો."

પછી શાહ વલીયુલ્લાહ સાહબ رحمۃ اللہ علیہ પેજ નં. ૨૪૨ ઉપર ઈબ્ને મન્સૂર હલ્લાજનો મક઼ામ વર્ણવે છે : "એમના કલામ (વાણી) 'અનલ્ હક્ક઼' (હું ખુદા છું)ના કારણે તેમના હાથ કાપી નાખવામાં આવ્યા પણ તે મુસ્કુરાતા રહ્યા અને તેમની દરેક આંગળીએથી 'અનલ્ હક્ક઼'નો અવાજ આવતો રહ્યો. તેમને ફાંસીના માંચડા પર ખેંચવામાં આવ્યા તો પણ 'અનલ્ હક્ક઼' પુકારતા રહ્યા. સળગાવી દેવામાં આવ્યા તો રાખના દરેકે દરેક રજકણથી 'અનલ્ હક્ક઼'નો અવાજ સંભળાયો. આ સર્વ એના કારણે હતું કે તે તૌહીદે રસ્મી પર ન અટકતાં તૌહીદે આલીથી સરફરાઝ થયા હતા."

વિચારો ! ઈબ્ને મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہની 'અનલ્ હક્ક્' (હું ખુદા છું) કહેવાની વાત જાહેરી રીતે સ્પષ્ટપણે કુફ્ર પર આધારિત છે, પરંતું શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, **"તે સૌથી મોટા તૌહીદવાળા હતા અને તૌહીદે આલીથી સરફરાઝ થયા હતા."** એ જ પ્રમાણે અમે પણ કહીએ છીએ કે જો કોઈ સાહિબે હાલ અને જઝ્બ તથા મસ્તીની (વજદાની) કૈફિયતવાળા બુઝુર્ગ થકી આ પ્રકારનો મામલો ખડો થઈ જાય તો એને "હાલ" (વજદાની હાલત) પર આધારિત સમજવામાં આવે અને એના પર ફત્વાબાઝી ન કરવામાં આવે, જેવું કે આ લેખમાં દર્શાવેલ છે તેમ ઈલ્મથી કોરા તથા ભોળા ભટ્ટ ગૈરમુકૃલ્લિદ તંત્રી "બઝ્મે તૌહીદ" (જાન્યુ/ફેબ્રુ. ૨૦૧૫) અંકમાં પોતે કુફ્ર, શિર્ક, બિદઅતની ફત્વાબાઝી કરી બેઠા છે !

## ★ ઈમામ કુશૈરી رحمۃ اللہ علیہ અવલિયાના "હાલ" વિશે શું કહે છે ? ★

ઈમામ અબુલ કાસિમ અબ્દુલ કરીમ બિન હવાઝિન કુશૈરી رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૪૬૫) ઈલ્મો અમલની દુનિયાનું ન મિટનારું નામ છે. આપની મહાન બુઝુર્ગોએ તારીફ કરતાં આપને ઈમામ, ઝાહિદ, કુદવહ, ઉસ્તાઝ, સૂફી તથા મુફસ્સિર, ફકીહ, કાતિબ તથા અઢળક ખૂબીઓના માલિક કહ્યા. મુહદ્દિષ ઈમામ સુબ્કી رحمۃ اللہ علیہ આપના વિશે કહે છે : આપ સમયના અજોડ ફકીહ, સૂફી, મુહક્કિક, મુતકલ્લિમ, આલી મર્તબત, મુહદ્દિષ, હાફિઝ, મુફસ્સિર, નહવી, માહિરે લુગાત તથા ઝબાન પર પકડ ધરાવનારા અદીબ, કાતિબ તથા શાઈર હતા....આપના સમકાલિનો એ વાત પર એકમત છે કે તે પોતાના સમયના સરદાર અને સમયના ઈમામ હતા."

એ મહાન બુઝુર્ગ ઈમામ કુશૈરી رحمۃ اللہ علیہ સૂફીઓના મકામે ફના તથા એ હાલમાં એમના થકી બહાર પડનારા કલામ વિશે કેટલીક વાતો રજૂ કરે છે, જેનો સાર એ છે કે :–

"જ્યારે કોઈ બંદો મખ્લૂકના હુસ્નમાં મગ્ન હોય તો તે પોતાની ઝાત તથા સિફતોથી બેખબર થઈ જાય છે તો ઝાતે ઈલાહીના જલ્વામાં ગુમ તથા મગ્ન થનાર સૂફીની શું હાલત થશે ?! કેમ કે આ જ તે મકામ હોય છે કે જેના પર પહોંચીને સૂફી એવું કલામ કરી બેસે છે જે જાહેરી શરીઅત પર દુરુસ્ત નથી હોતુ તેમજ તેની આ કૈફિયતથી તેનું મઅઝૂર હોવું ઉઘાડુ છે."

આ લખાણથી સ્પષ્ટ થાય છે કે **શરીઅતના પાબંદ** અને **તરીકતની મંઝિલના શેહસવારો** એટલે **અલ્લાહના વલીઓ થકી** રબની મહોબ્બતમાં ગુમ થવાથી જે બેખૂદીની હાલત પેદા થાય છે તેમાં કોઈ શરીઅત વિરુદ્ધની બાબત જાહેર થઈ જાય તો તેમના પર ધડાધડ હુકમો લાગુ કરવામાં ન આવે. હઝરત ગામધણી رحمۃ اللہ علیہ તથા હઝરત ગૌષ ગ્વાલિયરી رحمۃ اللہ علیہનો કિસ્સો પણ આ જ પ્રકારનો હોય તેમના પર ટીકા ટીપ્પણ જાઈઝ નથી.

## ★ ગૈર મુકલ્લિદો જેના મુકલ્લિદ (!) છે તે ઈબ્ને તૈમિયહ શું કહે છે ?! ★

વહાબીઓના ટોચના ગુરૂ ઈબ્ને તૈમિયહ પોતાની કિતાબ "ફતાવા ઈબ્ને તૈમિયહ, ૫/૨૯૮ પર લખે છે : "એ જ પ્રમાણે તે લોકો પણ સૂફિયાના મશાઈખમાંથી છે કે જેમને ફના તથા સુકર (ખુદાની યાદમાં દીવાનગીની કૈફિયત) લાગુ થઈ ગયેલ છે કે જેણે તેમની સમજને કમજોર કરી આપેલ છે, ત્યાં સુધી કે તેમણે આ 'હાલ'માં એવી વાતો કરી કે જ્યારે તે હાલતે સુહ્વ (હોશની સ્થિતિ)માં

આવ્યા તો તેમણે સમજી લીધું કે તેમણે આ મામલામાં ગલતી કરી છે. જેમ કે આ રીતની (મઝજૂબાના હાલતમાં થતી બેખૂદીભરી વાતો) બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ, અબુલ હસન નૂરી رحمۃ اللہ علیہ તથા અબૂબક્ર શિબ્લી رحمۃ اللہ علیہ જેવા લોકો થકી બહાર પડી."

વિચાર કરો ! વહાબી ગુરૂ **ઈબ્ને તૈમિયહએ હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ, હઝરત અબૂબક્ર શિબ્લી رحمۃ اللہ علیہ તથા હઝરત અબુલ હસન નૂરી رحمۃ اللہ علیہ તથા અન્ય એ લોકોને કે જેમના થકી જાહેરી રીતે સ્પષ્ટપણે ગૈર શરઈ વાણી પ્રદર્શિત થઈ છે તેમ છતાં સર્વ કાંઈ સાંભળવા તથા સમજવા છતાં તે સૂફીઓ પર કુફ્રનો ફત્વો નથી આપ્યો,** બલ્કે સ્પષ્ટપણે તેમના સુકરની તથા બેખૂદીની હાલતને તેમનો ઉઝર (મજબૂરી) બતાવીને તેમને મઅઝૂર બતાવ્યા છે. ન તેમણે એ સૂફીઓ પર વાંધો ઉઠાવ્યો ન તો તેમણે તેઓના થકી આ "હાલ"માં થતી મઝજૂબાના હરકતોની ટીકા કરી. એથી ઉલ્ટુ આ છીછરા જ્ઞાનવાળા "બઝમે તૌહીદ"ના ગૈર મુકલ્લિદ તંત્રી આ બાબતે ટીકાઓનો વરસાદ કરી રહ્યા છે તો તેમણે આ લખાણોથી બોધ લેવો જોઈએ.

વળી એક ઠેકાણે એ જ ઈબ્ને તૈમિયહ અવલિયા થકી આલમમાં થતી જાહેરી ગૈર શરઈ હરકતોની વાત કરતાં અમુક એવી વાતો રજૂ કર્યા બાદ લખે છે ! "આ કથનોની જેમ અમુક મશહૂર મશાઈખ થકી વજદાની કૈફિયતમાં જાહેરી રીતે ગૈર શરઈ વાતો પ્રદર્શિત થઈ છે. એનો આધાર એ છે કે ક્યાં તો કહેવામાં આવશે કે આ વાતો એ બુઝુર્ગોએ કરી જ નથી, બલ્કે આ એમના પર જૂઠ થોપવામાં આવ્યું છે. અને જો એને સ્વીકારી લેવામાં આવે (કે એવું કર્યું છે) તો એમનાથી ગલતી થઈ છે. અને આ રીતની હરકતોનું જાહેર થવું એમના થકી સુકરની હાલત કે હાલ (વજદાની કૈફિયત)ના પ્રભાવ હેઠળ અથવા મકામે ફનામાં થયું છે કે જેના કારણે માણસની સમજ શક્તિ (તમીઝ) ખત્મ થઈ જાય છે અથવા પછી ઘણી કમજોર થઈ જાય છે, અને સુકર (યાદે ઈલાહીમાં દીવાનગીની કૈફિયત) એક લિજ્જત છે જે તમીઝના અદ્રશ્ય થવા પર હાંસલ થાય છે." આ લખાણ પોતાના જ પેશ્વાનું એ ગૈર મુકલ્લિદ "બઝમે તૌહીદ" માસિકવાળા મહાશય વારંવાર વાંચે અને કાંઈ તો બોધ લે !

### ★ હે ગૈર મુકલ્લિદો ! તમારા અગ્રણી મોલ્વીઓનું તો માનો ! ★

મોલ્વી અબ્દુલ્લાહ રૂપળી જે ગૈર મુકલ્લિદોના મશહૂર આલિમ છે તે આ બાબતે લખે છે : "ઈબ્ને અરબી رحمۃ اللہ علیہ તથા જામી رحمۃ اللہ علیہના કલેમાત (વાકયો) આ તૌહીદમાં શંકાસ્પદ છે એટલા માટે અમુક લોકો એમના હક્કમાં સારી માન્યતા ધરાવે છે તો અમુક બુરી. ઈબ્ને તૈમિયહ વગેરે, ઈબ્ને અરબી رحمۃ اللہ علیہથી ખૂબ જ બદઝન છે એ જ પ્રમાણે રૂમી رحمۃ اللہ علیہ તથા જામી رحمۃ اللہ علیہને કેટલાયે ઉલમા બુરા કહે છે. પણ મારો ખયાલ છે કે જ્યારે એમનું કલામ એહતેમાલ (વિવિધ સંભાવના)વાળુ છે. જેમ કે જામીનું કલામ જે ઉપર વર્ણન થઈ ચૂક્યું અને તે હકીકતમાં ઈબ્ને અરબી رحمۃ اللہ علیہનું છે, કેમ કે ઈબ્ને અરબી رحمۃ اللہ علیہની કિતાબ "અવારિફુલ મઆરિફ"થી લીધેલ છે, જેથી એમના હક્કમાં બદગુમાની સારી નથી. એ જ પ્રમાણે રૂમી رحمۃ اللہ علیہને ખયાલ કરી લેવા જોઈએ. સારાંશ કે શક્ય ત્યાં સુધી ફત્વામાં સાવધાની હોવી જોઈએ, જ્યાં સુધી પૂરી તસલ્લી ન થાય ત્યાં સુધી ફત્વો ન લગાડવો જોઈએ, ખાસ કરીને જ્યારે કે તેઓ ગુજરી ચૂક્યા અને તેમનો મામલો ખુદાને સુપરત થઈ ચૂક્યો તો હવે ઉખેડવાની શું જરૂરત છે ?"

*(ફતાવા એહલે હદીષ, ૧–/૧૫૧)*

## ★ એહલે હદીષ તથા દેવબંદીઓના ગુરૂ ઈસ્માઈલ દહેલ્વી શું કહે છે ? ★

મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી પોતાની કિતાબ ''સિરાતે મુસ્તક઼ીમ''માં લખે છે : ''એ જ પ્રમાણે જ્યારે એ તાલિબના કામિલ નફસને રહમાની કશિશ (આકર્ષણ) અને જઝ્બની મોજો તળિયે ખેંચીને લઈ જાય છે તો ''અનલ્ હક્ક઼'' (હું ખુદા છું) તથા ''લયૂસ ફી જયૂબી સિવલ્લાહ'' (સીનામાં અલ્લાહ સિવાય કોઈ નથી)નો અવાજ એમનામાંથી બહાર પડવા લાગે છે, અને આ હદીષે કુદ્સી (અલ્લાહ ફર્માવે છે) : હું તેના કાન બની જાઉં છું જેનાથી તે જુએ છે, અને તેનો હાથ બની જાઉં છું જેના વડે તે પકડે છે, અને તેની ઝબાન બની જાઉં છું જેના વડે તે બોલે છે.'' એ દૃષ્ટાંતની હિકાયતથી છે. અને હદીષ કે, ''જ્યારે અલ્લાહે પોતાના નબીની ઝબાનથી કહ્યું, અલ્લાહની હમ્દ કરનારની હમ્દ અલ્લાહે સાંભળી.'' અને હદીષ કે ''અલ્લાહે તેનું સાંભળ્યું જેણે તેની હમ્દ કરી.''' અને હદીષ કે, ''અલ્લાહ પોતાના નબીની ઝબાનથી જે ચાહે એ ફૈસલો ફર્માવે છે.''

આનાથી લગતુ છે અને આ અતિશય બારીક વાત અને અતિશય નાઝુક મસ્અલો છે, જેથી જોઈએ કે એમાં ખૂબ જ ધીરજ તથા વિચારણા કરે અને એની તફસીલને અન્ય મક઼ામ પર છોડે. અને કદાપિ નહીં ! ખબરદાર ! આ મામલા પર આશ્ચર્ય ન કરશો અને ઈન્કારથી પેશ ન આવશો, કેમ કે જ્યારે વાદીએ અક઼દસની આગથી અવાજ ''ઈન્ની અનલ્લાહુ રબ્બુલ આલમીન'' (બેશક ! હું જ અલ્લાહ છું જે સર્વ જહાનોનો પાલનહાર છે) આવતો હતો, તો પછી અશ્રફુલ મખ્લૂક઼ાત (માનવી)થી જે હઝરત ઝાતે ખુદાનો જલ્વો છે તેનાથી જો ''અનલ હક્ક઼'' (હું ખુદા છું)નો અવાજ બહાર પડે તો કોઈ આશ્ચર્યની વાત જ શું છે ?!'' ગૈર મુક઼લ્લિદ ''બઝમે તૌહીદ'' માસિકવાળા આને વાંચે અને સમજવા કોશિશ કરે અને પોતાની શાનને ઠેકાણે લાવે, કે આ એમના જ ખાસ પેશવાનું લખાણ છે.

## ★ ગૈર મુક઼લ્લિદ પેશ્વા નવાબ ભોપાલી આ બાબતે શું કહે છે ? ★

ગૈર મુક઼લ્લિદ કહેવાતા એહલે હદીષોના મુજદ્દિદ ! નવાબ સિદ્દીક઼ હસનખાં ભોપાલી, શયખે અકબર મુહયુદ્દીન ઈબ્ને અરબી رحمۃ اللہ علیہ તથા અન્ય સૂફીઓના મઝજૂબાના હાલતમાં થતાં બેખૂદીભર્યાં જાહેરી શરીઅત વિરૂધ્ધ કામો વિશે પોતાનું મંતવ્ય દર્શાવે છે : (અર્થ) ''પસંદીદા (રાજેહ) મઝહબ (વજદાની હાલતમાં થતાં કામો)ના બારામાં એ છે જેને અપનાવવામાં આવે, મોહક્કિ઼ક ઉલમા જે ઈલ્મ તથા અમલ અને શરીઅત તથા તરીક઼તના સંગમ છે એમનું મંતવ્ય એ છે કે શયખ ઈબ્ને અરબી رحمۃ اللہ علیہના બારામાં સુકૂત (મૌન ધારણ) કરવામાં આવે, અને તેમનાં એવા કલામને જે જાહેરી રીતે શરીઅતની વિરૂધ્ધ છે તેની તાવીલ કરીને અચ્છાઈ પર ધારવામાં આવે, અને પોતાની જીભને શયખ ઈબ્ને અરબી رحمۃ اللہ علیہ તથા એમના સિવાય **એ મશાઈખ કે જેમનો તક઼્વો દીનમાં સાબિત છે અને તેમનો ઈલ્મી મક઼ામ દુનિયામાં મુસલમાનો પર જાહેર છે** તેમની તકફીરથી (કાફિર કહેવાથી) પણ રોકવામાં આવશે.''

આટલાં ગૈર મુક઼લ્લિદોનાં ઘરનાં પણ દૃષ્ટાંતો અત્રે રજૂ કર્યાં એના પરથી ભરૂચથી નીકળતા ગૈર મુક઼લ્લિદ કહેવાતા એહલે હદીષ માસિક ''બઝમે તવહીદ'' વાળાએ સપ્ટે. ૧૯૯૩ અલમુઈન માસિક (થામ, જિ. ભરૂચ)ના લખાણની જે ઠેકડી ઉડાવી છે તેનાથી તૌબા કરી લેવી જોઈએ. અને એવું ન કરે તો હઠધર્મીનો કોઈ ઈલાજ નથી. એવા ગુમરાહોથી સુન્નીઓએ દૂર રહેવું જોઈએ અને બચવું જોઈએ અને એવા માટે તો એટલું જ કહી શકાય કે કોઈકે સરસ કહ્યું છે કે : *ખુદા જબ દીન લેતા હૈ તો અકલેં છીન લેતા હૈ !*

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન

અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ

## સૂરએ બક઼રહની તફસીર

**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

يٰۤاَيُّهَا النَّاسُ
كُلُوْا مِمَّا فِی الْاَرْضِ حَلٰلًا طَيِّبًا ۖ وَّلَا تَتَّبِعُوْا
خُطُوٰتِ الشَّيْطٰنِ ؕ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ﴿۱۶۸﴾ اِنَّمَا
يَاْمُرُكُمْ بِالسُّوْٓءِ وَالْفَحْشَآءِ وَاَنْ تَقُوْلُوْا عَلَى
اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿۱۶۹﴾ وَاِذَا قِيْلَ لَهُمُ اتَّبِعُوْا
مَآ اَنْزَلَ اللّٰهُ قَالُوْا بَلْ نَتَّبِعُ مَآ اَلْفَيْنَا عَلَيْهِ
اٰبَآءَنَا ؕ اَوَلَوْ كَانَ اٰبَآؤُهُمْ لَا يَعْقِلُوْنَ شَيْـًٔا وَّلَا
يَهْتَدُوْنَ ﴿۱۷۰﴾ وَمَثَلُ الَّذِيْنَ كَفَرُوْا كَمَثَلِ الَّذِیْ
يَنْعِقُ بِمَا لَا يَسْمَعُ اِلَّا دُعَآءً وَّنِدَآءً ؕ صُمٌّۢ
بُكْمٌ عُمْیٌ فَهُمْ لَا يَعْقِلُوْنَ ﴿۱۷۱﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ
اٰمَنُوْا كُلُوْا مِنْ طَيِّبٰتِ مَا رَزَقْنٰكُمْ وَاشْكُرُوْا
لِلّٰهِ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ ﴿۱۷۲﴾ اِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ
الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ الْخِنْزِيْرِ وَمَآ اُهِلَّ بِهٖ لِغَيْرِ
اللّٰهِ ۚ فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَّلَا عَادٍ فَلَآ اِثْمَ
عَلَيْهِ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۱۷۳﴾ اِنَّ الَّذِيْنَ يَكْتُمُوْنَ
مَآ اَنْزَلَ اللّٰهُ مِنَ الْكِتٰبِ وَيَشْتَرُوْنَ بِهٖ ثَمَنًا
قَلِيْلًا ۙ اُولٰٓئِكَ مَا يَاْكُلُوْنَ فِیْ بُطُوْنِهِمْ اِلَّا النَّارَ

*હે લોકો ! ખાઓ જે કંઈ જમીનમાં હલાલ પાક છે અને શયતાનના પગલે પગલું ન મૂકો, બેશક! તે તમારો ખુલ્લો દુશ્મન છે (૧૬૮) અને તે તો તમને આ જ હુકમ આપશે બદી અને બેહયાઈનો અને એ કે અલ્લાહ પર એવી વાત જોડો જેની તમને ખબર નથી (૧૬૯) અને જ્યારે તેમને કહેવામાં આવે અલ્લાહના ઉતારેલા પર ચાલો[૪૩] તો કહે બલ્કે અમે તો તેના પર ચાલીશું જેના પર અમારા બાપ–દાદાઓને જોયા, શું જો તેમના બાપ–દાદા ન કંઈ બુદ્ધિ ધરાવતા હોય ન હિદાયત[૪૪] (તો પણ તેમના માર્ગે ચાલશે ?) અને કાફિરોનું દ્રષ્ટાંત તેના જેવું છે જે બોલાવે એવાને જે માત્ર બૂમબરાડા સિવાય કંઈ જ ન સાંભળે[૪૫] અને બહેરા ગુંગા આંધળા તો તેમને સમજ નથી[૪૬] (૧૭૧) હે ઈમાનવાળાઓ ! ખાઓ અમારી આપેલી સ્વચ્છ ચીજો અને અલ્લાહનો આભાર માનો[૪૭] જો તમે તેને જ પૂજતા હોય (તો) (૧૭૨) તેણે આટલાં જ તમારા પર હરામ કર્યા છે મુરદાર[૪૮] અને લોહી[૪૯] અને સુવરનું માંસ[૫૦] અને તે જાનવર જે ખુદા સિવાય બીજાનું નામ લઈને ઝુબહ કરવામાં આવ્યું (હોય)[૫૧] તો જે લાચાર હોય[૫૨] ન એ કે ઈચ્છાથી ખાય અને ન એ કે આવશ્યકતાથી આગળ વધે તો તેના પર ગુન્હો નથી, બેશક ! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૭૩) તેઓ જે છુપાવે છે[૫૩] અલ્લાહની ઉતારેલી કિતાબ અને એના બદલે લે છે તુચ્છ કિંમત[૫૪] તે પોતાના પેટોમાં અગ્નિ જ ભરે*

وَلَا يُكَلِّمُهُمُ اللّٰهُ يَوۡمَ الۡقِيٰمَةِ وَلَا يُزَكِّيۡهِمۡ ۚۖ وَلَهُمۡ عَذَابٌ اَلِيۡمٌ ﴿۱۷۴﴾ اُولٰٓئِكَ الَّذِيۡنَ اشۡتَرَوُا الضَّلٰلَةَ بِالۡهُدٰى وَالۡعَذَابَ بِالۡمَغۡفِرَةِ ۚ فَمَآ اَصۡبَرَهُمۡ عَلَى النَّارِ ﴿۱۷۵﴾ ذٰلِكَ بِاَنَّ اللّٰهَ نَزَّلَ الۡكِتٰبَ بِالۡحَقِّ ؕ وَاِنَّ الَّذِيۡنَ اخۡتَلَفُوۡا فِى الۡكِتٰبِ لَفِىۡ شِقَاقٍۢ بَعِيۡدٍ ﴿۱۷۶﴾

*છે[૫૫] અને અલ્લાહ ક્યામતના દિવસે તેમનાથી વાત નહીં કરે અને ન તેમને સ્વચ્છ કરશે અને તેમના માટે દુ:ખદાયક અઝાબ છે (૧૭૪) (આ) તે લોકો છે જેમણે હિદાયતના બદલે ગુમરાહી ખરીદી લીધી અને મગફેરત (મોક્ષ)ને બદલે અઝાબ (ખરીદયો) તો તેમને આગ (માં જવા)ની કેટલી ધીરજ છે (૧૭૫) આ એટલા માટે કે અલ્લાહે કિતાબ હ્કની સાથે ઉતારી, અને બેશક ! જે લોકો કિતાબમાં વિખવાદ નાખવા લાગ્યા[૫૬] તે જરૂર પ્રથમ કક્ષાના ઝઘડાખોર છે (૧૭૬)*

## :: સમજૂતી ::

શાને નુઝૂલ :–

**૪૨.** આ આયત તે લોકો વિશે ઉતરી જેઓએ સાંઢ વિગેરેને હરામ જાહેર કર્યો હતો, આનાથી સાબિત થયું કે અલ્લાહ તઆલાએ હલાલ કરેલી વસ્તુઓને હરામ ઠરાવવી એ તેની રઝ્ઝાક્યિત સામે બળવો પોકારવા જેવું છે. મુસ્લિમ શરીફની રિવાયતમાં છે, અલ્લાહ પાક ફર્માવે છે, જે માલ હું મારા બન્દાઓને આપુ છું તે તેમના માટે હલાલ છે. અને એ હદીષમાં જ છે કે મેં મારા બંદાઓને અસત્યથી વેગળા પેદા કર્યા, પછી એમના પાસે શયતાનો આવ્યા અને એમને દીનથી અલગ કર્યા, જે મેં એમના માટે હલાલ કર્યું હતું તેને હરામ ઠરાવ્યું.

એક બીજી હદીષમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે મેં આ આયત હુઝૂર ﷺ સામે તિલાવત કરી ત્યારે હઝરત સઅદ બિન વક્કાસ رضی اللہ عنہએ ઉભા થઈને વિનંતિ કરી કે યા રસૂલુલ્લાહ ! મારા માટે દુઆ ફર્માવો કે હું મુસ્તજાબુદઅવાત (જેની દુઆ કબૂલ થાય એવો માણસ) બની જાઉં. હુઝૂરે ફર્માવ્યું, **હે સઅદ ! પોતાનો ખોરાક પાક કરો મુસ્તજાબુદઅવાત બની જશો.** તે પવિત્ર ઝાતના સોગંદ ! જેના દસ્તે કુદરતમાં મુહમ્મદ ﷺનો જીવ છે, મનુષ્ય **જ્યારે પોતાના પેટમાં હરામનો લુકમો નાખે છે ત્યારે ૪૦ દિવસો સુધી કબૂલિયતથી મહરૂમ રહે છે.**

**૪૩.** તવહીદ અને કુર્આન પર ઈમાન લાવો અને પાક વસ્તુઓને હલાલ જાણો જેને અલ્લાહે હલાલ કરી છે.

**૪૪.** જ્યારે બાપદાદા ધર્મની બાબતોને સમજતા ન હોય અને સીધા રસ્તે ન હોય ત્યારે તેમની તાબેદારી કરવી મૂર્ખતા છે.

**૪૫.** એટલે કે જે રીતે પશુઓ એમને ચરાવનારનો માત્ર અવાજ જ સાંભળે છે અને તેની વાતનો અર્થ સમજતા નથી એવી જ આ કાફિરોની પરિસ્થિતિ છે કે માત્ર હુઝૂર ﷺનો અવાજ જ સાંભળે છે અને એનો મહીમા હૃદયમાં બેસાડીને માર્ગદર્શન આપનારી એ મુબારક વાણીથી ફાયદો પ્રાપ્ત કરતા નથી.

**૪૬.** એટલા માટે કે તેમણે સત્ય વાત સાંભળીને ફાયદો ન ઉઠાવ્યો. સત્ય વાત તેમના મોઢા પર ચાલુ ન થઈ નસીહતોથી ફાયદો ન મેળવ્યો.

**૪૭.** આ આયતથી પુરવાર થયું કે અલ્લાહ તઆલાની નેઅમતોના બદલે તેનો શુક્ર (આભાર) કરવો વાજિબ છે.

**૪૮.** જે હલાલ જાનવર ઝુબેહ કર્યા વગર મરી જાય અથવા તેને શરીઅતે દર્શાવેલી રીત વિરૂદ્ધ મારી નાખવામાં આવે જેમ કે ગળુ દાબીને અથવા લાકડી, પથ્થર, ગોળી વિગેરે મારીને મારી નાખવામાં આખવામાં આવે. અથવા તે પડી જઈને મરી ગયું હોય

અથવા બીજા જાનવરે શિંગડાથી મારી નાખ્યું હોય અથવા કોઈ શિકારી જાવનરે મારી નાખ્યું હોય તેને મુરદાર કહે છે. અને જીવતા જાનવરના શરીરનો જે ભાગ કાપી લેવામાં આવ્યો હોય તે પણ આમાં જ ગણાય છે.

**મસ્અલો** : મુરદાર જાનવરનું માંસ હરામ છે. પણ તેનું પકાવેલું ચામડું ઉપયોગમાં લેવું, તેના વાળ, શિંગડાં, હાડકાં, ખડીઓ ઈત્યાદીથી ફાયદો ઉઠાવવો જાઈઝ છે. *(અહમદી)*

**૪૯.** લોહી દરેક જાનવરનું હરામ છે જો તે વહેવાની શક્તિ ધરાવતું હોય તો.

**૫૦.** સુવ્વર "નજિસુલઐન" (નરી નાપાકી) છે, એનું માંસ, ચામડુ, વાળ, નખ વિગેરે એના શરીરનો દરેક ભાગ નાપાક અને હરામ છે. કોઈનો પણ ઉપયોગ કરવો જાઈઝ નથી, અહીં માત્ર માંસનું બયાન એટલા માટે કરવામાં આવ્યું છે કે ઉપરથી ખાવાનું બયાન થઈ રહેલું છે.

**૫૧. મસઅલો** : જે જાનવરને ઝુબહ કરતી વખતે ખુદા સિવાય બીજાનું નામ લેવામાં આવે. એકલુ તેનું જ નામ અથવા ખુદાના નામની સાથે અથવા એના જેવો અર્થ ધરાવતા બીજા શબ્દો વડે જોડીને નામ લેવામાં આવે તો તે હરામ છે.

**મસઅલો** : જો ખુદાના નામની સાથે બીજાનું નામ વચમાં કોઈ પણ શબ્દ બોલ્યા વગર જોડવ્યું તો મકરૂહ છે.

**મસઅલો** : ઝુબહ તો ફક્ત અલ્લાહના નામથી જ કર્યું અને તેના પહેલાં યા પછી બીજાનું નામ લીધું. દા.ત. કહ્યું કે અકીકાનો બકરો અથવા વલીમાનું ઘેટું અથવા જેના તરફથી તે જાનવર ઝુબહ કરાયું છે તેનું નામ લીધું અથવા જે અવલિયા અલ્લાહને સવાબ પહોંચાડવા ઝુબહ કર્યું છે તેમનું નામ લીધું, તો એ જાઈઝ છે, એમાં કશો વાંધો નથી. *(તફસીરે અહમદી)*

**૫૨.** મુઝતર તેને કહે છે કે જે હરામ ચીજને ખાવા માટે લાચાર બની ગયો હોય, અને એને ન ખાવાથી જીવ પર બની આવવાની બીક હોય, યા તો ભૂખ અને નાદારીના કારણે જીવ નીકળી જવાનો ડર હોય અને ન ખાવાથી જાન જવાનો ખોફ હોય એવી પરિસ્થિતિમાં હરામ વસ્તુને એટલા પ્રમાણમાં ખાઈ લેવી કે જીવ બચી જાય તો તે જાઈઝ છે.

**૫૩. શાને નુઝૂલ** : યહૂદીઓના ધર્મગુરૂઓ અને સરદારો જેમને એવી આશા હતી કે અંતિમ સમયના રસૂલ તેમનામાં જ જાહેર થશે, જ્યારે તેઓએ જોયું કે હુઝૂર ﷺનો જન્મ તો બીજી કોમમાં થયો, ત્યારે તેઓને ચિંતા લાગી કે તવરાત અને ઈન્જીલમાં હુઝૂર ﷺની ઓળખ જોઈને લોકો તેમની તાબેદારી માટે ઝુકી પડશે, તો એમનાં નઝરાણાં, ભેટો વિગેરે બંધ પડી જશે, સરદારી જતી રહેશે, આવા વિચારે તેઓને ઈર્ષા જાગી, અને તવરાત તથા ઈન્જીલમાં જે હુઝૂરની ઓળખ અને આપના ગુણો તથા જાહેર થવાના સમય વિગેરેનું જે બયાન હતું તેને છુપાવ્યું, ત્યારે આ આયત ઉતરી.

**મસઅલો** : કિતાબમાં લખેલી બાબત કોઈને જાણવા ન દેવી, કોઈને પઢીને ન સંભળાવવી ન કોઈને બતાવવી અને તેની ખોટી તાવીલો (ખુલાસા) કરવી, અર્થ બદલીને ખરા અર્થને છુપાવવો. એ તમામ છુપાવવાના હુકમમાં છે.

**૫૪.** અર્થાત દુનિયાના તુચ્છ ફાયદા માટે સત્ય છુપાવે છે.

**૫૫.** કારણ કે આ લાંચ રૂશ્વત અને આ હરામનો માલ જે એમણે સત્ય છુપાવવાના બદલામાં લીધો છે તે એમને દોઝખની અગ્નિમાં પહોંચાડશે.

**૫૬. શાને નુઝૂલ** : આ આયત યહૂદીઓ વિશે ઉતરી, તેઓએ તવરાતમાં વિખવાદ જગાડયો. અમુકે એને હક્ કહ્યું, અમુકે જૂઠ, અમુકે ખોટા અર્થઘટનો કર્યા. એક મંતવ્ય એવું છે કે આ આયત મુશ્રિકો વિશે ઉતરી. આ મંતવ્ય મુજબ કિતાબનો મતલબ કુર્આન થાય છે. અને એમનો વિખવાદ એ છે કે એમનામાંથી અમુક કુર્આનને શાયરી કહેતા હતા જ્યારે અમુક જાદૂ કહેતા હતા, અને અમુક જ્યોતિષશાસ્ત્રનું નામ આપતા હતા.

**હદીષ : (બીજો વિભાગ)** *હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلم ને એ શખ્સના બારામાં પૂછવામાં આવ્યું જે તરી (ભીનાશ) તો પામે અને ખ્વાબ યાદ ન હોય. ફર્માવ્યું, ગુસ્લ કરે. અને એના બારામાં પૂછવામાં આવ્યું, જે ખયાલ કરે કે તેને સ્વપ્નદોષ થયો છે અને ભીનાશ ન જોવા મળે. ફર્માવ્યું, એના માટે ગુસ્લ નથી[૧]. ઉમ્મે સુલૈમે અર્ઝ કરી કે શું સ્ત્રી પર પણ ગુસ્લ છે જે એવું જુએ ? ફર્માવ્યું, હા ! સ્ત્રીઓમાં પુરૂષોની જેમ છે[૨]. એને તિર્મિઝી તથા અબૂ દાઊદે રિવાયત કરી અને દારમી તથા ઈબ્ને માજહએ لَا غُسْلَ عَلَيْهِ સુધી રિવાયત કરી.*

*એમનાથી જ રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જ્યારે ખત્ના ખત્નામાં ગાયબ થઈ જાય તો ગુસ્લ વાજિબ છે. મેં તથા રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ એ અમલ કર્યો તો અમે ગુસ્લ કર્યુ[૩]. (તિર્મિઝી, ઈબ્ને માજહ)*

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે દરેક વાળની નીચે નાપાકી છે જેથી વાળ ધૂઓ તથા ચામડી સાફ કરો[૪]. (અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ) તિર્મિઝી કહે છે, આ હદીષ ગરીબ છે અને હારિષ બિન વજીહ રાવી વૃધ્ધ હતા, આ મકામને લાયક નથી[૫].*

*હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છેકે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જે જનાબતમાં એક વાળની જગા છોડી આપે, જેને ન ધૂએ તો એને આગમાં આવો આવો અઝાબ કરવામાં આવશે[૬]. હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે કે એટલા માટે હું મારા વાળોનો દુશ્મન છું ! એટલા માટે હું મારા વાળોનો દુશ્મન છું ! એટલા માટે મારા વાળોનો દુશ્મન છું ! ત્રણ વાર[૭]. એને અબૂ દાઊદ, દારમીએ રિવાયત કરી, પણ એ બંનેવે વારંવાર રિપીટ નથી કર્યુ, એટલા માટે દુશ્મન થઈ ગયો હું મારા માથાનો.*

*હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلم ગુસ્લ પછી વુઝૂ કરતા ન હતા[૮]. (તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)*

*એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلم પોતાનુ મુબારક માથુ નાપાકીની હાલતમાં ખતમી (એક પ્રકારની ઘાસ જે દવારૂપે વપરાતી)થી ધોતા અને એના પર અટકતા[૯] કે માથા પર પાણી ન નાખતા[૧૦]. (અબૂ દાઊદ)*

*હઝરત યઅલાથી[૧૧] રિવાયત છે, ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلم એ એક શખ્સને મેદાનમાં નહાતો જોયો[૧૨] તો આપ મિમ્બર પર ચઢયા પછી અલ્લાહની હમ્દો ષના કરી, પછી ફર્માવ્યું કે અલ્લાહ તઆલા હયાદાર છે પર્દાપોશ છે, હયા તથા પર્દાને પસંદ કરે છ[૧૩]. તો જ્યારે તમારામાંથી કોઈ સ્નાન કરે તો પર્દો કરી લીધા કરે. (અબૂ દાઊદ, નિસાઈ) અને નિસાઈની રિવાયતમાં છે કે અલ્લાહ પર્દાપોશ છે, જ્યારે તમારામાંથી કોઈ સ્નાન કરવા ચાહે તો કોઈ ચીજ વડે આડ કરી લીધા કરે[૧૪].*

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** કેમ કે સ્વપ્નદોષમાં વિર્ય સ્ખલન થવું ગુસ્લ વાજિબ કરે છે. ખ્વાબ યાદ હોય કે ન હોય તરી (ભીનાશ) મુત્લક્ ગુસ્લ વાજિબ કરી દેશે, ભલે મઝીની હોય, કેમ કે પાતળુ વિર્ય મઝી જ જણાય છે. એ જ આપણો મઝહબ છે. આ હદીષ આપણી (હનફીઓની) દલીલ છે.

**૨.** એટલે કે મોટાભાગના હુકમો પુરૂષો સ્ત્રીઓના સરખા છે, એટલા માટે કુર્આન તથા હદીષમાં પુરૂષ વાચકના સેગા વપરાય છે અને સ્ત્રીઓ એમાં સામેલ હોય છે. શક઼ાઈક઼ એ બહુવચન છે, ટુકડા તથા હિસ્સાના અર્થમાં. એટલા માટે ભાઈને શક઼ીક઼ કહેવામાં આવે છે. હઝરત હવ્વા, આદમ عليه السلامના બદનનો હિસ્સો હતાં, જેથી સ્ત્રીઓ પુરૂષોનો હિસ્સો છે.

**૩.** ઉમ્મુલ મોમિનીને પોતાના ફેઅલ (વર્તાવ)નો ઉલ્લેખ યક઼ીનને પ્રદર્શિત કરવા માટે કર્યો, એટલે કે હું મસ્અલો સાંભળેલો સંભળાવેલો નથી કહી રહી, બલ્કે હુઝૂરની મૌજૂદગીમાં એના પર અમલ કરીને અનુભવ કરી ચૂકી છું. અને એની જરૂરત એટલા માટે ઉપસ્થિત થઈ કે આ મસ્અલામાં મુહાજિરો તથા અન્સારમાં ઘણો મતભેદ ખડો થઈ ગયો હતો. અન્સાર કહેતા હતા કે વિર્ય સ્ખલન વિના ગુસ્લ વાજિબ નથી. ત્યારે અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہએ કહ્યું કે તમે ઝઘડો ન કરો, હું એનો ફૈસલો હઝરત આઈશા رضی اللہ عنہاથી કરાવું છું. જરૂરતના મોક઼ા પર કુર્આને કરીમ પણ આવી ચીજોની સ્પષ્ટતા કરે છે : بَعْدَ ذٰلِكَ زَنِيْمٍ لِفُرُوْجِهِمْ حٰفِظُوْنَ અને ફર્માવ્યું : વગેરે.. જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

**૪.** આ હદીષથી બે મસ્અલા જાણવા મળ્યા, એક એ કે ગુસ્લમાં શરીરના સર્વ વાળો પલાળવા ફર્ઝ છે. જો એક વાળ પર સૂકો રહી ગયો તો ગુસ્લ ન થશે. બીજુ એ કે જો શરીર પર સૂકી માટી, ગુંદેલો આટો અથવા મીણ લાગેલું રહી ગયું જેની નીચે પાણી ન પહોચ્યું તો પણ ગુસ્લ ન થશે. જેથી જો નખો ઉપર નેલ પોલિશ લાગેલી છે તો ગુસ્લ દુરુસ્ત નથી, કેમ કે એની નીચે પાણી પહોંચશે નહીં. યાદ રાખશો કે ગાઢ દાઢી વુઝૂમાં આડરૂપ નથી, કેમ કે એમાં ઘણી તકલીફ છે, વુઝૂ દરરોજ કેટલીયે વાર કરવામાં આવે છે, પણ ગુસ્લમાં એની નીચે પાણી પહોંચાડવું જોઈએ. *(મિર્ક઼ાત)*

**૫.** એટલે કે વૃધ્ધાવસ્થાના કારણે એમની યાદ શક્તિ કમજોર થઈ ગઈ હતી, એટલા માટે એમની રિવાયત પૂર્ણપણે મજબૂત નથી. "શયખ" અદાલતની વ્યાખ્યા અને યાદશક્તિ જિરહના માટે આવે છે, અહીં જિરહના માટે આવ્યો છે જેમ કે આગલા લખાણથી જાહેર છે.

**૬.** એટલે કે અઝાબ પર અઝાબ થશે, એક તો નાપાક રહેવાનો બીજો સર્વ નમાઝો બર્બાદ કરવાનો, જેથી ગુસ્લમાં ખૂબ જ સાવધાની હોવી જોઈએ. દૂંટી બગલ, કાનની પટ્ટી, એમાં ખૂબ જ ખયાલ સાથે પાણી પહોંચાડે, કેમ કે અહીં મોટાભાગે ધ્યાન વગર પાણી નથી પહોંચતુ.

**૭.** એટલે કે એમને ઝુલ્ફો નથી રખાવતો, હમેશાં વાળ કપાવતો કે મૂંડાવતો રહું છું. યાદ રાખશો કે નબી કરીમ ﷺ અને સર્વ સહાબાએ હજ સિવાય કદી માથુ નથી મૂંડાવ્યું. આ હદીષથી મુર્તઝા رضی اللہ عنہનું હમેશાં માથુ મૂંડાવવું સાબિત નથી થઈ શક્તું. શક્ય છે કે આપ વાળ કપાવતા હોય. જો મૂંડાવતા પણ હોય તો મૂંડાવવાનું જાઈઝ હોવું સાબિત થશે ન કે તેનું સુન્નત હોવું સાબિત થશે. નબી ﷺએ ક઼ાયમ માથુ મૂંડાવવું વહાબી નજદીઓની નિશાની ઠરાવ્યું. જેથી હમેશાં જ અને ખાસ કરીને વર્તમાન કાળમાં સુન્ની મુસલમાન માથુ મૂંડાવવાની આદતથી બચે.

**૮.** કેમ કે ગુસ્લથી પહેલાં વુઝૂ કરી લેતા હતા તે વુઝૂ નમાઝ માટે પૂરતુ હોતું. બલ્કે જો કોઈ વ્યક્તિ વુઝૂ કર્યા વિના ગુસ્લ કરે અને પછી નમાઝ પઢી લે તો

એ જાઈઝ છે, કેમ કે ગુસ્લના હેઠળ વુઝૂ પણ થઈ જ જાય છે. અને મોટા હદષ (હુકમી નાપાકી)ની સાથે નાનો હદષ પણ જતો રહે છે.

**૯.** એટલે કે ગુસ્લથી પહેલાં ખતમીથી માથુ ધોતા પછી આખા શરીર સાથે માથુ ન ધોતા જેથી ખતમીની કાંઈક અસર બાકી રહે, અને પ્રથમ પાણીનું વહાવી લેવું ગુસ્લના માટે પૂરતુ માનવામાં આવ્યું. આ પરથી જાણવા મળ્યું કે જો ગુસ્લનાં અંગો આગળ પાછળ ધૂઓ તો ગુસ્લ દુરુસ્ત છે.

**૧૦.** એટલે કે ગુસ્લની સાથે કેવળ પાણી માથા પર ન નાખતા, તે જ ખતમીવાળુ પાણી પૂરતુ સમજતા.

**૧૧.** એટલે બે છે, એક યઅલા ઈબ્ને ઉમૈયા બીજા યઅલા ઈબ્ને મુર્રા બંનેવ સહાબી છે. ખબર નહીં અહીં કોણ યઅલા મુરાદ છે.

**૧૨.** એ સાફ મેદાનમાં એકલા હતા એટલા માટે નગ્ન નહાય રહ્યા હતા કે એ વખતે ત્યાં કોઈ જોઈ રહ્યું ન હતું, તેમજ અરબમાં ઈસ્લામથી પહેલાં કોઈ શરમ કે હયા ન હતી, હયા તથા શરમ તો ઈસ્લામે શીખવાડી.

**૧૩.** જો કે પુરૂષ એકલો હોય તો તેહબંદ બાંધીને મેદાનમાં નહાય શકે છે. કેમ કે એનું સતર (ઢાંકવાનાં અંગો) દૂંટીથી ગુઠણો સુધી છે, પરંતુ સ્ત્રી ગુસ્લખાનામાં કે ઓઠામાં જ નહાય કેમ કે તેનું સતર માથાથી લઈને પગો સુધી છે. ફક઼ીહો ફર્માવે છે કે એકાંતમાં પણ વિના કારણ નગ્ન થવું મના છે, અલ્લાહથી શરમ કરવી જોઈએ.

**૧૪.** એકાંતમાં આડ કરવું મુસ્તહબ છે, અને સૌની સામે વાજિબ છે. આ બાબતમાં બંનેવ સામેલ છે.


મદદની અપીલ

❒ **સૂરત** : ઊન ખાતે જામિઅતુર્રઝા ફાતિમુઝ્ ઝહરા મદ્રસા (સંજય નગર) ખાતે અહલે સુન્નતનું એક મર્કઝ છે જેમાં વિવિધ સ્થળોની ૧૫૦ છોકરીઓ પઢે છે જેમની તા'લીમ, રહેવા, ખાવા, પીવા, દવા વગેરેની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલ બિલ્ડિંગનું કામ ચાલુ છે જેમાં લગભગ ૯ લાખ ખર્ચ થશે. સખીદાતાઓ લિલ્લાહ, ઝકાત, ફિત્રા, સદક઼ા વગેરે વડે તથા ઈંટો, રેતી, કપચી, સ્ટીલ વગેરે આપી અપાવી સહકાર કરશો. **Bank A/c. No. : 16110100013177 Bank Of Baroda** સંપર્ક કરો : મૌલાના હામિદ રઝા ક઼ાદરી બરકાતી, મો. ૯૮૯૮૪૧૪૧૬૨, ૮૮૬૬૦૦૯૨૯૨

❒ **ગોંડલ** : ખાતે જાનિષારે મુસ્તફા કમિટી સંચાલિત મદ્રસાએ જીલાની માટે મદદ કરશો. **સરનામુ** : જાનિષારે મુસ્તફા કમિટી, ગુંદાળા રોડ, સુમરા સોસાયટી, તુલસી ટાવર સામે, ગોંડલ, જિ. રાજકોટ, પિન : ૩૬૦૩૧૧, મો. ૯૯૦૪૦૬૨૩૭૧

મદદની અપીલ

❒ **જંબુસર** : ખાદિમે રઝા અલ્લારખા જંબુસરી લખી જણાવે છે કે દારુલ ઉલૂમ ફૈઝાને ઔલિયા, રોયલ પાર્ક–જંબુસર ખાતે તા. ૩૧–૫–૨૦૧૫ રવિવારના બાદ નમાઝે ઈશા જશ્ને દસ્તારે હિફ્ઝમાં ત્રણ હાફિઝોને સનદ આપવામાં આવી. જેમાં જંબુસરના સાદાતે કિરામ ઉલમાએ કિરામની મૌજૂદગીમાં હઝરત મૌલાના મુફતી અશરફ સાહબ તથા હઝરત મૌલાના હબીબુલ્લાહ વસોવાળાએ શાનદાર બયાન કર્યું હતું. સૈયદ દાદાબાપુએ પણ વ્યસનોને નાબૂદ કરવા લોકોને સમજ આપી હતી. પ્રોગ્રામ ઘણો જ કામયાબ રહ્યો હતો. દારુલ ઉલૂમની વિશાળ જગ્યા તો લઈ લીધી છે તેના રૂા. ૫૭ લાખ ચૂકવવાના છે. સખીદાતાઓ મર્હૂમોના સવાબ માટે તથા ઝકાત, સદક઼ા, ફિત્રા આપી અપાવી સવાબના હક્ક઼દાર બને. સંપર્ક કરો : દારુલ ઉલૂમ ફૈઝાને ઔલિયા (જંબુસર) રોયલ પાર્ક સોસાયટી, વડોદરા રોડ, મો. ૯૭૨૩૧૯૪૪૯૧ (મૌલાના અખ્તર અશરફી)

❒ **વરસોથી દીની સુન્ની સાહિત્ય ફ્રી વહેંચતી મશ્હૂર સંસ્થાઓ** : (૧) સુન્ની મુસ્લિમ કમિટી, વોરા શેરી–ગોંડલ (૨) હુસૈની કમિટી (સુન્ની) ૮–લાટી પ્લોટ સામે, મોરબીને લિલ્લાહ, ઝકાત, સદક઼ા, વગેરે મોકલી સહાય કરશો.

## હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
પટેલ શબ્બીર અલી રઝવી

**પાઉં ગિરબાલ હૂએ રાહે મદીના ન મિલી**
**અય જૂનું ! અબ તો મિલે રુખસતે ઝિંદાં હમ કો**

*(ગિરબાલ = છણાઈ ગયા, જૂનું = પાગલપન, રુખ્સતે ઝિંદાં = જેલથી મુકિત)*

**અર્થાત :** આશિકાંને રસૂલ ﷺને જ્યારે મહબૂબ ﷺની યાદ સતાવે છે તો માધ્યમોની પરવા કર્યા વિના ઉઘાડા પગે અને પગપાળા જ મદીના શરીફ તરફ ચાલી નીકળે છે. આજથી કેવળ ૫૦ વરસો પહેલાં સુધી કાફલા ને કાફલા આ રીતે ચાલતા હતા. જેમ કે મુફ્તીએ આ'ઝમ પાકિસ્તાન સૈયદી અબુલ બરકાત رحمۃ اللہ علیہએ પણ પગપાળા હજ્જ કર્યો. પછી હાલત શું થઈ એને આ'લા હઝરત આ શેઅરમાં વર્ણવે છે, પગો છણાઈ ગયા પણ હજી સુધી ગુંબદે ખદ્રા દેખાય નથી રહ્યો. ચાલ હવે જવા દે હે ઈશ્ક ! હવે તો જેલથી મુક્તિ મળી જાય ! એટલે કે દૂરી ખત્મ થઈ જાય અને મસ્જિદે નબવીના મીનારા જોવા મળે.

**મેરે હર ઝખ્મે જિગરસે નિકલતી હૈ સદા**
**અય મલીહે અરબી ! કર દે નમકદાં હમ કો**

*(મલીહ = નમકીન, નમકદાં = જેમાં નમક રાખવામાં આવે છે)*

**અર્થાત :** હબીબ ﷺની તલબનો સરસ અંદાઝ તથા યારના વિસાલ (મિલન) માટેના બહાનાનો અંદાઝ જુઓ, હે મારા પ્યારા આકા ! મારા જિગરના દરેક ઝખ્મથી સતત એ શોખનો અવાજ ઉઠતો રહે છે કે હે અરબના નમકીન હુસ્નવાળા આકા ! કાશ ! હું તારો નમકદાં હોત જેથી એક તો નમકથી મારા ઝખ્મો તાજા રહેત અને દર્દે ઈશ્કની લિજ્જત ઉઠાવતો રહેત. (કેમ કે ઝખ્મ પર નમક લાગે તો પીડા વધી જાય છે) અને બીજુ કે આપના દીદારની દૌલત મળતી રહેતી. એટલા માટે કહ્યું છે :–

*જબ નહીં મિલતી કહીં સે ભી સુકૂન કી દૌલત – તેરી મહેફિલ તેરે દીવાને સજા લેતે હૈં*

**સૈરે ગુલશનસે અસીરાંને ચમન કો ક્યા કામ**
**ન દે તકલીફ ચમન બુલબુલે બુસ્તાં હમ કો**

*(ગુલશન = ચમન, બુસ્તાં = બાગ)*

**અર્થાત :** મુસ્તફા ﷺના બાગના કેદીઓને હે બુલબુલ ! તું ક્યા ચમનની સૈરનું કહી રહી છે ? અમને આ કૈદથી મુક્તિની ખબર સંભળાવીને તકલીફ ન પહોંચાડ ! હે મારા આકા ! એને મના કરો કે અમને આપના કદમોથી જુદા થવાની દા'વત ન આપે. શું એને એટલું પણ માલૂમ નથી કે :–

*સૈરે ગુલશન કૌન જાએ દસ્તે તયબહ છોળકર – સૂએ જન્નત કૌન દેખે દર તુમ્હારા છોળકર*

**જબ સે આંખોમેં સમાઈ હૈ મદીના કી બહાર**
**નઝર આતે હૈં ખિઝાં દીદા ગુલશન હમ કો**

**અર્થાત** : અમારી નજરોમાં જ્યારથી મદીનાની બહારો સમાયી છે ત્યારથી દુનિયાભરના ખૂબસૂરતથી ખૂબરસૂરત બાગો પણ પાનખર જેવા અને વેરાન જેવા ભાસે છે એટલે કે : *અબ મેરી નિગાહોંમેં જચતા નહીં કોઈ...*

**ગર લબે પાક સે ઈક઼રારે શફાઅત હો જાએ**
**યૂં ન બેચૈન રખે જોશિશે ઈસ્યાં હમ કો**
*(જોશિશે ઈસ્યાં = ગુનાહોનો જોશ, અગણિત ગુનાહો)*

**અર્થાત** : હે પ્યારા આક઼ા ! ﷺ આપની શફાઅત પર યક઼ીન તો છે, પણ ઈલ્મુલ યક઼ીન જ છે ને ! જો મહેરબાની કરીને દીદાર કરાવીને ભલે ખ્વાબમાં જ સહી, પોતાની ખાસ ઝબાન વડે મારા માટે ફર્માવી આપો કે, "હા ! હું તારી શફાઅત પણ કરીશ, હે અહમદ રઝા !" જેથી અયનુલ યક઼ીનની દૌલત નસીબ થઈ જાય. પછી હક્કુલ યક઼ીન તો થશે ને થશે જ ! અને મારા ગુનાહોનો જોશ મને તંગ પણ કરી શકશે નહીં.

આ શેઅરમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ હઝરત રબીઅહ رضی اللہ عنہની અદા અપનાવી છે કે જ્યારે એમને હુઝૂર ﷺએ ફર્માવ્યું, માગ ! શું માગે છે ?! તો તેમણે અર્ઝ કરી, "હુઝૂર ! જન્નતમાં આપનો સાથ માગુ છું ?!" એટલે કે જન્નત પણ માગી લીધી અને જન્નતમાં સાથ પણ માગી લીધો.

અને આ'લા હઝરત رحمۃ اللہ علیہએ શફાઅતની ભીખ પણ ઘણા જ સરળ અંદાઝમાં માગી લીધી, અને એની આડમાં દીદારની તમન્નાને પણ પ્રદર્શિત કરી આપી.

**નૈયરે હશ્રને એક આગ લગા રખ્ખી હૈ**
**તેઝ હૈ ધૂપ મિલે સાયાએ દામાં હમકો**
*(નૈયર = સૂર્ય)*

**અર્થાત** : હે મારા શફાઅતવાળા આક઼ા ! ﷺ ક઼યામતના સૂરજે પોતાની ગરમી તથા ધૂપ વડે મહશરવાળાઓને બાળી દીધા છે, મહેરબાની ફર્માવો અને તમારા ગુલામોને તમારા રહમતના દામનનો સાયો અતા ફર્માવો.

**રહમ ફર્માઈયે યા શાહ કે અબ તાબ નહીં**
**તા બકે ખૂન રુલાએ ગમે હિજરાં હમ કો**

**અર્થાત** : હે મારા કરીમ આક઼ા ! ﷺ આપાના વિરહના સદમાઓને સહન કરવાની શક્તિ હવે નથી રહી, મારું લોહી તો આંસૂંઓના રૂપમાં કાઢી ચૂક્યો છું : હવે જાન બાકી છે. *યહ દિલ ભી તુમ્હારા હૈ, યે જાન ભી તુમ્હારી હૈ.* પરંતુ એના શરીરથી નીકળતા પહેલાં બસ એકવાર આપના દીદારની ભીખ અતા કરી આપો.

**ચાક દામાંમેં ન થક જાઈયો અય દસ્તે જુનૂં**
**પુરઝે કરના હૈ અભી જૈબો ગરીબાં હમકો**

**અર્થાત** : હે જુનૂન, દીવાનગી તથા ખુદ રફતગીના હાથ ! કેવળ દામન ફાડીને જ થાકી ન જજે, હજી તો આપણે વિરહના સદમામાં ગરેવાનનાં પણ ચિથરાં ઉડાડવાનાં છે અને એને રજકણ રજકણ કરી દેવાનું છે. કેમ કે મહબૂબ જ એવો છે કે :–

*હુસ્ને યૂસુફ દમે ઈસા યદે બયઝાં દારી – આંચે ખૂબાં હમા દારંદ તૂ તન્હા દારી*

તો પછી અમારી હાલત કેમ આવી ન થાય કે :–

*સર કટે કુમ્બાં મરે ઔર ઘર લુટે – દામને અહમદ ન હાથોંસે છૂટે*

**પર્દા ઉસ ચહરએ અન્વરસે ઉઠકાર એકબાર**
**અપના આઈના બના અય મહે તાબાં હમકો**

*(મહે તાબાં = ચમકતા ચાંદ)*

**અર્થાત** : હે મારા પ્યારા આકા ! ﷺ બસ એકવાર અને કેવળ એકવાર, ચહેરા મુબારકથી પર્દો હટાવો ! અને આઈનો તો આપ જુઓ જ છો, બસ એ એક નજર અમારી તરફ તાકી લો જેથી અમારા દિલના આઈનામાં આપની તસવીર આવી જાય અને પછી હું ઝુમતો ફરું અને ઝુમી ઝુમીને કહેતો રહું કે :–

*દિલ કે આઈનેમેં હૈ તસ્વીરે યાર – જબ ઝરા ગર્દન ઝુકાઈ દેખ લિયા*

**અય 'રઝા' વસ્ફે રુખે પાક સુનાને કે લિયે**
**નઝર દેતે હૈં ચમને મુર્ગ ગઝલખ્વાં હમ કો**

*(નઝર =નઝરાણુ, મુર્ગ ગઝલખ્વાં = કલરવ કરનારાં પક્ષીઓ)*

**અર્થાત** : એવું ન સમજશો કે હું સરકાર ﷺની નઅત કહું છું તો મને કાંઈ નથી મળતું ! બલ્કે મને તો બાગની બુલબુલ (કોયલ) પણ મહોબ્બતનું નઝરાણુ પેશ કરે છે ! અને વળી શું એ ઓછુ ઈનામ છે કે આકા ﷺની બારગાહમાં મારી નઅતો કબૂલ છે, અને મને મારા આકા ﷺએ પોતાના દરબારી નઅતખ્વાં હઝરત હસ્સાન رضی اللہ عنہની પાર્ટીમાં સામેલ કરી લીધો છે. જ્યારે કે અમારા લીડરની માન્યતા હતી કે :–

(અર્થ) : "હું મારા શેઅરો વડે હુઝૂર ﷺની તારીફમાં વધારો તો નથી કરી શકતો, બલ્કે હુઝૂર ﷺના ઝિક્રથી મારા શબ્દોની શાન વધારું છું." તો પછી અહમદ રઝા ! ગદાએ ખૈરુલવરાની પણ એ જ માન્યતા હોવી જોઈએ કે :–

*આ'ઝમ મેરી ઝબાં કહાં ઔર કહાં વો ઝાત – નામ અપના ઉન્કે ઝિક્રસે ચમકા રહા હૂં* ❑❑❑

**જાલના** : ખાતે તા. ૬–રજબુલ મુરજ્જબ હિ.સ. ૧૪૩૬, તા. ૨૬–૪–૨૦૧૫ રવિવારે ઈશા બાદ હઝરત સૈયદ અહમદ શેર સવાર હુસૈની હસની અલ્મઅરૂફ રાજા બાગ સવાર رحمۃ اللہ علیہના ઉર્સના મોકા પર દિવસ દરમ્યાન ખત્મે ખ્વાજગાન, કુર્આનખ્વાની, ખત્મે કાદરિયા, નૂરી મહેફિલ, સંદલના પ્રોગ્રામો થયા. મગરિબ બાદ લંગરમાં ન્યાઝ જમાડવામાં આવી. ઈશા બાદ ઉર્સ મેદાન દરગાહ શરીફ વાદીએ રઝામાં સુન્ની કોન્ફ્રન્સ યોજાયી જેમાં મુકર્રિરે ખુસૂસી અલ્મુફતીયુલ કબીર સૈયદ જમીલ આરિફ હુસૈની અશઅરી શાફઈ (કિબ્લએ અવ્વલ) ફિલિસ્તીનનું બયાન થયું. તેના મુતર્જિમ તરીકે ખલીફા તાજુશ્શરીઅહ મુફતી અહમદ રઝા કવારી શાફઈ હતા. નઅખ્વાં તરીકે જનાબ મુહમ્મદ રઝા કાદરી બીજાપુરી, મખ્ય મહેમાન હાજી ઈબ્રાહીમ શૈખ (ભાઈજાન) ચેરમેન હજ્જ કમિટી મહારાષ્ટ્ર, અલ્હાજ સઈદ નૂરી સાહબ–મુંબઈ, મુફતી મેઅરાજ અહમદ કાદરી, હાજી મુહમ્મદ તૌફીક રઝવી, હાજી ઈરફાન શેખ–મુંબઈ, આરિફભાઈ રઝવી–મુંબઈ...વગેરે હાજરી આપી હતી. આ જલસામાં દારુલ ઉલૂમ ગુલશને કાદરી અન્વારે રઝાના ફારિગ થનાર તલબાની દસ્તારબંદી કરવામાં આવી.

*–(રજૂકર્તા) અ. અઝીઝ જમાલ સામદાણી રઝવી–જાલના*

અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ ક઼ાદરી**

*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

*(મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

## અલ્ હકીમ اَلْحَکِیْمُ

**(ઘણી જ હિકમત તથા શાણપણવાળો)**

**સમજૂતી** : તે હિકમત તથા હોશિયારીવાળો છે. સારા ઈલ્મ દ્વારા બેહતરીન ચીજોની પેહચાનને હિકમત કહે છે. મુત્લક઼ હકીમ તો અલ્લાહ જ છે. તે જ અઝીમ ઉલૂમ તથા અઝીમ ચીજોનો ઈલ્મ રાખે છે. અને અઝીમ ઈલ્મ તે જ અઝલી અને કાયમી રહેવાવાળો ઈલ્મ છે, જેના નાબૂદ થવાનો ખયાલ પણ નથી કરી શકાતો. હકીમ એવા શખ્સને કહેવામાં આવે છે જે પોતાની કારીગરીમાં ભરપૂર ફન (કલા કારીગરી)નું પ્રદર્શન કરે. અને તેની કારીગરીમાં મજબૂતી તથા કમાલ હોય.

**દર્સ તથા સબક઼** : એવો શખ્સ જે બધી ઘણી વસ્તુઓનો જાણકાર હોય પરંતુ અલ્લાહની પહેચાન તેને ન હોય તે હકીમ કહેવાને પાત્ર નથી. એટલા માટે કે ભલે ને તે જાહેરમાં ઘણી જ જાણકારી રાખતો હોય પરંતુ હક઼ીક઼તમાં સૌથી વધારે અઝમત તથા ફઝીલતવાળી ઝાતથી નાવાકેફ છે !

આવા દાનિશવરોમાં સૌથી બુલંદ આક઼ા ﷺની બરકતવાળી ઝાત છે. આપનાં હિકમત તથા દાનાઈવાળા થોડા અક઼વાલ આ પ્રમાણે છે :–

૧. સૌથી બુલંદ તથા આ'લા હિકમત ખૌફે ઈલાહી છે.

૨. ખામોશી હિકમત તથા દાનાઈ (હોશયારી) છે અને તેના વર્તનારા ઓછા છે.

૩. સબ્ર અડધુ ઈમાન છે.

૪. મોમિન એક દરથી બે વાર ડંખ નથી ખાતો.

૫. ઘોડાની હરિયાળીથી બચીને રહો. (એટલે કે બાહ્ય હુસ્નો જમાલથી અંજાઈને બદ કિરદાર ઔરતના નજીક ન જશો.)

આ સિવાય રસૂલલ્લાહ ﷺના ઘણા સોનેરી અક઼વાલ છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ اَلْحَکِیْمُ **"અલ્ હકીમ"**ની ખાસિયત છે કે જે તેનો ભરપૂર ઝિક્ર કરે છે પરેશાનીઓ તેનાથી દૂર ભાગે છે અને તેની સામે હિકમતના નવા દરવાજા ખુલે છે.

## અલ્ વદૂદ اَلْوَدُوْدُ

**(ઘણી જ મહોબ્બત કરનાર)**

**સમજૂતી** : તે જ તમામ મખ્લૂક઼ના માટે બેહતરી ચાહે છે અને નરમી તથા મહોબ્બત ફર્માવે છે અને તેમની સાથે એહસાનો કરે છે. **"વદૂદ"** તથા **"રહીમ"**નો અર્થ લગભગ સરખો છે ફરક કેવળ અટલો છે કે રહીમ કમજોરો પર મહેરબાની કરે છે, અને વદૂદ દરેક સાથે મહોબ્બત ફર્માવે છે અને તેમને પોતાની રહમતોથી નવાઝે છે.

**દર્સ તથા સબક઼** : وَدُوْدٌ **"વદૂદ"** બંદાઓમાં તે થઈ શકે છે જે પોતાના માટે જે વસ્તુ

પસંદ કરે તે તમામ મખ્લૂક઼ માટે પણ પસંદ કરે અને તેનાથી વધીને સદવર્તન એ કે તે પોતાના ઉપર બીજાઓને અગ્રતા આપે. અને તેનાથી પણ બુલંદ કિરદાર એ થઈ શકે છે કે હસદખોરો, દુશ્મનો સાથે પણ સદવર્તન કરે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ મુબારક નામની ખાસિયતમાંથી છે કે તેનો વિર્દ કરશે તેની મહોબ્બત દરેક સગાવહાલા સાથે વધશે. ખાસ કરીને મિયાં બીવીની મહોબ્બતમાં વધારો થશે. જે શખ્સ ખાવા પર **યા વદૂદો** ૧૦૦૦ વાર પઢી પોતાની બીવીની સાથે ખાશે તો તેની મહોબ્બત બીવી પર ગાલિબ થશે અને હકીક઼તમાં તે પોતાના પતિના હુકમોનું પાલન કરનાર બની જશે. દુઆએ તાજિર જે નીચે લખવામાં આવી રહેલ છે તેના વિશે એક રિવાયતમાં છે કે તેમાં અલ્લાહનું ઈસ્મે આ'ઝમ છે.

**يَا وَدُودُ يَا ذَا الْعَرْشِ الْمَجِيدُ يَا مُبْدِئُ يَا مُعِيدُ أَسْأَلُكَ بِنُورِ وَجْهِكَ الَّذِى مَلَأَ أَرْكَانَ عَرْشِكَ وَبِقُدْرَتِكَ الَّتِى قَدَرْتَ بِهَا عَلٰى جَمِيعِ خَلْقِكَ وَبِرَحْمَتِكَ الَّتِى وَسِعَتْ كُلَّ شَىْءٍ لَا إِلٰهَ إِلَّا أَنْتَ يَا مُغِيثُ أَغِثْنَا**

**યા વદૂદુ યાઝલ્ અર્શિલ મજીદુ યા મુબ્દિયુ અસ્અલુક બિનૂરી વજ્હકલ્લઝી મલા અર્કાન અર્શિક વબિક઼ુદરતિકલ્લતી ક઼દર્ત બિહા અલા જમીઈ ખલ્કિ઼ક વબિરહ્મતિકલ્લતી વસિઅત કુલ્લ શયઈન લાઈલાહ ઈલ્લા અન્ત યા મુગીષુ અગિષ્ના.** *(૩ વાર)*

ઘણા ઈમામો ફર્માવે છે આ દુઆમાં ઈસ્મે આ'ઝમ છે.

## અલ્ મજીદ الْمَجِيدُ
## (અત્યંત બુઝુર્ગીવાળો)

**સમજૂતી :** તે શરફ઼ તથા બુઝુર્ગીવાળો છે. તેની ઝાત પણ ખૂબસૂરત છે. તેનાં કામ તથા તેની સખાવત પણ અજોડ છે. ઝાતની બુઝુર્ગી તથા અતા અને સખાવત બન્નેવ જ્યારે ભેગા થાય તો તેને "મજીદ" અને "માજીદ" કહેવામાં આવે છે.

**દર્સ તથા સબક઼ :** બંદાનો આ મુબારક નામમાં એ હિસ્સો છે કે તે લોકો સાથે લુત્ફ઼ો કરમ તથા હુસ્ને અખ્લાક઼ સાથે મળે જેનાથી તે એમના વચ્ચે બુઝુર્ગી અને પ્રભાવ સાથે રહે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** મુબારક નામ **الْمَجِيدُ "અલ્ મજીદ"**નો વિર્દ કરવાવાળાને જલાલત તથા ઈજ્જત હાંસલ થાય છે, સાથોસાથ બાહ્ય તથા આંતરિક તહારત (પાકી) નસીબ થાય છે, જાહેરી શકલો સૂરતમાં પણ રોનકનો વધારો થાય છે. ઓલમા કહે છે કે સફ઼ેદ દાગવાળો (કોઢી) ચાંદની રાતોમાં રોઝા રાખી દરેક રાત તથા ઈફ઼તારના સમયે વધારે ને વધારે الْمَجِيدُ **"અલ્ મજીદ"**નો વિર્દ કરશે તો ઈન્શાઅલ્લાહ શિફ઼ા પામશે.

પેજ નં. ૦૨ નું ચાલુ...

બહેનો ! આટલા મુબારક મહિનામાં કે જે મહિનામાં રબ્બે કરીમ આપણા માટે આટલી બધી તબદીલીઓ તથા તૈયારીઓ બંદાઓને રહમત, બરકતો, મગફિરતોથી નવાઝવા કરે છે, **તે આપણો ખાલિક઼ માલિક બેનિયાઝ થઈને આપણા માટે આટલા ફેરફારો આ માસમાં ઉભા કરે છે** અને આપણે તેના લાચાર તથા આજિઝ બંદા થઈને હજી તેવા ને તેવા જ લકીરના ફ઼ક઼ીર, અગાઉ જેમ ગુનાહિત રોજનીશીવાળુ જીવન, ગુનાહિત જીવન આ મુબારક મહિનામાં જીવતા હોઈએ તો **આપણાથી વધારે બેવફા કોણ કહેવાશે ?! આપણાથી વધારે કમનસીબ, મેહરૂમ બંદો કોણ કહેવાશે ?!** જેથી હજી પણ સમય છે તૌબા, ઈસ્તિગફ઼ાર, ઈબાદત, રોઝાની, નમાઝોની, તરાવીહની, તિલાવતની, ઈલ્મની મેહફિલોમાં હાજરી, કિતાબોના વાંચન તથા ખૈરાતના કામોમાં લાગી જાવ અને ઈસ્લામી જીવન પદ્ધતિ અપનાવી તમારી દુનિયા તથા આખેરત સમારી લો.

ફવાઇદુસ્સાલિકીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### *(મલ્ફૂઝાતે હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી ચિશ્તી رحمۃ اللہ علیہ)*

*(સંપાદક : હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ)*

એ જ મોક઼ા પર આપે ફર્માવ્યું કે શયખુલ ઈસ્લામ દિલ્હીએ મારા ભાઈ શૈખ જલાલુદ્દીન તબરેઝી رحمۃ اللہ علیہ પર તોહમત લગાડી કે દાવો તો દુરવેશીનો કરે છે પરંતુ ખયાલ તેનો અમીરીની તરફ છે. જેથી એ ખબર શમ્સ વાલીએ પણ સાંભળી લીધી. તેણે શયખ જલાલુદ્દીનની રૂબરૂ કાંઈ ન કહ્યું. શયખુલ ઈસ્લામ દિલ્હીનો એમાં ખાસ રોલ હતો. નોબત ત્યાં સુધી પહોંચી કે તેમને બોલાવવામાં આવ્યા અને શયખ જલાલુદ્દીનને કહેવડાવ્યું કે આ દાવાના માટે કોઈ મુન્સિફ (જજ) હોવો જોઈએ.

શયખુલ ઈસ્લામ દિલ્હીએ કહેવડાવ્યું કે જેને આપ મુન્સિફ કરો મને મંજૂર છે. પછી શયખ જલાલુદ્દીને કહેવડાવ્યું કે શયખ બહાઉદ્દીન ઝકરિયા મુન્સિફ રહે. શયખુલ ઈસ્લામે કહેવડાવ્યું કે એમને બોલાવવામાં આવે. જેથી બીજા દિવસે સર્વ બુઝુર્ગો ભેગા થયા અને શયખ જલાલુદ્દીન પણ આવ્યા અને મામૂલી સફમાં બેસી ગયા. શમ્સ વાલીએ ખૂબ જ ચાહ્યું કે શયખ જલાલુદ્દીન رحمۃ اللہ علیہ આપનાથી ઊંચાઈ પર બેસે પરંતું શયખ જલાલુદ્દીને ફર્માવ્યું કે અત્યારે દાવાનો મક઼ામ છે, મારું અત્યારે સ્થાન આ જ છે. ત્યાર બાદ શયખુલ ઈસ્લામે જલાલુદ્દીન વિશે હાલ, રિવાયતો તથા વાતો વર્ણવી. એ દરમ્યાનમાં શયખ બહાઉદ્દીન ઝકરિયા رحمۃ اللہ علیہ પણ આવી પહોંચ્યા. સર્વ લોકો આશ્ચર્યમાં પડી ગયા અને એકબીજાને કહેવા લાગ્યા કે શયખ બહાઉદ્દીન ઝકરિયાને કોણે ખબર કરી હતી ? અને તે મુલતાનથી ક્યારે રવાના થયા ?! અને ક્યારે અહીં આવી પહોંચ્યા ? અને જ્યારે શયખ બહાઉદ્દન ઝકરિયા ત્યાં આવ્યા તો જ્યાં આગળ બુઝુર્ગોએ પગરખાં ઉતાર્યા હતાં ત્યાં ઉભા થઈ ગયા અને શયખ જલાલુદ્દીનની નાલૈનને ઓળખીને જમીનથી ઉઠાવી લીધી અને ચૂમીને આંખો પર માથા પર રાખી લીધી અને પછી આસ્તીન મુબારક (બાંય)માં રાખીને આવ્યા અને સલામ કહી. અને શયખ જલાલુદ્દીનની બુઝુર્ગીમાં કાંઈ કહેવાપણુ રહેતું નથી, કેમ કે જ્યારે બહાઉદ્દીન ઝકરિયા જેવા મુન્સિફે શયખ જલાલુદ્દીનની નાલૈન મુબારકને બોસો આપીને આસ્તીનમાં રાખી લીધી ! આ પરથી માલૂમ પડી ગયું કે એ દાવો બાતિલ છે જે શયખુલ ઈસ્લામ દિલ્હીએ શયખ જલાલુદ્દીન પર કર્યો છે, અને ફેઅલ કે એમની નિય્યતમાં નથી. શમ્સ વાલીએ ખૂબ જ માફી ચાહી. છેવટે શયખ જલાલુદ્દીન અને શયખ બહાઉદ્દીન બંનેવ પાછા ચાલ્યા ગયા અને નદી કિનારે આવીને રાત ત્યાં જ પસાર કરી. જ્યારે દિવસ ચઢયો તો શયખ બહાઉદ્દીનને મુલ્તાનની તરફ વિદાય કર્યા અને શયખ જલાલુદ્દીન (લખનૌ) હિંદુસ્તાન રવાના થઈ ગયા અને લાંબા અરસા સુધી જીવંત રહ્યા. સારાંશ કે બહુ સમય પસાર થયો ન હતો એવામાં શૈખુલ ઈસ્લામ દિલ્હી પિત્તની બીમારીમાં સપડાયા અને એમાં જ ઈન્તેકાલ કર્યો. **اِنَّا لِلّٰهِ وَ اِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ**

## સાચા દુરવેશો અને દુનિયાથી દૂરી

પછી દુનિયાના વિશે ચર્ચા ચાલી તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે સાલિક (રાહે સુલૂકવાળા માટે એટલે સૂફીપણુ અપનાવનારા માટે) દુનિયાથી વધીને કોઈ પર્દો નથી. એટલા માટે કે કોઈ શખ્સ ત્યાં સુધી ખુદા સુધી નથી પહોંચતો જ્યાં સુધી તે દુનિયામાં મશ્ગૂલ રહે છે. અને સુલૂકવાળાઓએ ફર્માવ્યું છે કે બંદા તથા ખુદાની વચ્ચે દુનિયાથી વધીને અન્ય કોઈ આડ નથી, તો જે શખ્સ દુનિયામાં વ્યસ્ત થઈ જાય તો ખુદાથી દૂર રહે છે. લોકો જેટલા પ્રમાણમાં દુનિયામાં મશગૂલ રહે છે એટલા પ્રમાણમાં ખુદાથી દૂર રહી જાય છે અને તેનાથી અલગ રહે છે.

પછી ફર્માવ્યું કે જ્યારે દુનિયામાં દુનિયાથી મહોબ્બત રાખવામાં આવી તો તમામ ફરિશ્તાઓએ એ વાત પર જોર આપ્યું, પણ ઈબ્લીસ લઈન (લઅનતી) ખુશ થયો અને કહ્યું કે આદમ علیہ السلامની ઔલાદમાં ઝઘડાનો પાયો રાખવામાં આવ્યો ! એટલા માટે કે **આ મુરદારના લીધે ભાઈ ભાઈને મારી નાખશે, અને સગાં સંબંધીઓ સંબંધ કાપી નાખશે અને કેટલાયે શહેરો બર્બાદ થઈ જશે, અને માનવી એકબીજાથી અલગ થઈ જશે, અને એકબીજાથી અદાવત રાખશે અને બર્બાદ થઈ જશે અને દુનિયા સલામત રહેશે. આ દુનિયાની મહોબ્બતને લઅનતી શયતાનને ઘણી જ તા'ઝીમની સાથે માથે ચઢાવી.** હુકમ થયો, હે અઝાઝિલ ! તેં આ શું કર્યું કે તેં દુનિયાની મહોબ્બતને ઘણી જ અદબની સાથે આંખો પર રાખી ? તેણે કહ્યું, હે પરવરદિગાર ! દુનિયાને મેં એ કારણે આંખો પર રાખી છે કે **જે શખ્સ એને દોસ્ત (પ્રિય) રાખશે અને એમાં મશગૂલ રહેશે તે મારો અનુયાયી હશે, અને હું તેને એમાં અધિક મશગૂલ કરીશ, ત્યાં સુધી કે તેને સર્વ ફર્માબરદારીઓ, ઈબાદતો તથા નેકીઓથી દૂર રાખીશ, પછી તે ગુનેહગાર મારો બની જશે અને હું તેને હલાક કરી દઈશ, અને તેનો માલ અન્ય લોકો ખાશે અને તે દુનિયાથી ઉઠી જશે.**

પછી ખ્વાજા કુત્બુલ ઈસ્લામે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે દુનિયા કેવી બેવફા તથા મક્કાર (પ્રપંચી) છે ! પછી ફર્માવ્યું કે દુનિયા સૌની દોસ્ત છે પરંતુ દુરવેશોની નથી, કેમ કે તેઓએ એને રદ કરી દીધી છે અને પોતાની જાતથી દૂર કરી દીધી છે.

પછી ફર્માવ્યું કે ખ્વાજા યૂસુફ ચિશ્તી رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે દીને મુહમ્મદીમાં એવા મર્દાને ખુદા પણ થશે કે દુનિયા હજારો વાર દુરવેશોના દરવાજાઓ પર આવશે અને કહેશે કે હે ખ્વાજગાન ! જો તમે મને કૃબૂલ નથી કરતા તો કોઈવાર વૃદ્ધાની તરફ નજર તો કરી લીધા કરો ! પરંતુ તે ફર્માવશે કે જા ! ચાલી જા ! હવે બીજીવાર આવીશ તો હલાક (બર્બાદ) થઈ જઈશ !

ત્યાર પછી આ હિકાયત વર્ણવી કે, "હઝરત ઈસા علیہ السلامએ એક કાળા રંગની બદ્‌સૂરત સ્ત્રીને જોઈ અને તેને પૂછયું કે તું કોણ છે ? તેણે કહ્યું કે હું વૃદ્ધ દુનિયા છું. ઈસા علیہ السلامએ પૂછયું કે તેં કેટલા પતિઓ કર્યા છે ? તેણીએ કહ્યું, બેહદ ! અને અગણિત ! એની ગણત્રી હોય તો ગણું ?! ઈસા علیہ السلامએ પૂછયું કે એમાંથી કોઈ પતિએ તને તલાક્ પણ આપી છે ? તેણીએ કહ્યું કે મેં સૌને કૃત્લ (ખતમ) કર્યા છે." પછી શયખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ચોધાર આંસૂએ રડવા લાગ્યા અને ફર્માવ્યું, દુરવેશી ઘણો આરામ છે અને દુનિયવી આફતોથી મહેફૂઝ છે, પરંતુ દુરવેશીના કામમાં ઘણી જ સખ્તી છે. જે રાતે દુરવેશને ફાકૃા (ખાધા વિના રહે) થાય છે તે એનો મેઅરાજ હોય છે ! એટલા માટે કે અહલે સફા અને તસવ્વુફનો કૃૌલ છે કે ફક્‌નો મેઅરાજ ફાકૃાની રાત હોય છે. તો દુરવેશીની નેઅમતનો ફાકો (ભૂખે ટંક જાય) દુરવેશના ઈખ્તિયારમાં રાખવામાં આવ્યો છે, કેમ કે દુનિયા એને આપવામાં આવી છે કે જે રીતે ચાહે એને ખર્ચ કરે, તો તે પોતાના વાસ્તે પણ ખર્ચી શકે છે, પરંતું એવું નથી કરતો, બલ્કે અન્યોને આપે છે અને ખૂદ ફાકાકશી કરે છે, એનાથી એનું કામ તરક્કી પકડે છે.

પછી ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ફવાઈદ ખત્મ કર્યા તો ઉઠીને આસ્માનની તરફ જોવા લાગી ગયા અને આલમે તહેયૂરમાં મશગૂલ થઈ ગયા અને દુઆગો પરત આવીને પોતાની ઝુપડીમાં યાદે ઈલાહીમાં મશગૂલ થઈ ગયો. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

# શબે કદ્રની ઈબાદતો

કાર્યાલય

❖ જેણે શબે કદ્રની રાતમાં ત્રણવાર **લાઈલાહ ઈલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ﷺ પઢયું તો પ્રથમ વાર પઢવાથી રબ તઆલા તેની મગફેરત ફર્માવી આપે છે, બીજીવાર પઢવાથી જહન્નમથી આઝાદ ફર્માવી દે છે અને ત્રીજીવાર પઢવાથી જન્નતમાં દાખલ ફર્માવે છે. (દુર્રતુન્નાસિહીન)

❖ શબે કદ્રમાં આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે. જે બંદો એમાં નમાઝ પઢે છે તો અલ્લાહ તઆલા તેની એક એક તકબીર (અલ્લાહુ અકબર)ના બદલામાં જન્નતમાં એવું સાયાદાર ઝાડ અતા કરે છે કે તેની નીચે ચાલનાર ૧૦૦ વરસ ચાલે છતાં તેનો સાયો પૂરો થશે નહીં. અને દરેક રકાતના બદલામાં જન્નતમાં એક મકાન મોતીઓ, યાકૂત, ઝબરજદ અને લૂઅ્ લૂઅ્ (ના પથ્થરો)નુ અતા કરશે. દરેક સલામ ફેરવવાના બદલામાં જન્નતી ચાદરોમાંથી એક ચાદર અતા કરશે. (દુર્રતુન્નાસિહીન)

❖ આ રાત્રે નમાઝની નિય્યતે ગુસ્લ કરશે તેના તમામ ગુનાહ માફ થશે, પગો ધોતા પહેલાં. ❖ રાત્રે જાગી ઈબાદત કરનારને ૨૭ હજાર સાલનો સવાબ મળશે તથા કૃબ્ર નૂરથી રોશન થશે. ❖ ૭ વાર સૂરએ કદ્ર પઢે તો ૭૦ હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

## શબે કદ્રની નફ્લ નમાઝો

❒ **૪ રકાત નમાઝ** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ત્રણ વાર અને 'કુલ્ હુવલ્લાહ' ૫૦ વાર. સલામ ફેરવ્યા બાદ સજદામાં જઈને ૧ વાર **"સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ અલ્લાહુ અકબર"** પછી જે દુઆ માંગશે તે કબૂલ થશે, ઈન્શાઅલ્લાહ.

❒ **૪ રકાત** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી ૧ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૨૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો તે શખ્સ ગુનાહોથી એવો પાક થશે જાણે કે આજે જ પેદા થયો અને તેને રબ તઆલા જન્નતમાં હજાર મહેલ અતા કરશે.

❒ **૨ રકાત** : બંનેમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૧ વાર અને **'કુલ્હુવલ્લાહ'** ૩ વાર પઢે તો અલ્લાહ તઆલા તેને શબે કદ્રનો સવાબ અતા કરશે અને તેના રોઝા કુબૂલ ફર્માવશે.

❒ **૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૧૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. તેની રબ તઆલા મરતી વેળા સકરાત આસાન ફર્માવશે અને કબ્રનો અઝાબ દૂર કરશે.

❒ **૨ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૭ વાર અને ૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને ઈસ્તિગફાર અને દુરૂદ ૧૦૦ વાર પઢે. રબ તઆલા આ પઢનારને તથા તેનાં મા બાપને બખ્શી આપશે.

❒ **૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી 'અલ્હાકુમુત્તકાસુર' ૧ વાર અને ૩ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો આ નમાઝ પઢનાર પર મૌતની સખ્તી આસાન થશે અને જન્નતમાં ચાર સુતૂન મળશે અને દરેક સુતૂન પર હજાર મહેલ હશે. (ગુન્યતુત્તાલિબીન)

❒ હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ફર્માવે છે : જે શબે કદ્રમાં ઈશાની નમાઝ બાદ ૭ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** પઢશે તો દરેક મુસીબતથી નજાત મળશે અને હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

❒ શબે કદ્રમાં સુબ્હ સાદિકની નજીક ૪ રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં 'અલ્હમ્દ' પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૫ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને સજદામાં જઈ **૪૧** વાર **'સુબ્હાનલ્લાહ'** પઢે તેની તમામ હાજતો પૂરી થશે.

❒ આ રાતમાં સલાતુત્તસ્બીહ જરૂર પઢે, કબ્રસ્તાન જાય, તથા મીઠી ચીજ પર હુઝૂર ﷺ તથા તમામ મુસલમાનોના નામે ફાતેહા કરે અને આ દુઆ કસરતથી પઢે :– **અલ્લાહુમ્મ ઈન્નક અફુવ્વુન કરીમુન તુહિબ્બુલ અફ્વ ફઅ્ફુ અન્ની.**

# હદીષોના દુશ્મન !

**★ ઉદાહરણ નં. : ૧૦ ★**

સર્વ ઈન્સાનોની ભલાઈ માત્ર હુઝૂર ﷺની પૈરવી તથા ઈત્તેબાઅમાં છે. ચાર ઈમામોની તક્લીદ હકીકતમાં હુઝૂર ﷺની હદીષની પૈરવી છે. કેમ કે આ ઈમામો કુર્આન તથા હદીષના સૌથી વધારે જાણકાર છે તથા તેના અર્થો તથા ભાવાર્થોને યોગ્ય રીતે સમજનાર છે.

એહલે હદીષ (ગૈર મુકલ્લિદ) જેનો કોઈ પણ ઈમામની તક્લીદ તથા પૈરવી નથી કરતા અને ડાયરેક્ટ કુર્આન તથા હદીષ પર ચાલવાની દા'વત આપતા હોય છે. જરા તેમની પરિસ્થિતિ પણ જુઓ કે તેઓ હદીષના કેટલા અંશે પેરોકાર (અનુસરનારા) છે.

**☑ હક્ક :–**

**હદીષ** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેણે વુઝૂ કર્યું અને અલ્લાહનું નામ પોકાર્યું તે તેના આખા શરીરની તહારત (સફાઈ) છે. અને જેણે વુઝૂમાં અલ્લાહ તબારક વ તઆલાનું નામ ન લીધું તે માત્ર તેના વુઝૂના અંગોની તહારત (સફાઈ) છે." *(દારુકુત્ની, ભાગ : ૧, પેજ : ૭૪)*

ઈમામ હસન બસરી رضی اللہ عنہ ફર્માવે છે, "જ્યારે કોઈ વુઝૂ કરે તો 'બિસ્મિલ્લાહ' પઢે અને જે ન પઢે તો પણ તેનું વુઝૂ થઈ ગયું." *(મુસન્નફે ઈબ્ને અબી શૈબા, ૧/૩૦)*

**☒ બાતિલ :-**

**અહલે હદીષ** : ગૈર મુકલ્લિદ મૌલ્વી મુહમ્મદ ખાલિદ તથા મુફતી અબ્દુસ્સત્તાર લખે છે :–

**(૧)** જે 'બિસ્મિલ્લાહ' ન પઢે તેનું વુઝૂ નથી થતું. *(સલાતુન્નબી–૬૮)*

**(૨)** 'બિસ્મિલ્લાહ' વિના વુઝૂ નથી. *(ફતાવા સત્તારિયા, ૨/૧૯)*

ઈમામની પાછળ સૂરએ ફાતિહા (અલ્હમ્દ શરીફ) પઢયા વિના નમાઝ નથી થતી અને બિસ્મિલ્લાહ વિના વુઝૂ નથી થતું. તેમના આ તમામ ફત્વાઓ હદીષના વિરુદ્ધ છે. આ લોકો અહલે હદીષ જ છે કે હદીષોના દુશ્મન જોઈ લો ?! :–

**★ ઉદાહરણ નં. : ૧૧ ★**

હઝરત શૈખ સઅ્દી એ શું વાત કહી છે ? :–

*"ખિલાફે પયંબર કસે રાહ ગઝીદ કે હરગિઝ*
*બમંઝિલ ન ખ્વાહદ રસીદ."*

**(અર્થાત)** : જે વ્યક્તિ પયગંબર હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના માર્ગથી હટીને ચાલે તે કદાપિ પોતાની મંઝિલ પર નથી પહોંચી શક્તો."

શું સમજ્યા તમે ?! માત્ર પયગંબર ﷺની રાહ પર ચાલવાનો દા'વો કરવો અને અમલ તેના વિરુદ્ધ જેનો પણ હશે તેનો આ ખાલી મોઢાનો દા'વો કાંઈ પણ કામ નહીં આવે.

અલ્હમ્દુલિલ્લાહ ! અમે અહલે સુન્નત વ જમાઅત હનફી બરેલ્વી ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہના સાચા મુકલ્લિદો છીએ અને તેમની પૈરવીનો હાર અમારા ગળામાં નાખીને સાચા અર્થમાં કુર્આન તથા હદીષ પર અમલ કરીએ છીએ. જ્યારે ગૈર મુકલ્લિદો જેઓ માત્ર કુર્આન હદીષ પર અમલના દાવેદાર છે. તેમના કૌલ તથા અમલમાં ખુલ્લો વિરોધાભાસ જુઓ :–

લેખક : **હઝરત અલ્લામા મુહમ્મદકલીમ રઝવી નૂરી (મુંબઈ)**
અનુવાદક : **હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

☑ **હક્ક઼ :-**

**હદીષ** : હઝરત બુરૈદહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ત્રણ વાર ફર્માવ્યું, "વિત્ર હક્ક઼ (વાજિબ) છે, જેણે વિત્ર ન પઢી તે અમારામાંથી નથી." *(સુનને અબી દાઊદ–૧, પેજ : ૨૦૧, મુસ્તદરક હાકિમ, ભાગ : ૧, પેજ : ૩૦૫)*

**હદીષ** : હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ ફર્માવે છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "વિત્ર હક્ક઼ છે વાજિબ છે દરેક મુસલમાન પર."*(દાર કુત્ની, ભાગ : ૨, પેજ : ૨૨)*

☒ **બાતિલ :-**

**અહલે હદીષ** : ગૈર મુક઼લ્લિદોના આલિમો ફર્માવે છે : "વિત્ર હક્ક઼ છે દરેક મુસલમાન પર, પરંતુ વાજિબ નથી. હા તેની ક઼ઝા સાબિત છે." *(ઉર્ફુલજાદી–૩૩)*

હે પ્રિય વાંચકો ! ન્યાય કરો હદીષોથી અહલે હદીષનો કેટલો ઈખ્તેલાફ છે !

## ★ ઉદાહરણ નં. : ૧૨ ★

ગૈર મુક઼લ્લિદો (બેદીન) અમારી સાથે હનફિયતના હક્ક઼ તથા સાચા હોવા વિશે બાદમાં બહસ કરે. હનફી ફિક઼્હના મસાઈલ હદીષ મુજબ છે કે હદીષના વિરુદ્ધ તેને બાદમાં સમજે પરંતુ તેઓ જે જમાઅતથી સંબંધ ધરાવે છે એટલે કે અહલે હદીષ તેનો અભ્યાસ પૂરેપૂરી ઈમાનદારી સાથે એકવાર ફરીથી કરે તો તેઓને ખબર પડશે કે તેઓની જમાઅત અહલે હદીષ નહીં, હદીષોના મુન્કિરોની જમાઅત છે !

ના'રો તો લગાડે છે :–

**અહલે હદીષ કે દો ઉસૂલ**
**ફર્માને ખુદા વ ફર્માને રસૂલ**

હવે જુઓ કે હદીષ શું છે અને તેમનો અમલ શું છે ? :–

☑ **હક્ક઼ :-**

**હદીષ** : હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે : "મેં રસૂલુલ્લાહ ﷺને વુઝૂ ફર્માવતા જોયા, આપના સર મુબારક ઉપર કતરી પઘડી (અમામા શરીફ) હતી. આપ ﷺએ પાઘડી (અમામા શરીફ)ની નીચે હાથ નાખીને માથાના આગલા ભાગનો મસો ફર્માવ્યો." *(સુનને અબૂ દાઊદ, ૧/૧૯)*

☒ **બાતિલ :-**

**અહલે હદીષ** : તેમના આલિમોનો ફત્વો જુઓ :–

**૧.** માત્ર પાઘડી ઉપર મસો કરવો પણ કાફી છે. *(ફતાવા ઓલમાએ અહલે હદીષ, ૧/૨૭૫)*

**૨.** એકલા પાઘડી ઉપર મસો કરવો પણ સહીહ છે. *(અર્ફવઝતુલ્ હિંદિયા, ૧/૩૯)*

## ★ ઉદાહરણ નં. : ૧૩ ★

દેવબંદીઓ આપણી સાથે ખાવા ઉપર ફાતિહા વિશે ઝઘડે છે, અને ગૈર મુક઼લ્લિદો ઈમામ પાછળ ફાતિહા પઢવા વિશે ઝઘડે છે. ગૈર મુક઼લ્લિદો પાસે એવી કોઈ સહીહ મરફૂઅ, સ્પષ્ટ, સંકોચ વિનાની હદીષ નથી જેનાથી તેઓ સાબિત કરી શકે કે ઈમામ પાછળ સૂરએ ફાતિહા પઢવી જરૂરી છે. બસ માત્ર જીદ તથા હઠધર્મી જ છે.

નામ તો રાખી લીધું અહલે હદીષ પણ અમલ બધા જ હદીષના વિરુદ્ધ !

☑ **હક્ક઼ :-**

**હદીષ** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે : હુઝૂર ﷺએ ફર્માવ્યું, "ઈમામ એટલા માટે મુકર્રર (નિયુક્ત) કરવામાં આવે છે કે તેની ઈક્તેદા (પોતે નિયુક્ત કરેલ વ્યક્તિની પયરવી) કરવામાં આવે. તો તે (ઈમામ) જ્યારે તકબીર કહે તો તમે પણ (તકબીર) કહો. જ્યારે તે કિ઼ર્અત કરે તો તમે ચૂપ રહો. અને જ્યારે તે *સમિઅલ્લાહુલિમન*

હમિદહ કહે તો તમે *અલ્લાહુમ્મ રબ્બના લકલ હમ્દ* કહો." *(સુનને નિસાઈ, ૧/૧૦૭)*

હદીષની છ સહીહ કિતાબોમાંથી એક કિતાબ સુનને નિસાઈમાં આ રિવાયત છે. તેના વિરુદ્ધ દરેક ગૈર મુકલ્લિદોનો અમલ છે અને તેમના અલ્લામા નવાબ વહીદુદ્દીન ખાન લખે છે :–

☒ **બાતિલ :-**

**અહલે હદીષ** : "સૂરએ ફાતિહા પઢવું જરૂરી છે. ઈમામ, મુકતદી, એકલો નમાઝ પઢનાર તથા પાછળથી જમાઅતમાં શરીક થનાર દરેક માટે." *(નુઝૂલુલ અબરાર, ૧/૭૫)*

હનફીઓને હદીષના વિરોધી કહેનારાઓ પહેલાં પોતાનાં ઘરની ખબર લે ! હદીષના દુશ્મન તો આ નામના અહલે હદીષ જ છે.

**સિર્ફ દસ્તારસે ઈઝ્ઝત નહીં મિલને વાલી**
**લોગ કિરદાર પર ભી નઝર રખતે હૈં !**

**★ ઉદાહરણ નં. : ૧૪ ★**

"ન પળ્હે ન લિખે નામ મુહમ્મદ ફાઝિલ" ઉર્દૂ ભાષાની એક મશ્હૂર કહેવત છે.

અમુક લોકોએ પોતાનું નામ અહલે કુર્આન રાખ્યું, તેઓ દીનની બાબતમાં રસૂલુલ્લાહ ﷺની હદીષને હુજ્જત (પુરાવો) નથી માનતા. જ્યારે કે હદીષનું પુરાવો તથા દલીલ હોવું કુર્આનથી જ સાબિત છે ! તો પછી તેઓ અહલે કુર્આન કેવી રીતે કહેવાય ? જ્યારે કે તેઓ કુર્આનનું જ નથી સાંભળતા !! તેઓ પોતાને અહલે કુર્આન કહે છે અને આપણે તેમને મુન્કિરીને કુર્આન (કુર્આનનો ઈન્કાર કરનારાઓ) કહીએ છીએ !

એ જ રીતે અમુક લોકોએ પોતાનું નામ અહલે હદીષ રાખ્યું (હદીષ પર ચાલનારા). આ ફિર્કાએ કુર્આનની સાથે હદીષને પણ હુજ્જત (પુરાવો) માની. પરંતુ અલ્લાહના કુર્આન તથા હઝૂર ﷺની હદીષોથી (સાબિત છે કે) ઈજમાએ ઉમ્મત (ઉમ્મતની સહમતિ) તથા મુજ્તહિદો (નિષ્ણાત તથા સંશોધક ફકીહો)ના કયાસને માનવું પણ જરૂરી છે. કુર્આન તથા હદીષોથી આલિમો તથા ફકીહોની તક્લીદ (પયરવી કરવી) સાબિત છે, પરંતુ આ લોકો નથી માનતા. ભલા તમે જ કહો કે તે વ્યક્તિ કઈ રીતે અહલે હદીષ હોય શકે છે જે કુર્આન તથા હદીષની જ (વાત) ન માને ?!

એટલા માટે જ આપણે તેઓને ફિકહના મુન્કિર તથા તક્લીદના મુન્કિર (ગૈર મુકલ્લિદ) તેમજ લામઝહબ (બેદીન)ના નામથી ઓળખીએ છીએ.

જે રીતે "આલિમ" નામ રાખવાથી કોઈ "આલિમ" નથી થઈ જતો, ઠીક એ જ રીતે "અહલે હદીષ" નામ રાખવાથી કોઈ "અહલે હદીષ" નથી બની જતો, અહલે હદીષ તો તે કહેવાય જે હદીષની (વાત) માને. અને આ બિચારા ગૈર મુકલ્લિદોનો તો હદીષની સાથે વિરોધ છે.

☑ **હક્ક :–**

**હદીષ** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "જ્યારે તમારામાં કોઈ કઝાએ હાજત (ટોઈલેટ, પેશાબ કરવા માટે) બેસે તો તે હરગિઝ, હરગિઝ કિબ્લા તરફ ન પીઠ કરે, ન મોઢું." *(સહીહ મુસ્લિમ, ૧/૧૩૧)*

આ હદીષ બીજા નંબરની મોટી કિતાબ મુસ્લિમ શરીફમાં છે. જેમાં હુઝૂર ﷺનું આ ફર્માન મૌજૂદ છે. પરંતુ નામના અહલે હદીષોના આલિમો આ હદીષના વિરુદ્ધ ફત્વો આપે છે અને તેના પર તેઓ અમલ પણ કરે છે.

☒ **બાતિલ :-**

**અહલે હદીષ** : "ઈસ્તિંજા (પેશાબ, ટોઈલેટ) કરતી વખતે કિબ્લા તરફ પીઠ કરવી મકરૂહ નથી." *(નુઝૂલુલ અબરાર, ૧/૫૩, દસ્તૂરુલ મુત્તકી–૪૫)*

**આઈના ક્યા બતાએગા મુઝસે મિલાઓ આંખ**
**મેરી નઝર કસૌટી હૈ હુસ્નો જમાલ કી**

★ ઉદાહરણ નં. : ૧૫ ★

બાતિલ ફિર્કાઓએ પોતાના નામો તો એટલાં સુંદર રાખ્યાં છે કે જેને જોઈને એમ લાગે છે કે મોટા દીનદાર જ એ લોકો છે. એવો જ આ જમાનામાં અહલે હદીષનો (ગૈર મુકલ્લિદોનો) ફિર્કો છે. "હદીષ પર ચાલનારા" નામ રાખ્યું અને તેઓ દાવો પણ કરે છે હદીષ પર ચાલવાનો જ.....!!! પરંતુ શું હકીકતમાં "અહલે હદીષ" છે ?!

રસૂલુલ્લાહ ﷺની હદીષ (ફર્માન) તથા કહેવાતા હદીષની જમાઅતના આલિમોના ફત્વોઓનો અભ્યાસ કરો.

☑ હક્ક :-

**હદીષ** : ઈમામ તિર્મિઝી رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત ઝૈદ બિન અરકમની હદીષ હસન સહીહ છે અને તેના પર જ (આવનાર હદીષ પર જ) મોટાભાગના આલિમોનો અમલ છે. તેઓ ફર્માવે છે કે જયારે કોઈ વ્યક્તિ નમાઝમાં જાણી જોઈને અથવા ભૂલથી વાત કરે તો નમાઝ ફરીથી પઢે." *(જામેઅ્ તિર્મિઝી, ૧/૯૨)*

આ હદીષ સહીહ છે અને હદીષોની ૬ સહીહ કિતાબોમાંની એક છે. હવે તેના વિરુદ્ધ ગૈર મુકલ્લિદ આલિમનો ફત્વો વાંચો :–

☒ બાતિલ :-

**અહલે હદીષ** : (૧) ભૂલથી વાતચીત કરવાથી નમાઝ તૂટશે નહીં. *(ઉર્ફુલજાદી–૨૩)*

(૨) જો ઈમામ તથા મુક્તદી ભૂલથી નમાઝમાં વાચીત કરે તો પણ નમાઝમાં કોઈ નુકસાન નથી થતું. *(દસ્તૂરુલ મુત્તકી, પેજ : ૧૨૨)*

તમે જ જોઈ લો કે હદીષ પર અમલ કરવાનો તેમનો દાવો કેટલો સાચો છે ?!

★ ઉદાહરણ નં. : ૧૬ ★

નામના અહલે હદીષનો હદીષે રસૂલ ﷺથી કેટલો વિરોધ તથા ઈખ્તેલાફ છે તે ઉપરોક્ત ૧૫ ઉદાહરણમાં તમે વાંચી લીધું.

ડૉ. ઝાકિર (જોકર) નાયક અહલે હદીષ જમાઅતનો પ્રતિનિધિ તથા મુબલ્લિગ (પ્રચારક) છે, જે વિશ્વ સ્તરે ગુમરાહિયતનો પ્રચાર કરે છે. તમે અકસર તેના જલ્સાઓમાં જોયું હશે કે કાફિરોના હાથોમાં કુર્આન આપવામાં આવે છે અને આ કાર્યને તેઓ "સવાબનું કામ" ગણે છે.

આવો આપણે રસૂલુલ્લાહ ﷺની હદીષની રોશનીમાં તેઓના આ અમલને જોઈએ :–

☑ હક્ક :-

**હદીષ** : હઝરત હકીમ બિન હિઝામથી રિવાયત છે કે જયારે હુઝૂર ﷺએ તેમને (હકીમ બિન હિઝામને) યમનના હાકિમ (ગવર્નર) બનાવીને મોકલ્યા તો ફર્માવ્યું, "હે હકીમ ! તું કુર્આનને હાથ નહીં લગાડીશ પરંતુ તે સ્થિતિમાં કે તું પાક રહે." (એટલે પાક હોવાની સ્થિતિમાં જ કુર્આનને હાથ લગાડજે) *(મુસ્તદરક હાકિમ, ૩/૪૮૫, દારકુત્ની, ૧/૧૨૨)*

નબીએ પાક ﷺના આ ફર્માન (હદીષ) વિરુદ્ધ ગૈર મુકલ્લિદ આલિમ નવાબ વહીદુદ્દીન ખાનનો ફત્વો વાંચો :–

☒ બાતિલ :-

**અહલે હદીષ** : (૧) કુર્આનને અડકવા માટે તહારત જરૂરી નથી. *(નુઝૂલુલ્ અબરાર, ૧/૯)*

(૨) બેવુઝૂ વ્યક્તિ માટે કુર્આન પકડવું જાઈઝ છે. *(ઉર્ફુલજાદી–૧૫)*

ફિકહે હનફી પર આંગળી ચીંધતા પહેલાં હદીષના ઠેકેદાર ગૈર મુકલ્લિદો પોતાના ઘરની તો ખબર લે !!!

**હાં ! બારિશોં સે દોસ્તી અચ્છી નહી ફરાઝ**
**કચ્ચા તેરા મકાન હૈ કુછ તો ખયાલ કર !!**

# કહેવાતા લવ કે લવ મેરેજના સબબો, તેની ખરાબીઓ તથા ઈલાજ

કાર્યાલય

લવ મેરેજનું ઝેર આપણા સમાજમાં ગૈર કોમોની દેખાદેખી આજકાલ ઝડપભેર ફેલાતુ જઈ રહ્યું છે. દીનથી દૂરી અને સામાજિક અયોગ્ય ચલણે આપણને ઈસ્લામી સંસ્કાર તથા સભ્યતાઓથી ઘણા દૂર ધકેલી દીધા છે. કેટલાય એવા બનાવો બની રહ્યા છે કે કાલે શાદી છે અને આજે બેટી ગાયબ થઈ ગઈ! મા બાપ પર કુટુંબ પર મુસીબતનું આભ તૂટી પડે છે, સમાજમાં તેમની ફજેતી થાય છે. ઈસ્લામી સમાજની બેટીઓ પણ ગૈરોની જેમ ઈશ્કો મહોબ્બતની જાળમાં ફસાઈને પોતાની તથા પોતાના ખાનદાનની ઈજ્જત તથા વકારને ધૂળમાં મેળવી રહી છે અને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمَની નાફર્માની કરીને પોતાની દુનિયા તથા આખેરતને બર્બાદ કરવામાં જરાય ખૌફ મેહસૂસ નથી કરતી.

અસલમાં ઈસ્લામી સંસ્કાર તથા સભ્યતાને છોડીને આપણે પશ્ચિમી મોડર્ન કલ્ચરને અપનાવી લીધું છે, જે કલ્ચરમાં નવ યુવાન પેઢી માટે ન કોઈ કૈદ કે પાબંદી છે અને ન શરમ તથા હયાનો કોઈ લેહાજ છે. આ મોડર્ન કલ્ચરના પ્રમાણે યુવતીઓનું આઝાદ ઘુમવુ ફરવું, અજનબી પુરૂષોની બાહોમાં બાહો નાખીને સહેલ સપાટા કરવાની મજા લૂટવી, નવા નવા દોસ્ત બનાવીને તેમની સાથે સંબંધો સ્થાપવા એ કોઈ અચબની વાત નથી રહી! બલ્કે એ એક રીતે પોતાના એડવાન્સ હોવાની નિશાની છે. બદકિસ્મતીએ મુસ્લિમ સમાજના એક મોટા તબકાએ પણ આ કલ્ચરને જિંદગીની ઊંચી કક્ષા સમજીને ગર્વભેર એને અપનાવી લીધેલ છે. આવા સમાજની દીકરીઓ પ્રથમ ફ્રેન્ડશીપનો ખેલ ખેલે છે, પછી ઈશ્કો મહોબ્બતના ધોરી માર્ગથી ગુજરીને લવ મેરેજ સુધી પહોંચી જાય છે.

ઈસ્લામે પુરૂષ તથા સ્ત્રીને પોતાની પસંદની શાદીનો અધિકાર આપ્યો છે, પરંતુ એના માટે હદ તથા તરીકો નિશ્ચિત છે. પણ પસંદની શાદીના નામ પર ઈશ્કબાજી, અજનબી છોકરાઓ સાથે બેફામ મેળમેળાપની ઈસ્લામમાં તદન ઈજાઝત નથી. આજે લવ મેરેજને કારણે ઘણા બધા ખાનદાનોનું ચૈન સુકૂન ખત્મ થઈ ગયું છે. મા બાપ દર દરની ઠોકરો ખાવા મજબૂર થાય છે. અનુભવો દર્શાવે છે કે આવી શાદીઓના અંજામ ઠીક નથી હોતા. શાદીથી પહેલાં જેવી મહોબ્બત શાદીના પછી બાકી નથી રહેતી. ઘણીવાર મતભેદો ત્યાં સુધી વધી પડે છે કે તલાક ખુલઅ તથા સામ સામે કેસોની નોબત પણ આવી જાય છે. **આ કાંઈ લવ હોતો નથી બલ્કે એક જાતના જાતીય આકર્ષણનો નશો હોય છે જે ટૂંકા ગાળામાં જ ઉતરી જાય છે, પછી એકબીજાથી અનબન થઈ જાય છે અને કહેવાતો પ્રેમ હવે નફરતમાં ફેરવાયને જિંદગીને નર્કાગાર બનાવી દે છે,** અને ખાનદાનવાળાઓ તથા મા બાપની ફજેતી થાય તે વધારામાં! નીચેના લખાણમાં લવ મેરેજની લાનતને ઉત્તેજન મળવાના સબબો તથા તેના નિવારણના તરીકાઓ વિશે ચર્ચા કરવામાં આવી છે.

**★ દીની કેળવણીથી મેહરૂમી ★**

બાળકોને આધુનિક ઉચ્ચ તાલીમ અપાવવાની

સાથોસાથ તેમની ઉમદા કેળવણી થવી પણ જરૂરી છે અને એના માટે દીની ઈસ્લામી તાલીમ તથા તર્બિયત સતત થવી અનિવાર્ય બાબત છે, આપણા બાળકો સ્કૂલ, કોલેજ, કોમ્પ્યુટરના શિક્ષણમાં આગળ વધી જાય છે તેનાથી મા બાપો જાણે ખુશીમાં ફુલાઈ જાય છે, પણ ઈસ્લામી અખ્લાક઼, ઈસ્લામી રીતભાત, પહેરવેશ, તથા શરમો હયાની તાલીમ તથા તર્બિયત ન મળવાને કારણે જતા દિવસે બાળકો છકી જાય છે અને લવ મેરેજ જેવાં લફરાંમાં ફસાય જાય છે અને ગમે તે જાતિ કે કૌમ કે બાતિલ ફિર્કાવાળાઓની સાથે લાગુ થઈ જઈને સૌની જિંદગીને અજીર્ણ કરી નાખે છે.

બાળકોની સહી કેળવણીના માટે મા બાપનું તેમની સાથે સંપર્કમાં રહેવું તેમજ તેમની દરેક ગતિવિધિ પર નજર રાખવું ખૂબ જ જરૂરી છે. સંપર્કમાં રહેવાથી જ બાળકની માનસિક સ્થિતિ સમજમાં આવે છે અને તેના પ્રમાણે જરૂરી કાર્યવાહી કરવામાં મદદ મળે છે. આજે આપણા સમાજમાં ઔલાદને આઝાદ છોડી મૂકવામાં આવે છે અને એ જાણવાની જરૂરત મેહસૂસ નથી કરવામાં આવતી કે બાળકો શું કરે છે, ક્યાં જાય છે, શું જુએ છે, શું સાંભળે છે, કોને મળે છે, કેવા એમના મિત્રો છે વગરે, જેના પરિણામે એમની આદતો આઝાદીના કારણે બગડવા માંડે છે. મા બાપનો પ્રભાવ તથા ડર તેમના દિલોએથી નીકળી જાય છે અને પછી તેઓ પોતાની મરજી મુજબ દરેક તે કામ કરે છે જે તેમને ગમે છે. બાળકો ઘરમાં હોય કે ઘર બહાર પણ તેમની એક્ટિવિટી પર નજર રાખવી જરૂરી છે, ત્યાં સુધી કે તેમની રમતો, તેમના અભ્યાસ હેઠળનાં પુસ્તકો, તેમની સહેલીઓ તથા મિત્રો પર સાવચેતીની નજર રાખવી જરૂરી છે.

જો સાવચેતી રાખવામાં આવશે તથા તેમને ઈસ્લામી તાલીમ કાળજીપૂર્વક આપવામાં આવશે તો બાળક કોઈ ગલત પગલુ ભરી ક્યાંક સંડોવાય કે ગલત લોકોમાં ફસાઈ જાય તે પહેલાં તેના ઈલાજનો તથા ખોટી વ્યક્તિ કે ખોટી જગાએ ફસાવામાંથી બચવાનો માર્ગ નીકળી શકે. જો નિષ્કાળજી કરવામાં આવી તો જતા દિવસે બુરાં પરિણામો આવી શકે છે.

### ★ મિશ્ર શિક્ષણ વ્યવસ્થા ★

છોકરા છોકરીઓની મિશ્ર શિક્ષણ વ્યવસ્થા સ્કૂલ કોલેજોમાં જે છે તે લવ મેરેજની ખરાબી માટે આગમાં પેટ્રોલનું કામ કરી રહી છે. રોજ નવા નવા નવયુવાનો નવયુવતીઓ મળે છે, દોસ્તીના નામે આગળ વધે છે અને અહીંથી નિગાહોથી દિલો સુધી ફાસલા પાર પડે છે અને ઈશ્કો મહોબ્બતના માર્ગોમાં આગેકૂચ થાય છે અને છેવટે લવ મેરેજ સુધી વાત પહોંચે છે.

જ્યારે કે ઈસ્લામે અજનબી (નામેહરમ) સ્ત્રીને નજર ઉઠાવીને જોવી હરામ ઠરાવ્યું છે. ફર્માવ્યું કે, **"આંખોનો ઝિના જોવું છે, અને કાનનો ઝિના સાંભળવું છે અને ઝબાનનો ઝિના વાત કરવું છે અને હાથનો ઝિના પકડવું છે..."**

પણ આ શિક્ષણ પદ્ધતિમાં આંખ, કાન, જીભ, હાથ વગેરેના માટે કેટલાય એવા મોક઼ા આવે છે કે જેના કારણે તેઓ આ હદીષ પાકમાં દર્શાવેલ ગુનાઓમાં સપડાયને સીધા માર્ગથી ભટકી જાય છે. ક્રમે ક્રમે દિલ તથા નિગાહની આ ગતિવિધિઓ પ્રગતિ કરતી જાય છે અને મામલો છેવટે ઘરવાળાઓથી બગાવત અને લવ મેરેજ સુધી પહોંચી જાય છે.

આ ક્ષેત્રમાં એક બુરી બાબત એ પણ છે કે આપણા તાલીમ કેન્દ્રોમાં વિદ્યાર્થીઓના શિક્ષણના માટે એક મોટી સંખ્યા પુરૂષ ટીચરો, પ્રોફેસરોની હોય છે. પુખ્ત વયની છોકરીઓ તેમના ગૈર મેહરમ ટીચરો સામે બેપર્દા હોય છે, તથા શિક્ષણ દરમ્યાન, ટયૂશનોમાં નિકટતા તથા એકાંતના પણ પ્રસંગો બનતા હોય છે જેમાં અનૈતિક સંબંધો સ્થાપવાના તેમજ ભોળી છોકરીઓને ફસાવીને તેમનું શારીરિક

શોષણ થવાના બનાવો પણ બનતા હોય છે. અવાર નવાર વર્તમાન પત્રોમાં એના સમાચારો ચમકતા રહે છે. ટીચરો સાથે લવ અફેર્સના બનાવ કે લવ મેરેજની ઘટનાઓ બનતી હોય છે. ઈસ્લામમાં આ પ્રકારના સંપર્કો તથા નિકટતાને કોઈ સ્થાન નથી, છતાં આવું ચાલતુ રહે છે જેના પરિણામે ઘણી મુસીબતો સમાજ તથા જે તે કુટુંબ માટે ખડી થતી હોય છે.

ઓફીસોમાં, સ્કૂલ કોલેજોમાં વગેરે સ્થળોએ પુરૂષ કર્મચારીઓ સાથે સ્ત્રી કર્મચારીઓની રોજની ભેળસેળ તથા લચ્છેદાર થતી વાતો પણ આ કહેવાતા લવ તથા લવ મેરેજમાં પરિણમતી હોય છે.

### ★ ઈન્ટરનેટ તથા સેલફોન ★

ઈન્ટરનેટ તથા સેલફોન ખૂબ જ ઝડપભેર આપણા સમાજમાં દાખલ થઈ ચૂકેલ છે. ઘરનાં સર્વ સભ્યોના હાથમાં મોબાઈલ છે, ત્યાં સુધી કે ઘરની સ્ત્રીઓ તથા નવયુવતીઓ પણ આ વબાથી મેહફૂઝ નથી, બલ્કે તેમના હાથમાં તો ખાસ આ ચીજો રહે છે ! કોને ખબર ક્યા સોદા કે વેપાર તેમણે કરવાના હોય છે ?! મોબાઈલના સસ્તા કોલ અને કોમ્પ્યુટર પર ઈન્ટરનેટ કનેકશને તો બળતામાં ઘી હોમ્યું છે ! ઈન્ટરનેટ પર ચેટિંગનો રિવાજ એક જાતની ફેશન બની ચૂક્યો છે. ફેસબુક, વોટ્સ એપ વગેરે સોશિયલ મીડિયા થકી દુનિયાભરના ગમે તે વ્યક્તિ સાથે સંપર્કમાં યુવાન યુવતીઓ જોડાતી હોય છે, જેના પરિણામે હવે તો શરીફ ઘરાનાની છોકરીઓ પણ બંધ કમરામાં ઈશ્કબાજીના ફાગ ખેલવા લાગી છે ! મોબાઈલ થકી ગમે તેની સાથે શૈતાની પ્રવાહમાં ખેંચાઈને પ્રથમ દોસ્તી પછી પાત્રની પસંદગી અને પછી લવ અને પછી લવ મેરેજ ! જો કે એવા મેરેજોનું ભવિષ્ય પણ લાંબુ નથી હોતું !

સેલ ફોન તથા ઈન્ટરનેટ થકી છોકરા છોકરીઓ માટે ઈશ્કબાજી ખૂબ જ સરળ થઈ ગઈ છે. મહોબ્બતનો પયગામ પહોંચાડવા માટે હવે ન તો પોસ્ટ કવરની જરૂરત છે ન તો કાસિદની ! ફોન પર આંગળીઓ ફરે છે અને પળવારમાં પોતાના યારની નજીક બંધ રૂમમાં બેઠેલી યુવતી પહોંચી જાય છે, મુલાકાતની જગાઓ સમયો નક્કી થઈ જાય છે, ઘરવાળાં તો પોતાની દીકરી દીકરાને ભોળાં સમજતાં હોય છે પણ અહીં રોજ કેટલા ખેલો ખેલાતા હોય છે ! અને લવ મેરેજની ઘટનાઓ છેવટે સમાજમાં ઉપસ્થિત થતી રહે છે. આમ મોબાઈલ તથા નેટનો સૌથી વિશેષ રોલ આ બાબતે રહ્યો છે.

### ★ શાદીમાં મોડુ કરવું ★

લવ મેરેજના સબબોમાંથી એક મહત્વનો સબબ મોડેથી શાદી કરવું પણ છે. બાળકો પુખ્ત થઈ જાય તો મા બાપ તેમની શાદીની ગોઠવણ કરી આપે એ મા બાપનો ફરીઝો છે. પરંતુ આપણા સમાજમાં ગૈર જરૂરી ચીજોની રાહ જોવામાં શાદીમાં લેટ કરવું સામાન્ય થઈ ગયું છે. ક્યારેક નોકરીની રાહ જોવામાં તો ક્યારેક સારા ઘર તથા ખાનદાન તરફના રિશ્તાની રાહ જોવામાં મા બાપ પોતાની ઔલાદની શાદીમાં લેટ કરે છે. અમુક મા બાપો કમાતા યુવક યુવતીની શાદી એ કારણે લેટ કરે છે કે શાદી કરાવીશું તો કમાણી હાથથી જતી રહેશે કે કમાતી યુવતી બીજાને ત્યાં જતી રહેશે અથવા પુત્ર પત્નીનો થઈ જશે ! પરંતુ એનાં બુરાં પરિણામો એ આવે છે કે યુવાન હૈયાંઓ ગમે ત્યાં લંગરાઈ જઈને લવ મેરેજના માર્ગે ચાલી નીકળે છે.

### ★ લવ મેરેજના આવાં પરિણામો પણ આવે છે ! ★

આજકાલ અધિક્તર જાહેરી શારીરિક આકર્ષણથી આકર્ષાયને અમુક યુવાન યુવતી એકબીજાને ચાહવા લાગે છે અને તેને "લવ"નું નામ આપે છે. પણ ખરેખર એ મોટાભાગે ક્ષણિક યુવાની સહજ આકર્ષણની ભાવના તથા મોજ મસ્તી કરવાનો નશો જ હોય છે. એની સાબિતી એ છે કે આજકાલ લવ મેરેજ કરનારાં અનેક જોડાં થોડાક અરસામાં

એકબીજાથી મતભેદ કરીને છૂટાં થઈ જાય છે. લવના નામે મેરેજ કરનાર યુવતીઓ કેવી ફસાય છે તેને સાંભળેલાં તથા અનુભવેલાં, જોયેલાં અમુક દ્રષ્ટાંતો જોઈ લઈએ. એક માલદાર ઘરની એક યુવતીએ ફેસબુક પર કોઈ બીજા જ રાજ્યના હિંદુ યુવાન સાથે મિત્રતા કરી, એના પછી ક્રમે ક્રમે તે સંબંધ લવમાં પરિણમ્યો અને છોકરીએ મા બાપને છોડી ભાગીને ત્યાં જઈને તે હિંદુ યુવાન સાથે કોર્ટમાં મેરેજ કરી લીધા. સમાજમાં મા બાપની આબરૂની લિલામ કરી નાખી. પણ થોડાક જ સમયમાં તેના સાથે પરણનાર યુવાને તેનો રસકસ ચૂંસી લીધા બાદ તેને તકલીફો આપવી શરૂ કરી તો છેવટે લવ મેરેજ કરનારી તે યુવતીના લવનો ભ્રમ ભાગી ગયો અને નાસીપાસ થઈને સર્વ કાંઈ લૂટાવીને મા બાપને ઘરે પરત ફરી.

આવા જ એક બનાવમાં એક કોમ્પલેક્ષમાં ભેગા રહેતાં હિંદુ મુસ્લિમ બે ઘરવાળા વચ્ચે સારો સંબંધ હતો. મા બાપ તે હિંદુ પર એટલો બધો વિશ્વાસ કરતાં કે પોતાની યુવાન પુત્રીને તેમના ઘરે સોંપીને બહાર ગામ પણ જતાં રહેતાં. પરિણામે યુવતી તે ઘરના હિંદુ યુવાનના લવમાં પડી. પછી એ હિંદુ કુટુંબ ક્યાંક દૂર રહેવા ગયું તો તે છોકરીને તે યુવાન ભગાડી ગયો અને તેની સાથે મેરેજ કરી લીધા અને મા બાપ કાંઈ કરી ન શક્યાં. પણ વરસમાં જ એ છોકરીને એક પુત્રની સાથે તે લોકોએ કાઢી મૂકી તો પુત્ર સાથે મા બાપના ઘરે પાછી ફરી. તમે સમજી શકો છો કે તે પુત્રી તથા મા બાપની શું હાલત થઈ હશે ?! અને હવે એ છોકરીની બીજે શાદી કરાવવી અતિ મુશ્કેલ થઈ ગયું છે. જિંદગી તો બર્બાદ થઈ ગઈ, અને તેમના ધર્મ પ્રમાણે આટલો સમય રહેવાથી જો તૌબા ન કરે તો આખેરત પણ બર્બાદ છે !

એક ભોળી યુવતી આ જ પ્રમાણે લવના ભ્રમમાં એક યુવાન સાથે ફસાઈ અને લવ મેરેજના નામે ઘરેથી ભાગી અને તે યુવાન સાથે લવ મેરેજ કરી લીધા. એક વરસ રંગરેલીઓ મનાવી પછી ખબર પડી કે તે યુવાન તો પરણીત છે ! અને આજકાલ વર્તમાન પત્રોમાં આવા કિસ્સા આવે છે જેને સૌ વાંચે છે છતાંય નથી સમજતી બહેનો ! કે લવના નામે ફસાવીને યુવતી સાથે બે બે વરસ સુધી એકાંતમાં, હોટલોમાં રંગરેલીઓ મનાવી અને છેવટે યુવતીએ મેરેજ માટે જીદ કરતાં તેને છોડી મૂકી ! અથવા યુવતી સગર્ભા થતાં તેને ત્યજી દીધી. પછી શું થયું ?! તે યુવાન પર બળાત્કારનો કેસ કર્યો !

સારાંશ કે કહેવાતા લવ તથા લવ મેરેજનાં પરિણામો ઘણે ખરે અંશે તલાક, લડાઈ, ઝઘડા, ખૂન કે આત્મહત્યામાં પરિણમે છે, જેનાં અનેક દ્રષ્ટાંતો જોવામાં આવી ચૂક્યાં છે, જેથી અલ્લાહે અક્લ આપી છે તો યુવતીઓ આ ધંધામાં ન પડે અને લવના ભ્રમમાં જિંદગીને બર્બાદ ન કરે, મા બાપની ઈજ્જતની લિલામ ન કરે.

### ★ લવ તથા લવ મેરેજની બુરાઈથી બચવાનો ઉપાય ★

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! વર્તમાન કાળમાં કહેવાતો લવ એ કાંઈ જ નથી કેવળ એક વિજાતિય આકર્ષણ છે જે પ્રાકૃતિક રૂપે યુવાન વયે ઉદ્ભવતુ હોય છે, પણ માણસે લાગણીના તાણાવાણામાં ન વહી જતાં વાસ્તવિકતા પર નજર રાખી સબ્ર તથા સંયમ રાખી પોતાના ચારિત્રની તથા ભવિષ્યની જિંદગીની સલામતી વિશે વિચારીને કોઈ કદમ ભરવો જોઈએ. એવું પણ જોવા મળે છે કે આજે આ પાત્ર સાથે લવ અફેર ચાલે છે તો કાલે બીજા સાથે, આ શું છે ?! એ જ જે ઉપર જણાવ્યું. જેથી જીવન સાથીની તલાશમાં ઉતાવળ ન કરવી, તેમજ તમો બિન અનુભવી છો, જ્યારે તમારાં મા બાપ તથા વડીલો જગતને અનુભવી ચૂકેલાં તથા ઓળખી ચૂકેલાં છે, અને તમારી ભલાઈ શામાં છે એ તમારા કરતાં વિશેષ સમજે છે, જેથી તે તમારું સારું થાય તે જ વિચારશે. માટે આ જીવન સાથીના માર્કેટમાં જાતે જાતે વહોરવા

ન નીકળી પડો ! બલ્કે અનુભવીઓને તમારા માટે વહોરવા દો, અને એને જ અપનાવો તેમાં તમારી બંનેવ જિંદગીની ભલાઈ છે. અથવા તમને કોઈક પાત્ર ગમી પણ જાય તો વડીલોની સલાહ લો અને તેઓ મંજૂર કરે તો જ આગળ વધો, નહીં તો જીવનભર પસ્તાવાનો વારો આવી શકે છે.

## ★ મુસલમાન છો ! તો ઈસ્લામના માર્ગે જ ચાલો ! ★

લવ તથા લવ મેરેજના ભ્રમમાં કેટલીયે કુંવારી કળીઓ મુરઝાઈને બર્બાદ થઈ ગઈ છે. અને તેનું કારણ એ છે કે પોતે મુસલમાન હોવા છતાં અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيۡهِ وَسَلَّمَનાં ફર્માનોની તેમણે સતત અવગણના કરી. જો એટલું જ વિચાર્યું હોત કે હું કોણ છું ? મુસલમાન ! તો મારે ઈસ્લામના સૂચવેલા માર્ગે જ દરેક કદમ ઉઠાવવો જોઈએ. **સર્વ બુરાઈઓ તરફ બર્બાદી તરફ લઈ જતા પરિબળોથી સલામત રહેવાનો એક જ માર્ગ છે કે ઈસ્લામના આદેશો પ્રમાણે ચાલો.** જો ગૈરો પણ ઈસ્લામના આદેશને અપનાવી લે તો દુનિયા સુખ શાંતિનો ગુલશન બની શકે છે.

સાંભળો ! આ કહેવાતો "લવ" તથા લવ મેરેજ એ મોટાભાગે ભ્રમ જ પુરવાર થાય છે. "લવ" એવા સાથે કરો જેમાં કદી ધોકો નથી ! અને તે છે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيۡهِ وَسَلَّمَની મહોબ્બત. તમો અલ્લાહને મહોબ્બત કરો, તેનાં ફર્માનોને માથે ચઢાવો તો તમારું સારું જ થશે. એ રબ તે છે જે ૭૦ માઓ કરતાંય તમને અધિક ચાહે છે. તો જેવી રીતે તમારી મા તમને દુ:ખી નથી જોઈ શક્તી, તેમ તમારો રબ એથી અધિક તમને ચાહતો હોવાથી તમને રંજોગમની દુનિયાથી બચાવીને સલામતી તથા સુકૂનથી જિંદગી અતા કરશે. જેથી દિલની ભાવનાઓના તથા દિમાગી તરંગોના વહેણમાં નહીં પણ વાસ્તવિકતાને નજરો સમક્ષ રાખી જીવન જીવો તો તમારું સારું જ થશે, અને નહીં માનો તો જીવનભર રડાકૂટા વેઠવા તૈયાર રહેજો.

અલ્લાહના રસૂલ ﷺની મહોબ્બત શું છે ? બંને જહાનની ભલાઈનું તાવીઝ છે ! એને ગળામાં નાખી લો. સાંભળો ! ખુદ નબી કરીમ ﷺનું જ ફર્માન છે કે **"જેણે મારી સુન્નતથી મહોબ્બત કરી તેણે મારાથી મહોબ્બત કરી અને જેણે મારાથી મહોબ્બત કરી તે જન્નતમાં મારી સાથે હશે."** *(તિર્મિઝી શરીફ, મિશ્કાત શરીફ)*

પ્યારા નવયુવાન ભાઈઓ ! બહેનો ! આ જગત નાશવંત છે. કોણ કેટલા વરસે અને કઈ ઘડીએ મરી જશે તે નક્કી નથી. અને ત્યારબાદ કયામત સુધી કબરની જિંદગી છે. પછી કયામતનો એક દિવસ પચાસ હજાર વરસનો હશે, અને પછી જન્નત તથા જહન્નમ, જે ફેંસલો થશે તેમાં હમેશાં હમેશ માટે રહેવાનું છે. એના પર સર્વ મુસલમાનનું ઈમાન છે. તો પછી આ ક્ષણિક આનંદ કે સુખ માટે આખેરતની સરખામણીમાં પળવારની જિંદગીને શા માટે મનમાની કરીને બર્બાદ કરવી ?! જેથી સમજો અને રસૂલુલ્લાહ ﷺની મહોબ્બતને દિલમાં બેસાડો. અને મહોબ્બતનો તકાઝો છે કે તેમના કહ્યા પર ચાલો.

રસૂલુલ્લાહ ﷺએ પોતાની મહોબ્બતનો આધાર પોતાની સુન્નત પર ચાલવાને બતાવ્યું. તો સાંભળો ! રસૂલુલ્લાહ ﷺની સુન્નત શું છે ? :

- ❑ "ગૈર મેહરમ તરફ જોવાથી બચવું, નીચી નજરે ચાલવું."

હવે (વિના જરૂરત) વાત કરવાની વાત તો દૂર રહી, અહીં તો જોવાની પણ છૂટ નથી, અને નીચી નજરે ચાલવાથી કોઈ ફિત્નામાં માણસ પડી શક્તો નથી. હું કહું છું કે **આ એક સુન્નતને જ ચુસ્તપણે અપનાવી લેવામાં આવે તો તમામ બુરાઈઓના દરવાજા બંધ થઈ શકે છે.** તો આપણે કોશિશ કરવી જોઈએ કે આ સુન્નત પર ચાલીએ.

❑ "વાજિંત્રોના (મ્યુઝિક)ના અવાજથી બચવું અને ખેલકૂદથી દૂર રહેવું." આજે ઘરે ઘર તથા વ્યક્તિ વ્યક્તિના પાસે મ્યુઝિક તથા ખેલકૂદ મનોરંજનનાં સાધનો હોવાં સામાન્ય થઈ રહ્યું છે. દરેક હાથોમાં મોબાઈલ, કાનોમાં ઈયર ફોનથી મ્યૂઝિક, ફિલ્મી ગીતો .... વગેરે તથા ટીવી કે મોબાઈલ પર ક્રિકેટ, ફૂટબોલ વગેરેના તમાશા કે ગેઈમ ખેલાતી રહે છે, અને ખાસ કરીને નવયુવાન નસલ નહીં તોય ૮૫% એના પાછળ ગાંડી છે ! તો તમો જો રસૂલુલ્લાહ ﷺની મહોબ્બતનું મહત્વ સમજતા હોવ અને તેનું ફળ હમેશાંની જિંદગી માટે મેળવવા ચાહતા હોવ તો આ બધાંથી દૂર થઈ જાવ. સાંભળવું હોય તો કુર્આનની તિલાવત, તેનો તર્જુમો તથા સમજૂતી સાંભળો, નઅતે પાકના નગ્મા સાંભળો, દીની સુન્ની ઉલમાના બયાનો સાંભળો, સુન્ની દાવતે ઈસ્લામીના સુન્ની તર્બિયતી ઈજતેમાઓમાં હાજરી આપો, અને તમારી જિંદગીને રૂહાનિયતની ખુશીથી ભરો અને આખેરતને પણ સમારી લો.

❑ નબી કરીમ ﷺ કદી કોઈ નામેહરમને બેપર્દા મળતા હતા ન સહાબાએ કોઈ નામેહરમની એકાંતમાં મુલાકાત કરી, ન કોઈ વલીએ કોઈ નામેહરમનો સ્પર્શ કર્યો.

આજે આપણે નબી કરીમ ﷺની, સહાબા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَની તથા વલીઓની મહોબ્બતનો ઝબાની તૌર પર દમ ભરીએ છીએ પણ આપણુ જીવન તેમના કથનો તથા અમલોથી તદ્દન વિપરિત છે, તો તમો જાતે જ વિચારો કે બર્બાદી આપણુ મુક઼દ્દર ન બને તો શું થાય ? તો વાતને ટૂંકાવતાં એટલું જ જણાવું કે મારી બહેનો ! ઈસ્લામનો અભ્યાસ કરો, ખાતૂને જન્નત હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہاની જિંદગી વાંચો અને તેને આઈડિયલ બનાવો કે જે જન્નતી ઔરતોની સરદાર છે. તમો કોઈ હિરોઈન કે મોડેલને આઈડિયલ ન બનાવો કે તે ખુદ જહન્નમની ડગર પર ડગ માંડી રહી છે, તેની પાછળ જશો તો આ દુનિયા પણ જહન્નમ બની જશે અને આખેરતમાં જહન્નમ તમારું મુક઼દ્દર બની જશે. તેમજ નવયુવાનો, વડીલો રસૂલે પાક ﷺની સીરતનો અભ્યાસ કરે, કુર્આન શરીફનો તર્જુમો કન્ઝુલ ઈમાન પઢે, તેને સમજે અને તેના પર ચાલવા કોશિશ કરે તો બંને જહાનમાં બહારો જ બહાર હશે, ખુશીઓ જ ખુશીઓ તથા ચૈન સુકૂન હશે. મોબાઈલનો ઉપયોગ ફક્ત જરૂર પૂરતો થોડીવાર માટે જ કરો, તેને રમકડુ સમજી ટચ ટચમાં તમે ક્યાંથી ક્યાં પહોંચી જશો ! એમાં ગુનાહો તથા બર્બાદીઓનો અઢળક સામાન ભરેલો છે જો એના જંગલોમાં અટવાઈ ગયા તો કદી બહાર નહીં નીકળી શકો ! માટે શાંતચિત્તે વિચારી ઈસ્લામી આદેશો મુજબ જીવીને બંનેવ જગતને સફળ બનાવવા કોશિશ કરો. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદક઼ામાં આપણને સૌને ઈસ્લામી આદેશ પ્રમાણે ચાલવાની તૌફીક઼ બખ્શે. (આમીન).

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : રૂા. ૩૫૦/– (ટપાલ ખર્ચ રૂા.૫૦ અલગ)

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# લકબો પણ માતમ કરે છે !

**''લક઼બ''**નો અર્થ તથા ભાવાર્થ ઉર્દૂની પ્રખ્યાત ડિક્ષનરી ''ફીરોઝુલ્લુગ઼ાત''ના લેખક લખે છે : ''તે નામ જે કોઈના વખાણ કે ટીકાના સબબે પડી જાય છે તેને લક઼બ (ઉપનામ) કહેવામાં આવે છે.'' ઐતિહાસિક હક઼ીક઼તોની રોશનીમાં ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ લખે છે : ''વલીદ બિન અબ્દુલ મલિક તે પ્રથમ ખલીફા છે જેણે મૂળ નામ વડે પોતાને પોકારવાની મનાઈ કરી અને અબ્બાસી ખલીફામાં સૌ પ્રથમ લક઼બોને ઉપયોગમાં લીધા.'' *(તારીખુલ ખુલફા, પેજ–૮૬)* એ જ પ્રમાણે ઈબ્ને ફઝ્લુલ્લાહ કહે છે કે અમુક લોકોનો ખયાલ છે કે બનૂ ઉમૈયાએ પણ અબ્બાસી ખલીફાઓની જેમ લક઼બોનો ઉપયોગ કર્યો છે. યઝીદનો લક઼બ અલમુસ્તન્સિર, મુઆવિયહ બિન યઝીદનો અર્રાજિઅ્ ઈલલ્હક્ક઼, મરવાનનો મોઅતમિન બિલ્લાહ, અબ્દુલમલિકનો અલ મુઅફ્ફિક઼ લિઅમરિલ્લાહ અને એના પુત્ર વલીદનો અલ્મુન્તક઼િમ બિલ્લાહ, યઝીદ બિન અબ્દુલ મલિકનો અલ્ક઼ાદિર બિસન્ઈલ્લાહ, અને યઝીદ નાક઼િસનો અશ્શાકિર લિ અન્ઉમિલ્લાહ હતો. અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''જે ખલીફાએ અલ્કાહિરનો લક઼બ ધારણ કર્યો તે કામયાબ તથા બામુરાદ નથી થયો. (એટલે કે તેને એ લક઼બ રાસ ન આવ્યો) મારી નજીક આ હાલત તથા કૈફિયત અલ્મુસ્તકફી તથા અલ્મુસ્તઈનની છે. આ લક઼બ ધરાવનારાઓ પણ કામયાબ નથી થયા. *(તારીખુલ ખુલફા, પેજ–૮૬)*

ભૂતકાળમાં ખલીફાઓની જેમ ઉમરાવો, હાકિમો તથા બાદશાહોએ શાનો શૌકત તથા અઝમત તથા મહાનતાના પ્રદર્શન માટે ગર્વમય લક઼બોનો ઉપયોગ કર્યો પણ ઐતિહાસિક હક઼ીક઼તોના આધારે એ વાત સ્પષ્ટ થાય છે કે ન ઉમરાવો તથા સુલ્તાનોના લક઼બો ઝિંદા રહ્યા અને ન તો એમનું નામ જીવંત રહ્યું. હક઼ીક઼તમાં શબ્દોની માયાજાળ તથા લક઼બોના અસ્થાને ઉપયોગથી કોઈનું નામ ઈતિહાસનો હિસ્સો નથી બનતુ બલ્કે કિરદાર તથા અમલો તથા કાર્યો તથા ખિદમતો અને કારનામાંઓના કારણે કોઈ પણ શખ્સિયત ઈતિહાસનાં પૃષ્ઠોનું ઉજ્જવળ પ્રકરણ બને છે. એટલા માટે હાફિઝે મિલ્લત અલ્લામા અબ્દુલઅઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૧૩૯૨ ઈ.સ. ૧૯૭૬) ફર્માવે છે : ''જિંદગી નામ છે કામનું અને બેકારી મૌત છે. જમીનના ઉપર કામ, જમીનની નીચે આરામ. મારી નજીક દરેક વિરોધનો જવાબ કામ છે. નામના માટે કામ ન કરવું જોઈએ, કામ કરશો તો નામ થઈ જ જશે.'' *(હુઝૂર હાફિઝે મિલ્લત કે અક઼વાલે ઝરીં, પેજ–૨)*

આપણા અસ્લાફે કિરામ (પૂર્વજ બુઝુર્ગો)નાં નામોની સાથે જે અલ્ક઼ાબ (ઉપનામો) જોવા મળે છે એને જાહેરી રીતે જોતાં એનામાં હલ્કાપણુ જોવા મળે છે ! (બડાઈ નહીં) પણ અલ્લાહ પાકે તેમને તે સરબુલંદી અતા ફર્માવી કે મહાન શહેનશાહો તથા તાજદારો ભિક્ષાપાત્ર લઈને એઓના દરવાજા પર હાજર થતા, ફિક્ર તથા દાનિશવાળાઓ (ચિંતકો) તથા સમયના ઉલમા આપના માટે નજરો તથા દિલ માર્ગોમાં બિછાવતા રહેતા. હક઼ીક઼તમાં એ એમની આજીજી હતી. તે બુઝુર્ગો નામના તથા વાહ વાહ તથા

લેખક : **અતાઉર્રહમાન ''નૂરી'' (માલેગાંવ)** /અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

ઠાઠમાઠ તથા ખ્યાતિથી બચતા હતા, જ્યારે આજે સર્વ કાંઈ એ ચીજોને જ સમજી લેવામાં આવેલ છે. (ઈલ્લા માશા અલ્લાહ !) નીચેના લખાણમાં અમુક રિવાયતો વાંચકોની સેવામાં રજૂ કરીએ છીએ જેમાં પૂર્વજ બુઝુર્ગાને દીનના લક઼બોમાં જેવી રીતે હિકમત તથા દાનાઈ (શાણપણ) છુપાયેલ છે તેવી જ રીતે જીવનનો દર્સ પણ નિખરતો જોવા મળે છે.

**હઝરત સુફ્યાન "ષૌરી"** رحمۃ اللہ علیہ : ષૌરનો અર્થ "બળદ" છે. "ષૌરી" એ હઝરત સુફ્યાન رحمۃ اللہ علیہનો લક઼બ છે. આપ જન્મ જાત મુત્તક઼ી (ખુદાથી ડરનારા) હતા, ત્યાં સુધી કે એકવાર આપનાં વાલિદા (માતા)એ ગર્ભાવસ્થામાં પડોશીની કોઈ ચીજ વિના ઈજાઝતે મોમાં રાખી લીધી તો આપે પેટમાં તડપવાનુ શરૂ કરી દીધુ અને જ્યાં સુધી તેમણે પડોશીની માફી ન માગી ત્યાં સુધી આપની બેચૈની ખત્મ ન થઈ. આપના "ષૌરી" લક઼બ હોવાનો બનાવ આ પ્રમાણે છે કે એકવાર મસ્જિદમાં દાખલ થતી વખતે પ્રથમ ડાબો પગ મસ્જિદમાં મૂકી દીધો જેના બાદ આ નિદા આવી કે, "હે ષૌરી ! મસ્જિદના હક્ક઼માં આ ગુસ્તાખી સારી નથી !" બસ એ દિવસથી આપનો લક઼બ "ષૌરી" પડી ગયો. જો કે એ નિદા સાંભળીને ખૌફે ખુદાનો એવો પ્રભાવ એમના પર જામ્યો કે બહોશ થઈને પડી ગયા, અને હોશમાં આવ્યા બાદ પોતાના મોઢા પર તમાચા મારતાં કહેવા લાવ્યા કે, "બેઅદબીની એવી સજા મળી કે મારું નામ જ ઈન્સાની દફતરમાંથી કાઢી નાખવામાં આવ્યું ! જેથી હે નફસ ! હવે એવી બેઅદબીની હિંમત કદી ન કરતો !" એકવાર કોઈના ખેતરમાં આપનો પગ પડી ગયો તો તરત જ નિદા આવી, "હે ષૌર ! દેખભાળ રાખીને પગ મૂક !" *(તઝકેરતુલ અવલિયા, પેજ–૧૧૭)*

**હઝરત હાતિમ અસમ** رحمۃ اللہ علیہ : હઝરત હાતિમ અસમ رحمۃ اللہ علیہ હઝરત શયખ બલ્ખીના મુરીદ અને હઝરત અહમદ હુઝરવિય્યહના મુર્શિદ હોવાની સાથોસાથ ઝુહદ તથા ઈબાદતમાં સમયના અજોડ હતા. હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہથી નક઼લ થયેલ છે કે આપની ગણના અમારા દૌરના સિદ્દીક઼ોમાં થાય છે. એક સ્ત્રી આપની પાસે કોઈ મસ્અલો પૂછવા આવી તો યોગાનુયોગ તેની હવા સરી ગઈ જેના કારણે છોભીલી પડી ગઈ. પરંતુ આપે ફર્માવ્યું કે જોરથી કહો હું બહેરો છું ! પછી તેણીએ ઊંચા અવાજે મસ્અલો પૂછયો તો આપે જવાબ આપી દીધો, પણ હક઼ીક઼તમાં આપ બહેરા જ બની ગયા હતા અને જ્યાં સુધી તે સ્ત્રી હયાત રહી આપ સતત બહેરા બનેલા રહ્યા. એ જ કારણે આપને "અસમ" (બહેરા) કહેવામાં આવે છે *(મરજઅે સાબિક઼, પેજ–૧૪૯)*

ઉપરોક્ત વર્ણવેલ બનાવ પરથી ગૈરતવાળા ખુદાના ગૈરતમંદ બંદા હઝરત હાતિમની ગૈરત પ્રદર્શિત થાય છે. તેમણે એક સ્ત્રી સમક્ષ બહેરાપણાને જાહેર કર્યું જ્યારે કે તે બહેરા ન હતા. હવે જ્યારે તેમણે પોતે પોતાને બહેરા કહી દીધા તો પછી તેમની ગૈરતે એ બાબતને એ સ્ત્રીની જિંદગી સુધી જાહેર રાખી અને પોતે પોતાને બહેરા જ બતાવતા રહ્યા, ત્યાં સુધી કે "અસમ"ના લક઼બથી મશહૂર થઈ ગયા. જાણવું જોઈએ કે બુઝુર્ગાને દીન જાહેરી રીતે હલકા અર્થના લક઼બોને પોતાના નામની સાથે વાપરવામાં શરમ અનુભવતા ન હતા. જ્યારે વર્તમાન કાળમાં આપણે જોઈએ છીએ કે બનાવટ અને પ્રયત્નપૂર્વક જે ખૂબીઓ નથી જોવામાં આવતી એનાથી સજાવેલ શબ્દોને વાપરવાને ગર્વનો સબબ સમજવામાં આવે છે.

**હઝરત અબૂ હફ્સ "હદ્દાદ"** رحمۃ اللہ علیہ : આપના મહોલ્લામાં કોઈ મુહદ્દિષ હદીષ વર્ણવ્યા કરતા હતા. જ્યારે મહોલ્લાવાળાઓએ આપને હદીષ સાંભળવા માટે ચાલવાનું કહ્યું તો ફર્માવ્યું, ત્રીસ વરસ પહેલાં એક હદીષ સાંભળી હતી તેના પર આજ સુધી સંપૂર્ણ અમલ નથી કરી શક્યો, પછી અધિક હદીષ સાંભળીને શું કરીશ ? અને જ્યારે લોકોએ તે હદીષ

પૂછી તો આપે વર્ણવી કે, ''બેહતરીન મર્દ મુસલમાન એ જ છે જે એવી ચીજોને છોડી આપે જેમાં કોઈ ઈસ્લામી ફાયદો સમાયેલ ન હોય.''

આપ ''હદ્દાદ''ના લક્બથી એટલા માટે મશહૂર થયા કે આપ ધંધાદારી લુહાર હતા. જાણવા મળ્યું કે લક્બો થકી શખ્સિયત નથી ઉભરતી બલ્કે શખ્સિયતની આકર્ષક કાબેલિયતો અને કિરદારની ખુશ્બુ મામૂલી લક્બને પણ મશહૂર લક્બ બનાવી દે છે. શાણા પુરૂષો લક્બોને એક તરફ રાખીને ખિદમતો તથા અસરોને લક્ષમાં રાખીને તેમની ઈજ્જત કરતા હોય છે, લક્બો જોઈને ઈજ્જત નથી કરતા.

**હઝરત સમનૂન મુહિબ્બ** رحمۃ اللہ علیہ : આપ ઘણા જ મહાન મર્તબાવાળા બુઝુર્ગ હતા. આપ હઝરત જુનેદ رحمۃ اللہ علیہના સમકાલિન અને હઝરત સર્રી સકતી رحمۃ اللہ علیہની સોહબતથી ફૈઝયાબ હતા. આપ ફર્માવતા હતા કે હકીકતમાં મહોબ્બત જ રાહે ખુદા પર ચાલવાનો પાયો છે, અને અહવાલ તથા મકામો તથા નિસ્બતો એ સર્વ મહોબ્બતના મુકાબલામાં કાંઈ જ નથી. અને આ જ કમાલે ઝાતીના એતબારથી મોટાભાગના સૂફિયાએ કિરામે આપની મઅરેફતને મહોબ્બત પર અગ્રતા આપી છે. તેમ છતાં આપની આજીજી તથા ઈન્કેસારી (પોતાને તુચ્છ સમજવું)નો આલમ એ હતો કે આપ પોતે પોતાને ''સમનૂન'' કઝ્ઝાબ (જૂઠો) કહ્યા કરતા હતા. અલ્લાહ ! અલ્લાહ ! વિલાયતના સ્થાને બિરાજમાન, મઅરેફતે ખુદાવંદીથી સરશાર, મહબ્બતે રસૂલના અઝીમ જામને પીવડાવનાર, સાચા ખુદાના સાચા બંદાની ખાકસારી પોતાના કમાલની કઈ કક્ષાએ છે ! કુર્બે ખુદાવંદીની દૌલત મયસ્સર થવા છતાં પોતે પોતાની જાતને ''કઝ્ઝાબ'' કહેતા હતા. અને જો આજે કોઈને જૂઠો કહી દેવામાં આવે (ભલે તે જૂઠો જ હોય અથવા કોઈ જૂઠી વાત બોલવાને કારણે) તો તે જલાલમાં આવી જાય છે અને જીભ વડે અયોગ્ય શબ્દો બોલી કાઢવાથી રોકાતો નથી. જ્યારે કે પૂર્વજ બુઝુર્ગોની સદાકત (સચ્ચાઈ)ની ગૈર પણ કસમ ખાતા હતા, તેઓ નફસને મારવા માટે પોતાને કઝ્ઝાબ કહીને સંબોધતા. એના બારામાં અમુક રિવાયતો રજૂ કરીએ છીએ.

એક શખ્સે અમીરુલ મોમિનીન હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہને ગાળ આપી. આપે ફર્માવ્યું કે મારા એવા ઘણા અમલો છે જે તું નથી જાણતો ! એટલે કે આજીજી તથા ઈન્કેસારીનો એ આલમ હતો કે ગાળ સાંભળીને પણ ગુસ્સામાં બેકાબૂ ન થઈ ગયા. એ જ પ્રમાણે એક સ્ત્રીએ હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہને કહ્યું, તમે રિયાકાર (દેખાડો કરનાર) છો ! ફર્માવ્યું, તારા સિવાય આ જ સુધી મને કોઈએ ન ઓળખ્યો ! હઝરત રબીઅ બિન ખૈષમને એક શખ્સે ગાળ આપી. ફર્માવ્યું, મારા તથા જન્નતની વચ્ચે એક ઘાટી આડી છે, હું તેને પાર પાડવામાં વ્યસ્ત છું, જો પાર પાડી લઉં તો તારી આ વાતની મને શું પરવા ?! અને જો હું એને પાર ન પાડી શક્યો તો તારી આ ગાળ મારા માટે પૂરતી નથી ! એટલે કે અધિક વધુ ગાળોને પાત્ર છું. *(કીમિયાએ સઆદત, પેજ–૫૪૧)*

પૂર્વજ બુઝુર્ગોના અલ્કાબની એક લાંબી યાદી છે ! હઝરત અબ્દુલ્લાહ ''ખફીફ'', હઝરત હુસૈન મન્સૂર ''હલ્લાજ'', હઝરત હારિષ ''મુહાસબી'' હઝરત બિશ્ર ''હાફી'', હઝરત ઈબ્રાહીમ અદહમ. કોઈ ઈલાકાની નિસ્બતથી કરની, બસરી, મક્કી, અજમી, મગરબી, મિસ્રી, બુસ્તામી, બલ્ખી, તૂસી, તુસ્તરી, કર્ખી, મૂસલી, કિર્માની, ઉન્દલુસી, સમરકંદી, ઈન્તાકી, બગદાદી હયરી, અસ્ફહાની, ખુરાસાની, જુર્જાની, વાસિતી, ખિર્કાની, નેહાવંદી, ઝુજાજી. કોઈ ધંધાના હિસાબથી તુજ્જાર, લુહાર, દબ્બાગ. કોઈ કબીલાના એતબારથી ષકફી, ગસ્સાની, અને કોઈ નસબી એતબારથી લક્બ પામેલ

છે, જેમ કે હઝરત ઈમામ અબ્દુર્રહમાન "અવઝાઈ" અને હઝરત ઈમામ યહ્યા બિન યહ્યા મમસૂદી વગેરે. આ લક઼બોમાં ખાકસારી, ઈન્કેસારી, આજીજીનું તત્વ ઉઘાડુ જોવા મળે છે, પણ અફસોસ ! આજે દિમાગ તથા ચિંતનની દિશા બદલાય ગઈ છે, વિચારણાની દિશા બદલાય ચૂકી છે જેના કારણે વર્તમાન લક઼બોમાં બડાઈનું પ્રદર્શન જોવા મળે છે. અલ્લામા મુશ્તાક઼ અહમદ નિઝામી رحمۃ اللہ علیہના કથનાનુસાર કે, "આજે પણ ન કેવળ રાઝી તથા ગઝાલી બલ્કે પોતાના સમયના અબૂ હનીફા તથા શાફઈ પેદા થઈ શકે છે પણ શર્ત એ કે આ માર્ગમાં નફસની ખોટી દોરવણી તથા હું પદ આડ ન બનવા પામે." *(ઈસ્તિક઼ામત, કાનપુર, ફેબ્રુ–૧૯૯૩, પેજ–૯૧)*

પણ આજે નફસની ખોટી દોરવણી દિન પ્રતિ દિન પોતાની ઊંચાઈ પકડી રહી છે. હક઼ીક઼ત એ છે કે મંદિરમાં રાખેલ બુતથી બચવું આસાન છે પણ તે બુત જે નફસના રૂપમાં દરેકની અંદર મૌજૂદ છે આ બાતિની (આંત્રિક) બુત (મૂર્તિ)થી બચવું અનહદ મુશ્કેલ છે. આજે દરેક પાત્ર તથા અપાત્રને લક઼બો વડે નવાઝવામાં જે ઉદાર દિલીને પ્રદર્શિત કરવામાં આવે છે તે બેલગામીની જીવતી જાગતી સાબિતી છે.

શક્ય છે કોઈ કહે કે અમારા હઝરત જાતે પોતે અલ્ક઼ાબ અપનાવતા નથી, બલ્કે અક઼ીદતમંદ તથા મુરીદો લક઼બો વડે નવાઝે છે. યક઼ીનન ! આપનુ કથન હક્ક઼ના પક્ષે હશે, પણ એવું હોવું જોઈએ કે ચાહવાવાળાઓને મના કરવામાં આવે, તેમ છતાં અક઼ીદતમંદો તથા મુરીદો પરહેઝ ન કરે તો આપના મુહિબ્બો તથા અક઼ીદતમંદો મહોબ્બતના જૂઠા દાવેદાર છે ! કેમ કે મહોબ્બત નામ છે ઈતાઅત (આજ્ઞાપાલન)નું ન કે લફફાઝી તથા ગલત બયાનીનું ! જો કે તેમ છતાં તેઓ (ચાહકો) ન માને તો પોતાનામાં તે પાત્રતા તથા ક઼ાબેલિયત પેદા કરવામાં આવે કે આપના બાદમાં હસદખોરો તથા ગૈરો આપના સરે અક઼દસ પર અલ્ક઼ાબનો તાજ સજાવવા મજબૂર થઈ જાય ! આ પ્રકારનાં દ્રષ્ટાંતોનાં ચમકતાં પ્રકરણો આપણા પૂર્વજ બુઝુર્ગોને દીનની જિંદગીઓમાં જોવા મળે છે.

અલ્ખયરાતુલ હસ્સાનમાં છે કે એકવાર ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ક્યાંક જઈ રહ્યા હતા. એવામાં રસ્તામાં આપે કોઈકને એવું કહેતાં સાંભળ્યું કે, "આ ઈમામ અબૂ હનીફા છે જે આખી રાત અલ્લાહની ઈબાદત કરે છે અને સૂતા નથી." આપે ઈમામ અબૂ યુસૂફ رضی اللہ عنہને ફર્માવ્યું, સુબ્હાનલ્લાહ ! શું તમે ખુદાની શાન નથી જોતા કે એણે આપણા માટે આ પ્રકારનો ચર્ચો કરી આપ્યો ! અને શું એ બુરી વાત નથી કે લોકો આપણા વિશે એવી વાત કહે જે આપણામાં ન હોય ?! જેથી આપણે લોકોના ગુમાનના પ્રમાણે બનવું જોઈએ. ખુદાની ક઼સમ ! મારા બારામાં લોકો તે વાત ન કહે જે હું નથી કરતો. જેથી આપ આખી રાત ઈબાદત તથા દુઆ અને આહોઝારીમાં પસાર કરવા લાગ્યા. *(ઈમામે આ'ઝમ, અલ્લામા સૈયદ શાહ તુરાબુલહક્ક઼ ક઼ાદરી, પેજ–૭૫)*

નજીકના ભૂતકાળની મહાન હસ્તી, ઈમામુલ મુહદ્દિષીન હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہને એકવાર એક નાવાકેફ શખ્સે પોતાના એક પત્રમાં આપના લક઼બોની સાથે "હાફિઝ"નો શબ્દ પણ લખી આપ્યો. સંજોગોવસાત તેનો પત્ર ૨૯ શાબાને આપની પાસે પહોંચ્યો. તો બીજા જ દિવસે આપે કુર્આન મજીદ હિફ્ઝ કરવાનું શરૂ કરી આપ્યું, અને દરરોજ એક પારો હિફ્ઝ કરીને તરાવીહની નમાઝમાં આપ સંભળાવી દેતા. ત્યાં સુધી કે રમઝાન શરીફની ૨૭મી તારીખે મગરિબથી પહેલાં કુર્આન મજીદનું હિફ્ઝ પૂર્ણ કરી લીધું અને કેવળ એક મહિનાની ટૂંકી મુદ્દતમાં આપ હાફિઝ થઈ ગયા. *(સવાનેહે આ'લા હઝરત, અલ્લામા બદરુદ્દીન ક઼ાદરી, પેજ–૧૨૭)*

આપણા અસ્લાફે કિરામ (પૂર્વજ બુઝુર્ગો)ને કોઈકે એવા લક્બ વડે નવાઝયા કે એ વખતે એ ખૂબી એમનામાં મૌજૂદ ન હતી તો તેમણે ખૂબ જ ટૂંકાગાળામાં પોતે પોતાને એ ખૂબીઓ વડે સજ્જ કરી લીધા. એટલે કે તેમણે લોકોની ઉમ્મીદો તથા આકાંક્ષાઓ પર પૂરા ઉતરવાની ૧૦૦% કોશિશ કરી.

નામ તથા અલ્કાબની આ રસ્સાકશીમાં તાજદારે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનું આ ચિંતનાત્મક લખાણ પણ લેખની સમૃદ્ધતા અને દલીલોમાં વધારાનો સબબ સાબિત થશે. ''નિઝામુદ્દીન, મુહ્યિુદ્દીન, તાજુદ્દીન અને આ પ્રકારનાં તે સર્વ નામો જેમાં મુસમ્માનુ મોઅઝ્ઝમ ફી દીન બલ્કે મોઅઝ્ઝમ અલદીન હોવાનું નીકળે, જેમ કે શમ્સુદ્દીન, બદરુદ્દીન, ફખ્રુદ્દીન, શમ્સુલ ઈસ્લામ, મુહીયુલ ઈસ્લામ, બદરુલ ઈસ્લામ વગેરે, સૌને ઉલમાએ કિરામે સખત નાપસંદ રાખ્યાં અને મકરૂહ તથા મના રાખ્યાં. દીનના અકાબિર સરદારો رحمۃ اللہ علیہم اجمعین કે જેઓ ઈસ્લામી મહાનુભવોથી મશહૂર છે એમનાં નામ નહીં. આ એમનાં નામો નથી, લક્બો છે કે આ ઉચ્ચ સ્થાનોએ પહોંચ પછી મુસલમાનોએ તેમને આ લક્બો વડે યાદ કર્યા, જેમ કે શમ્સુલ અઈમ્મા હલવાઈ, ફખ્રુલ ઈસ્લામ બઝદવી, તાજુશ્શરીઅહ્ તથા સદરુશ્શરીઅહ્.'' *(અહકામે શરીઅત, ૧/૭૭)*

જેવી રીતે મુહીયુદ્દીન, મુઈનુદ્દીન, ફરીદુદ્દીન, ફખ્રુદ્દીન, શમ્સુદ્દીન, તાજુદ્દીન, બદરુદ્દીન અને શમ્સુલ ઈસ્લામ જેવા શબ્દો હવે ન તો કોઈનાં નામ થઈ શકે છે અને ન તો કોઈના લક્બો, એ જ પ્રમાણે પ્રારંભિક શબ્દોના લક્બો દરેક પાત્ર અપાત્ર અપનાવી નથી શકતો. હા ! એ અલગ વાત છે કે ભૂતકાળ તથા વર્તમાનકાળમાં એવી અજોડ હસ્તીઓ જોવા મળે છે જેમના લક્બો ઘણા જ ઉચ્ચ તથા આ'લા હોય છે. સાચા અર્થમાં આ જ તે હસ્તીઓ છે જેઓ અલ્કાબના અસલ હક્કદાર છે. જેમની દીની, ઈલ્મી, મિલ્લી તથા કૌમી ખિદમતો ધોળા દિવસની જેમ રોશન તથા ઉજ્જવળ ચમકતી છે. મિલ્લતના એવા મહાન ઉલમા તથા મુફતીઓ આ લખાણથી અપવાદ છે. સાચા અર્થમાં તે હસ્તીઓની ખિદમતો એટલા પ્રમાણમાં રોશન તથા ઉજ્જવળ છે કે મહાનથી મહાન લક્બો તેમની ખિદમતોની સામે તુચ્છ તથા ફીકા જણાય છે. દા.ત. હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہને ઈલ્મ દોસ્ત વઝીર ખ્વાજા નિઝામુલ તૂસી (વિસાલ : હિ. ૪૮૫)એ ''ઝયનુદ્દીન શરફુલ અઈમ્મા''નો લક્બ આપ્યો, પણ કેવળ શખ્સિયતને મનાવવા નહીં, અકીદત તથા મહોબ્બતમાં નહીં, બલ્કે સલ્જૂકી દરબારમાં મુનાઝરામાં તમામ ઉલમાએ કિરામ પર ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ ગાલિબ આવી (છવાય) ગયા અને સૌએ ઈમામ સાહબના સમૃદ્ધ ઈલ્મનો સ્વીકાર કર્યો જેથી ખ્વાજા તૂસીએ સર્વ ઉલમા તથા ફકીહો પર અગ્રતા તથા ફઝીલતને પ્રદર્શિત કરવા માટે આ લક્બથી નવાઝયા. *(મુકાશફતુલ કુલૂબ)* એ જ પ્રમાણે હુઝૂર નૂરુન્નૂર સૈયદના ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہનો લક્બ પાક ''મુહીયુદ્દીન'' ખુદ રૂહાનિયતે ઈસ્લામે રાખ્યો જેની રિવાયત પ્રખ્યાત છે અને બહજતુલ અસ્રાર શરીફ વગેરે ઈમામો તથા ઉલમાની કિતાબોમાં વર્ણન થયેલ છે. *(અહકામે શરીઅત, ૧/૭૭)*

સરકાર આ'લા હઝરત رحمۃ اللہ علیہને કેટલાયે લક્બોની સાથે ''ઈમામુલ મુહદ્દિષીન'' પણ કહેવામાં આવે છે, પણ કેવળ મહોબ્બત તથા અકીદતમાં નહીં બલ્કે મુબારક હદીષોમાં આપની ગહરાઈ તથા સંપૂર્ણ મહારતને જોતાં અરબસ્તાનના જલીલુલકદર ઉલમાએ કિરામ તથા જય્યદ (મહાન) ફકીહોએ આપને એ લક્બ આપ્યો. શાહઝાદાએ આ'લા હઝરત અલ્લામા મુસ્તફા રઝા કાદરી નૂરી رحمۃ اللہ علیہની

ઝહાનત તથા બુદ્ધિ કૌશલ્યતા અને ફતાવા લેખનની લિયાક્ત તથા ઈસ્તિક઼ામત (અડગતા)ને લક્ષમાં લઈને આપને ''મુફતીએ આ'ઝમ'' લક઼બ વડે નવાઝયા.

અકાબિર (મહાન અગ્રેસર ઉલમા) સાથે આપણે જોઈએ છીએ કે જે લક઼બોને સંબંધિત કરવામાં આવ્યા તે ક્યાંક ક્યાંક તો જાહેરી રીતે હલકા જોવા મળે છે, પરંતુ એ આપણા બુઝુર્ગોની આજીજી છે કે તેમણે એવા લક઼બોને અપનાવ્યા જે આજે એમના નામનો હિસ્સો બની ચૂક્યા છે. અમુક બુઝુર્ગોને તેમના અઝીમુશ્શાન કારનામાઓના કારણે તેમના સમકાલિન અહલે ઈલ્મો દાનિશે મહાનતાવાળા લક઼બો તથા સન્માનો તેમના સર મુબારક પર સજાવ્યાં, આજે જે એમની ઓળખ બની ચૂકેલ છે. એ લક઼બો ચાહે જાહેરી રીતે હલકા અર્થથી સંબંધિત હોય ચાહે મહાનતાનું નિશાન હોય, પણ કેવળ એ જ શખ્સિયતો માટે રાખવામાં આવે તો એ જ લક઼બોની સમૃદ્ધતા તથા વિશિષ્ટતામાં ચાર ચાંદ લગાડેલ રાખશે. એ સિદ્ધ થયેલ હક઼ીક઼ત છે કે દરેક પોત પોતાની જગાએ અઝમત તથા ઉચ્ચતાથી ભરપુર છે, જેમ કે :–

*હર ગુલરા રંગો બૂએ દીગર અસ્ત.*

વર્તમાનકાળમાં લક઼બોની આ ભીડભાડમાં નિઃસંકોચ શબ્દોની ક઼ત્લેઆમ સતત ચાલુ છે, સાથોસાથ લક઼બોની સમૃદ્ધતા તથા વિશિષ્ટતા પણ બુરી રીતે ઘાયલ કરવામાં આવી રહી છે. જે લક઼બો બુઝુર્ગોના માટે તેમના વ્યક્તિગત વિશિષ્ટતાઓના સબબે ખાસ કરી દેવામાં આવ્યા છે તે એમને જ મુબારક છે, જો આપણે દરેક પાત્ર અપાત્રને કશાય ખચકાટ વિના મહાનતાવાળા લક઼બો વડે નવાઝવા લાગીએ અને તે શખ્સિયત એને પાત્ર ન હોય તો એ વાત ઈલ્મવાળા જાણે છે કે એ કોઈ રીતે દુરુસ્ત નથી. આજે શબ્દોની એ રીતે ક઼ત્લેઆમ થઈ રહી છે કે રૂહ ચીખી ઉઠે છે, શબ્દો પોતાની હુર્મત ગુમાવી ચૂક્યા છે. શબ્દોની બેધડક ક઼ત્લ અને શબ્દોની પવિત્રતાની પાયમાલી એટલી આમ થઈ ચૂકી છે કે અલ્લાહની પનાહ ! જલસાની નિઝામત કરનારા (એનાઉન્સરો) ખતીબો, મુક઼ર્રિરો તથા વાઈઝોના માટે, ક઼લમકારો કિતાબોના મહત્વ તથા ફાયદામાં વધારો કરવાની ગરજથી, મુરીદો તથા મોઅતક઼ીદો શખ્સિયતને બીજાઓ પાસે મનાવવા માટે એવા લક઼બો વાપરે છે કે શબ્દો તથા બયાનના આ નશ્તરથી ખુદ અલ્ક઼ાબના દિલો ઘાયલ થઈ જાય છે, અને લક઼બો તથા શબ્દો હયાની ઓઢણીમાં છુપાવામાં જ પોતાની ભલાઈ મહેસૂસ કરે છે ! હવે જરા એ લક઼બો પર એક નજર કરી લઈએ કે જે પોતાના અસ્થાને તથા નાજાઈઝ ઉપયોગથી માતમ કરે છે !

''ખતીબે ઝીશાન, ખતીબે લાષાની, ફસીહુલ્લિસાન, અફસહુલ બયાન, ખતીબુલ હિંદ, અલ્લામતુ દહર, મુનાઝિરે બેનઝીર, ઈમામુશ્શોઅરા, શાઈરે બેનઝીર, અબુલ કલામ, ક઼ાદિરુલ કલામ, ફખ્રે સહાફત, અદીબે બેનઝીર, અમીરુલ ક઼લમ, ફખ્રે ઈસ્લામ, મુખય્યિરે ક઼ૌમો મિલ્લત, હમદર્દે સુન્નિયત, ગમગુસારે અહલે સુન્નત, ક઼ાઈદે અહલે સુન્ન્ત, ક઼ાઈદે મિલ્લત, ખતીબે મિલ્લત, સૂફીએ બાસફા, શૈખુલ ઈસ્લામ, પીરે તરીક઼ત, રહબરે શરીઅત, રહબરે સુન્નિયત વગેરે વગેરે. સારાંશ કે એવા એવા લક઼બોનો ઉપયોગ જેમાં ફખ્રે શાન, અઝમત તથા બડાઈનું પ્રદર્શન થાય છે, જાણે કે અધિક પ્રમાણમાં લક઼બોનો થતો ઉપયોગ લોકોમાં હસ્તીને મનાવવા, દિમાગોમાં તેની મહાનતા ઠસાવવા અને ઉચ્ચ મર્તબા દેખાડવાના માટે થતો હોય છે, જ્યારે કે પયગંબરે ઈસ્લામ ﷺએ ફર્માવ્યું, ''પોતાની જાનોને સારી ન બતાવો, ખુદા સારી રીતે જાણે છે કે તમારામાં નેકોકાર કોણ છે.'' *(અહકામે શરીઅત, ૧/૭૩) –(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી ઉર્દૂ, મુંબઈ, જૂન–૨૦૧૫)*



# ક્યાં છે આતંકવાદનાં મૂળો ?!

:: રજૂકર્તા ::
મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

લોકો ન્યુઝ પેપર વાંચે છે, સમાચાર સાંભળે છે અને વિશ્વમાં બનતી આતંકવાદી ઘટનાઓ પર પોત પોતાનાં મંતવ્યો વ્યક્ત કરે છે. આજકાલ લોકોને પોતાના પર હદથી વધુ ભરોસો થઈ ગયો છે, જેણે જે અભિપ્રાય રજૂ કર્યો હવે તે તેને બદલવા કે સમજાવવા છતાં સમજવા તૈયાર નથી, આ બાબતે અમુક લોકો તો પાગલપન અને દીવાનગીની હદ સુધી આગળ વધી જાય છે. પરંતુ હક઼ીક઼ત સુધી અમુક લોકોની જ નજર જાય છે. સામાન્ય લોકો પ્રોપેગન્ડાથી ભયભીત અથવા પ્રભાવિત થઈ જાય છે અને જલ્દીમાં તેઓ અગાઉની ભૂલ ફરી કરતા જાય છે. આવા સંજોગોમાં જો કોઈ એવી ઘટના બની જાય જે તેમના મંતવ્ય મુજબ જણાય ત્યારે તો પછી તેઓ કોઈ રીતે પોતાના મંતવ્યનો ડંકો વગાડવાથી રોકાતા નથી ! પણ હક઼ીક઼તમાં આતંકવાદ પાછળ કોનો હાથ છે તેના માટે નીચેનું લખાણ વાંચો.

આજકાલ વિશ્વની સપાટી પર અમુક ભયાનક રેખાઓ ઉભરી રહી છે. રશિયા પર યૂરોપી યુનિયને કેટલાક આર્થિક પ્રતિબંધ લાદી દીધા છે, જેના કારણે રશિયા પરેશાન છે અને પોતાના વપરાશ પછી બચી રહેતું તેલ સસ્તી કિંમતે વેચવા મજબૂર છે, પરંતુ તે યુક્રેન જેવી હુકૂમતથી હટવા તૈયાર નથી. યુક્રેનના પશ્ચિમનવાઝ રહેવાસીઓની સહાય માટે તો અમેરિકા અને યૂરોપ તૈયાર છે, પરંતુ પશ્ચિમી ચીનના કાશગર અને રશિયાના ચેચન્યાના મુસલમાનો જો આઝાદી માગે તો તેઓ આતંકવાદી કહેવાય ! અને રશિયા સાથે આ બાબતે કોઈ વાતચીત નહીં !

બીજી ઘટના ઈરાક઼ અને શામમાં દાઈશ (ISIL)નો બળવો અને બગાવત પછી તેના પર બયાનબાજીઓ અને જંગનું એલાન, બગ઼દાદીને ખલીફ઼ા કહેવામાં આવ્યો. તેની ખિલાફ઼તના વિરોધમાં દુનિયાભરના મુસલમાનોએ ફ઼ત્વા આપ્યા. અધિક્તમ મુસ્લિમ દેશો તેના વિરુદ્ધ જંગમાં કૂદી પડયા અને આવું જ હોવું પણ જોઈએ, કારણ કે આતંકવાદીઓ વિરુદ્ધ જંગ ઘણુ નેકીનું કાર્ય છે જેમાં મુસ્લિમ, ગૈર મુસ્લિમ સૌ ઉત્સાહભેર કેવળ હિસ્સો જ નથી લેતા બલ્કે શોર પણ ખૂબ મચાવે છે.

ત્રીજી ઘટના પાકિસ્તાનમાં બનેલી ૧૬ ડિસેમ્બરે તાલિબાની આતંકવાદીઓએ મોટી સંખ્યામાં સ્કૂલના બાળકોને શહીદ કરી દીધા એ ભયાનક આતંકવાદી ઘટના હતી, જેનાથી દુનિયા તડપી ઉઠી અને તડપવું જરૂરી હતું, કારણ કે આતંકવાદના વિરુદ્ધમાં આપણે સૌ એકમત છીએ.

એક બાજુ નાઈજીરિયામાં બોકો હરામ નામનું આતંકવાદી સંગઠન છે, જેણે કેટલાક મહિના પહેલાં યુવતીઓનું અપહરણ કરી માલે ગનીમત સમજી વહેંચી લીધી. બીજી બાજુ હિંદુસ્તાનના આગ્રામાં ૨૬ વરસ પહેલાં ઈસ્લામ સ્વીકારનાર અમુક બંગાલી મુસલમાનોને હિંદુ બનાવવામાં આવ્યા અથવા એવો દુષ્પ્રચાર કરવામાં આવ્યો. આવી ઘટનાઓનો આસાન જવાબ આપણી પાસે એ હોય છે કે બોકો હરામ, દાઈશ (ISIL) અને તાલિબાન આતંકવાદી છે અને આગ્રાની ઘટનામાં હિંદુ સંગઠનનો હાથ છે ! રશિયાએ લોકશાહીનો પાઠ ભણવો જોઈએ અને જાહેર જનતાના વિચારોનો

આદર રાખવો જોઈએ.

પરંતુ નહીં, દુનિયાએ જે સમજી લીધું છે કેવળ એવું નથી. આ લોકોના મૂળો અને આવી ઘટનાઓના મૂળ ઘણા ઊંડાં છે, દુનિયા આવી ઘટનાઓથી બોધ નથી લેતી, જો બોધ લઈ લે તો પછી કોઈ આવી ઘટના શાથી થાય ?!

**દાઈશ (ISIL)નો પ્રમુખ અમેરિકાની જેલમાં હતો તે શાથી ઈરાક઼ આવી ગયો ?!** દાઈશ માટે તુર્કીની સરહદથી લડાકુઓ ઈરાક઼માં દાખલ કરવામાં આવ્યા અને ઘણા જ ઓછા સમયમાં તે લોકો ઘણા વિસ્તારો પર કબજો કરી બેઠા. (જેમણે અફઘાન, ઈરાક, લિબિયા વગેરેને છ મહિના કે વરસ બે વરસમાં સરંડર કરી લીધાં તે જ) અમેરિકન રાષ્ટ્ર પ્રમુખનું બયાન આવ્યું કે દાઈશને ડામવામાં લગભગ ત્રીસ વરસ લાગશે ! સ્પષ્ટ સમજાય છે કે આમાં કશું રંધાઈ ચૂક્યું છે અને આની પાછળ કોણ છે ?!

વધુ પડતા લોકોનો ખયાલ એ છે કે શામની બિશારુલ અસદ સરકારને હટાવવા માટે દાઈશને ઉભો કરવામાં આવ્યો પછી તેમાં તે લોકો પણ સામેલ થઈ ગયા જેઓ પર જુલ્મ થતો અને જેઓ શીઆના વિરુદ્ધ હતા. જાણે કે દાઈશને તમામ શીઆ હુકૂમતો તથા શીઆ તાક઼તો વિરુદ્ધ ઉભો કરવામાં આવ્યો. દાઈશ દ્વારા હિઝબુલ્લાહ લેબનાન, સીરિયા અને ઈરાની હુકૂમત તથા ઈરાક઼ની શીઆ હુકૂમતને તોડવાનો હેતુ છે એટલા માટે તેને અમેરિકા, યૂરોપ અને ઈઝરાઈલ ખત્મ નહીં કરે. હા ! તેમના પ્લાન વિરુદ્ધ કરશે તો જરૂર ખત્મ કરી દેવામાં આવશે.

**દાઈશ (ISIL)ના લોકોના ભયાનક કુકર્મોથી એ વાત નિશ્ચિત છે કે તેમનામાં ઈસ્લામ નામની કોઈ ચીજ નથી, બલ્કે બદલાની ભાવના, જેહાલત તથા ઉશ્કેરણીની ચીજો છે.**

બોકો હરામ વિશે જે કહેવામાં આવે છે કે તેઓ પશ્ચિમી તા'લીમ (અને સંસ્કૃતિ)ના સખત વિરોધી છે. અહીંયા બે બાબતો છે : પશ્ચિમી જ્ઞાન અને પશ્ચિમી સંસ્કૃતિ, યૂરોપની ઈલ્મી તરક્કીથી પોતાને દૂર રાખવું એ પોતાની હસ્તીને મિટાવવા સમાન છે. હા ! પશ્ચિમી નગ્નતા અને પશ્ચિમી સંસ્કૃતિ ખરેખર ખરાબ ચીજ છે. પરંતુ બોકો હરામ પશ્ચિમી તા'લીમ પ્રાપ્ત કરવાથી પણ રોકે છે તો જાહેર છે કે તેમાં જરૂર એવા લોકો સામેલ હશે જે મુસલમાનોને ઘણા પાછળ ધકેલવા અને અભણ રાખવા ચાહે છે.

આ વિશે એક વરિષ્ઠ પત્રકારનું માનવું છે કે **મુસ્લિમ જગતમાં કોઈ એવું સંગઠન છે જે ઘણી જ ગુપ્ત રીતે બાળકોનું અપહરણ કરે છે અને પછી તેમને એવી તા'લીમ આપવામાં આવે છે જે સદંતર ઈસ્લામના વિરુદ્ધ અને મુસલમાનો માટે નુકસાનકારક છે અને તે સંગઠનો મુસલમાનોનાં નથી બલ્કે તે દેશો અને એ લોકોના છે જેઓ મુસલમાનોને બરબાદ કરી દેવા ઈચ્છે છે.** વળી આ સંગઠનો ઈસ્લામના નામ પર એવી તા'લીમ આપતા હશે જેથી આવી તા'લીમ પામેલ લોકો એવા કુકર્મો કરે જેનાથી દુનિયા ઈસ્લામ પ્રતિ નફરત કરે અને મુસલમાનો પ્રતિ દુનિયાભરમાં નફરત ફેલાય.

પત્રકારના આ મંતવ્યને એ રીતે ટેકો મળે છે કે અધિક્તમ આતંકવાદીઓના બેકગ્રાઉન્ડ અત્યંત ગુપ્ત અને અપ્રસિદ્ધ બલ્કે અજ્ઞાત હોય છે. જેથી બની શકે છે કે લશ્કરે તૈયબા, જમ્ઈયતુદઅવા, તેહરીકે તાલિબાન પાકિસ્તાન, બોકો હરામ, ISIL (દાઈશ) વગેરેમાં એવાને જ દાખલ કરાવવામાં આવ્યા જેઓ દિમાગી રીતે ઉજ્જડ, અભણ અને ખાસ સંજોગોમાં તૈયાર કરવામાં આવેલ હોય.

બોકો હરામ ગુલામી પ્રથાને જાઈઝ સમજે છે અને દાઈશ પણ. એ જ પ્રમાણે કૈદી સ્ત્રીઓને માલે ગનીમત સમજે છે. જાહેર છે કે હવે વિશ્વમાં ક઼રારોના એતબારથી કોઈને ગુલામ બનાવી શકાય નહીં, જેથી સ્ત્રીઓને માલની જેમ વહેંચી પણ શકાય નહીં. ઈસ્લામી શરીઅતમાં પણ હવે એ જાઈઝ નથી.

**તો આવાં ઈસ્લામ વિરુદ્ધ કાર્યો કોઈ મુસલમાન તો નથી કરી શક્તો. તે જ લોકો કરી શકે છે જેમને આ માટે કોઈ ખાસ તા'લીમ આપવામાં આવી હોય. કોઈ પણ ઈસ્લામી દર્સગાહમાં આ તા'લીમ આપવામાં નથી આવતી. જેથી જાહેર છે કે આની પાછળ કોઈ એવા સંગઠનો છે જે મુસ્લિમ નથી.**

આમ પણ બાળકો, સ્ત્રીઓ અને બેગુનાહ લોકોને કત્લ કરવા, મઝારોને તોડી પાડવા, સલામ, મીલાદ અને ફાતિહા વગેરેથી રોકવું વગેરે કામ કોઈ મુસલમાન તો નથી કરી શકતો ! અલ્બત્ત ! એ જ લોકો કરી શકે છે જેમને આ માટે તૈયાર કરવામાં આવ્યા હોય !

**આવા સંગઠનોનાં મૂળો એવા લોકો સાથે જોડાયેલા છે જેઓ ખૂબ આયોજનપૂર્વક મુસલમાનોને બરબાદ કરવા ચાહે છે.** જો આ સંગઠનોનો ઈતિહાસ ચકાસવામાં આવે તો એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે સામ્યવાદી બાદશાહી રાજનૈતિક વ્યવસ્થાના સમર્થક કાદયાની, વહાબી વગેરેના ઈતિહાસથી સમજમાં આવી જશે કે તેમની વિચારધારા એ જ લોકોથી મેળ ખાય છે જેઓ ઈસ્લામ અને મુસલમાનોને બરબાદ કરવા ચાહે છે.

અધિક્તમ એવું થાય છે કે ક્યાંક કોઈએ જુલ્મ કર્યો અને ત્યાં કટ્ટરવાદનો માહોલ પેદા કરવામાં આવ્યો. આવી પરિસ્થિતિમાં જુલ્મ પીડિત લોકો પણ આવાં કટ્ટરવાદી સંગઠનો સાથે મળી જાય છે. મોટાભાગે એ કટ્ટરવાદી સંગઠન ઈસ્લામી જગતમાં દાવો કરે છે કે ત્યાંની હુકૂમતો ઈસ્લામ પર અમલ કરે છે. જેથી કટ્ટરવાદના મૂળો માત્ર આતંકવાદથી જ નથી જોડાયેલાં, બલ્કે તેના ઘણા બધાં કારણો છે.

૧. આમ હુકૂમતોમાં સંતોષકારક હદ સુધી ઈસ્લામી બંધારણ લાગુ કરવું જરૂરી છે.

૨. જુલ્મ કોઈ પણ પ્રકારનો હોય તેને રોકવો પડશે. અધિકતમ હુકૂમતો પોતાના વિરોધીઓને માનસિક તથા શારીરિક તકલીફો આપી નષ્ટ કરવા ચાહે છે. આ સોચ બદલવી પડશે.

૩. ઈસ્લામ વિરોધી આવી વિચારધારાવાળા હુમ્લા રોકવા જરૂરી છે જેમાં મુસલમાનોને ખોટી રીતે તાલીમ આપવામાં આવી રહી છે અને ઈસ્લામના વિરૂધ્ધ લિટરેચર ફેલાવવામાં આવી રહ્યું છે.

૪. સમગ્ર વિશ્વ અને વિશ્વની રાજનીતિ ચલાવતા લોકોએ એ વહેમ કોઈપણ રીતે દૂર કરવો પડશે કે મુસલમાનોને મિટાવી દેવામાં આવે અથવા ઈસ્લામને ખત્મ કરી દેવામાં આવે.

૫. ઈસ્લામી હુકૂમતોના જિમ્મેદારો ઈન્સાફથી સત્તા સોંપી દે અને પોતે બાદશાહ પણ છે, ફોજી ઓફિસર પણ છે, અથવા ખાસ કબીલાના છે, તો સત્તાને જન્નતથી લાવેલ વારસો ન સમજે. અને બીજા દેશો પણ પોતાના લાભોની રક્ષાને ખાતર તેમની વિરુદ્ધ કાંઈ જ નથી કરતા અને આ રાજ કરવાની પદ્ધતિ અશાંતિ ઉભી કરે છે.

સત્તાધારીઓ વિરુદ્ધ પોતાના અજંપાને જ્યારે આમ લોકો જાહેર કરવા ચાહે છે તો આમ લોકોના એ જ જઝબાનો કટ્ટરવાદીઓ પોતાના બુરા હેતુ માટે ઉપયોગ કરે છે.

સારાંશ કે ઈસ્લામી જગત કે મુસ્લિમ સમાજમાં જે ફસાદ જોવા મળે છે તેની જવાબદારી ત્યાંના નાજાઈઝ રીતે સત્તા પર કબ્જો જમાવેલ સત્તાધારીઓ પર પણ છે, જેવી રીતે તે લોકો પણ જવાબદાર છે જેમનો હેતુ મુસલમાનોને જંગોમાં વ્યસ્ત રાખી ખત્મ કરી દેવાનો છે અને એટલા જ માટે તેઓ ગુપ્ત રીતે મુસલમાનોને જેહાદ પર ઉભારી રહ્યા છે, કોઈક વાર સુન્નીઓને શીઆ દ્વારા અને કદીક શીઆઓને સુન્નીઓ દ્વારા ખત્મ કરાવી રહ્યા છે. અને પોતાના નાપાક મકસદ માટે તેઓ ઈન્સાનિયત વિરૂધ્ધ સખત જુલ્મો, સિતમ પણ કરતા હોય છે. જેમ કે ઈરાકમાં સ્કૂલો પર બોંબ નાખી હજારો બાળકોને ખત્મ કરી દેવામાં આવ્યાં હતાં પછી તેને ભૂલમાં થએલ જાહેર

કરવામાં આવ્યું. આવી ઘણી બધી ઘટનાઓ છે જે ખાસ કરીને મુસ્લિમ દેશોમાં જ થાય છે.

આ બધુ તો ઈસ્લામી જગતથી સંબધિત હતું, બાકી રહી બીજી દુનિયા તો તેના વિરૂદ્ધ એટલું જ કરવામાં આવે છે કે તે અમેરિકા તથા યૂરોપ માટે આર્થિક અથવા ફૌજી ખતરો ન બને. **ચીન, રશિયા, ઉત્તર કોરિયા અને ભારતને ત્યાં સુધી સહન કરવામાં આવશે જ્યાં સુધી ખતરા સમાન ન હોય. પરંતુ જ્યારે આ દેશોથી યૂરોપ અથવા અમેરિકાને ખતરો હશે તો તેમને પણ પહેલાની જેમ કોઈ ન કોઈ રીતે યૂરોપ, અમેરિકા અને ઈસ્રાઈલના ફંદામાં ફસાવી દેવામાં આવશે અને ત્યારે જ છૂટકારો મળશે જ્યારે તેમના ઈશારે ચાલે.**

વર્તમાનકાળમાં દુનિયામાં ઈલ્મ તથા હિકમત, શિક્ષણ, તથા સંસ્કૃતિ વગેરેની એટલી અધિકતા છે કે દરેક આ બધાનું જ્ઞાન ધરાવતા હોય છે. ખયાલોની ઉચ્ચતા આટલી તરક્કી પર હોવા છતાં જંગ, ફસાદ, ગરીબી, બેચેની, પક્ષાપક્ષી, દુશ્મનાવટ, બીજા લોકોને બેઈજ્જત કરવા, શોષણ, ધોકો આપવું વગેરે બુરાઈઓ છેલ્લી હદે પહોંચી ગઈ છે. જેથી સમજી શકાય છે કે આ જ્ઞાન, વિદ્યા, શિક્ષણ, તરક્કી વગેરે ઈન્સાનિયતને બચાવી શકે તેવી નથી બલ્કે ઈન્સાનિયતને બચાવી શકે તે એક માત્ર અલ્લાહ તરફથી આપવામાં આવેલ આદેશો અને ઈસ્લામી તાલીમ જ છે. આજે દુનિયામાં થતા ફસાદ, આતંકવાદ, બેગુનાહોની કત્લેઆમ જે થઈ રહી છે અને એ લોકો જેઓ પોતાને મુસલમાન કહી ઈસ્લામના નામે આંતકવાદ ફેલાવી રહ્યા છે એમના વિશે રહમતે આલમ ﷺએ બહુ પહેલાં ખબર આપી હતી.

મિશ્કાત શરીફ, બાબુલ ફિતન, ફસ્લે અવ્વલમાં છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જેની કુદરતના તાબામાં મારી જાન છે, તેની કસમ ! દુનિયા ખત્મ થતા પહેલાં લોકો પર એક એવો સમય આવશે કે કત્લ કરનારને ખુદ ખબર નહીં હોય કે તેણે કેમ કત્લ કર્યો અને કત્લ થનારને પણ ખબર નહીં હોય કે તેને શા માટે કત્લ કરવામાં આવ્યો. *(મિશ્કાત શરીફ, કિતાબુલ ફિતન, ૩૫૦, મજલિસે બરકાત, અશ્રફિયા, મુબારકપુર)*

મિશ્કાત શરીફ, કિતાબુલ ઈલ્મ, ફસ્લે ષાલિષમાં છે : હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે લોકો માટે એવો જમાનો નજીક છે કે ઈસ્લામનું માત્ર નામ અને કુર્આનનું માત્ર લખાણ રહી જશે, તેમની મસ્જિદો (જાહેરમાં તો) આબાદ હશે પરંતુ હિદાયતથી વેરાન હશે. તેમના આલિમો (ઉલમાએ સૂ જેમ કે વહાબી મુલ્લા) ધરતીના સર્વ લોકોથી બુરા હશે. ફિત્નાની શરૂઆત અને અંત તેમનામાં જ થશે. *(મિશ્કાત શરીફ, કિતાબુલ ઈલ્મ, પેજ-૩૮, મજલિસે બરકાત, અશ્રફિયા, મુબારકપુર)*

હદીષે પાકમાં અમુક વાતો ધ્યાન પાત્ર છે : મસ્જિદોમાં પુષ્કળ લોકો હશે પરંતુ તેમનામાં હિદાયત નહીં હોય, ઉલમા (ઉલમાએ સૂ એટલે બુરા ઉલમા) ફિતના ફેલાવશે અને દુનિયામાં સૌથી બદ્તર હશે. જે લોકો જેહાદના નામ પર નિર્દોષ લોકોને કત્લ કરે છે, મઝારો અને મસ્જિદો પર હુમ્લા કરે છે. તેમની નજરમાં યા રસૂલલ્લાહ ﷺ કહેનારા, દુરૂદ શરીફ પઢનારા, ફાતેહા પઢનારા મુસલમાન નથી. ઈસ્લામી જગતમાં એહલે સુન્નતના વિરૂદ્ધ ફત્વા અને ખૂનામરકીનો રિવાજ આપનાર બદ્નસીબો એ છે જેમની તરફ હદીષમાં નિર્દેશ કરવામાં આવ્યો છે.

આ ફસાદ જગતમાં ફેલાએલ છે અને જેને આંતકવાદ, કટ્ટરવાદ કહેવામાં આવે છે તેનાં મૂળ જાલિમ રાજકારણ, અભણતા, મુનાફિકત, માનવતા દુશ્મની જેવી નહૂસતો સાથે સંકળાએલાં છે અને દુનિયા આ નહૂસતોને ત્યજવા તૈયાર નથી. એટલે રમખાણો, કટ્ટરતા, આતંકવાદ પણ ખત્મ થવાં મુશ્કેલ છે. *(અશ્રફિયા-મુબારકપુર, એપ્રિલ-૨૦૧૫)*



# કુર્આન અમલની કિતાબ છે કેવળ સવાબની નહીં !

કાર્યાલય

*સૂરત ખાતે તા. ૭–૬–૨૦૧૫ના રોજ **"સુન્ની દા'વતે ઈસ્લામી"**ના અઝીમુશ્શાન સુન્ની ઈજતેમામાં અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)ના થયેલા બયાનના આધારે આ લેખ રજૂ કર્યો છે. જેને દિલથી વાંચનારની જિંદગીમાં ઈન્કિલાબ આવી શકે છે અને તે આમિલે કુર્આન બની શકે છે, જેથી દિલથી વાંચવા અપીલ છે. –તંત્રી :*

સૂરતના આ અઝીમુશ્શાન સુન્ની ઈજતેમાનો હેતુ કુર્આનથી તથા રસૂલે પાક ﷺથી સંબંધને મજબૂત કરવા માટેનો છે. આજનો મુસલમાન વિશ્વભરમાં તરહ તરહની આંત્રિક બાહ્ય આફતો, મુસીબતો પરેશાનીઓમાં સપડાયેલો છે એનું મુખ્ય કારણ એ છે કે આપણે કુર્આનના નુઝૂલના મક્સદને ભૂલાવી દીધો છે. આપણે કેવળ રસ્મોમાં અટવાઈ ગયા છીએ. કુર્આને પાકને કેવળ રસમ પૂરતુ અને ઈસાલે સવાબ માટે કે બરકત પામવા જ રાખવામાં આવે છે. આજે આપણે કોઈની બીમારપુર્સી માટે કે દફનવિધિ માટે એટલા માટે જઈએ છીએ કે નહીં જઈએ તો સગાં સંબંધી તથા લોકો શું કહેશે ? તેઓ નારાજ થઈ જશે ! તેને સુન્નત સમજીને કે મો'મિનનો હક્ક સમજીને ખુદાને રાજી કરવાની નિય્યતે, સવાબની ખાસ નિય્યતથી નથી જતા પણ ફક્ત રસ્મો રિવાજ રૂપે જઈએ છીએ. (ઈલ્લા માશા અલ્લાહ !) એ જ પ્રમાણે કુર્આને પાક પણ રસમો રિવાજ પૂરતુ પઢવા કે પઢાવવામાં આવે છે.

*રહ ગઈ રસ્મે અઝાં રૂહે બિલાલી ન રહી*
*ફલસફા રહ ગયા તલ્કીને ગઝાલી ન રહી*

કુર્આને મુકદસની મહોબ્બત, અઝમત, વકાર, ઉલ્ફત દિલોમાં બધું જ છે પણ એના મકસદ વિશે પૂરી દુનિયાના મુસલમાનોને જો સવાલ કરવામાં આવે તો મોટાભાગના લોકો એને સવાબ કે બરકત માટેની, ઈસાલે સવાબ માટેની કે માહે રમઝાનમાં પઢવા માટેની કિતાબ દર્શાવશે. પણ હકીકતમાં એના નુઝૂલનો મક્સદ કેવળ સવાબ, બરકત પામવું કે ઈસાલે સવાબ કરવું, તિલાવત કરી લેવી એ જ નથી બલ્કે કુર્આને પાકના કેટલાય મક્સદો ખુદ રબ તઆલાએ કુર્આનમાં જ દર્શાવ્યા છે. જેના અનુસંધાનમાં મેં એક આયત પઢી :

وَهٰذَا كِتٰبٌ اَنْزَلْنٰهُ مُبٰرَكٌ فَاتَّبِعُوْهُ وَاتَّقُوْا لَعَلَّكُمْ تُرْحَمُوْنَ

"આ કિતાબ જેને અમે નાઝિલ કરી તે બરકતવાળી છે." *(સૂ. અન્આમ, આ. ૧૫૫)* કૈદ (પાબંદી) નથી લગાડી કે કેવળ દુનિયામાં જ બરકત આપશે, બલ્કે જમીનની અંદર પણ બરકત આપશે, અને કયામતમાં પણ બરકત આપશે. નુઝૂલનો મક્સદ શું ? આ જે બરકતવાળી કિતાબ છે એની પાછળ ચાલો એટલે એને અનુસરો. એના હલાલને હલાલ, એના હરામને હરામ, જાઈઝને જાઈઝ અને નાજાઈઝને નાજાઈઝ સમજો ! પૂરી દુનિયાના મુસલમાન આજે જે વિવિધ જાતની મુસીબતોના શિકાર છે તેનું કારણ એ છે કે કુર્આનની પાછળ ચાલવાને બદલે તેની આગળ આગળ ચાલે છે !

અલ્લાહુ અકબર ! ઈતિહાસ ઉઠાવીને જુઓ, સહાબાએ કિરામ, તાબઈને એઝામ, અવલિયા હઝરાતની જિંદગી વાંચો ! તેઓ કુર્આનને કેવળ સવાબ માટે પઢતા ન હતા બલ્કે તેના પર અમલ કરતા હતા. તેઓ ચાલતા હતા, બોલતા હતા તો કુર્આનના આદેશ પ્રમાણે. આજે એનાથી ઉલ્ટી જિંદગી મુસલમાનની છે કે કુર્આન પર ઈમાન ધરાવે છે, એને નજાતનો ઝરીયો માને છે પણ એના પર અમલ નથી કરતો ! (ઈલ્લા માશા અલ્લાહ !)

કુર્આનમાં રબ તબારક વ તઆલાએ ફર્માવ્યું છે : اِنَّ الشَّيْطٰنَ لِلْاِنْسَانِ عَدُوٌّمُّبِيْنٌ "શૈતાન ઈન્સાનનો ખુલ્લો દુશ્મન છે." *(સૂ. યૂસુફ, આ. ૫)* શૈતાન ચાહે છે કે ઈન્સાન કુર્આન પર, સુન્નત પર ન ચાલે જેથી મિસ ગાઈડ કરતો રહે છે, એના કારણે કેટલાક લોકો બોલી નાખે છે કે, "મૌલાના ! આજના દૌરમાં કુર્આન પર અમલ કરવો મુશ્કેલ છે !" દિમાગમાં આવો શૈતાની વહેમ અને તે પણ મુસલમાન ધરાવે છે ! યાદ રાખો ! કુર્આન પર અમલ કરવો દરેક દૌરમાં શક્ય તથા સરળ છે, કેમ કે જો એવું જ હોત કે અમલ ન થઈ શકે તો રબ્બે કરીમ તેને નાઝિલ જ ન ફર્માવત ! કારણ કે તે કોઈ હુકમ નિરર્થક નથી આપતો. શર્ત એ છે કે મિજાઝ બનાવવામાં આવે, અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَથી સંપૂર્ણપણે મહોબ્બત કરવામાં આવે.

વર્તમાનકાળમાં માનવ માનવથી ધોકો ખાય રહ્યો છે, સહી ગલતને પહેચાની નથી શક્તો, વહાબી, દેવબંદી, અહલે હદીષ ગૈર મુકલ્લિદ વગેરે વિવિધ બાતિલ ફિર્કાઓની પ્રપંચી જાળમાં પણ ફસાય જાય છે, કારણ કે માણસ તેમને પોતાની અક્કલ વડે પહેચાની રહ્યો છે, જો તેમને કુર્આન થકી પહેચાનતો તો કદી ધોકો ન ખાતો, તેની દુનિયા પણ સંવરી જાત અને આખેરત પણ સંવરી જાત. જો કોઈ એવું વિચારતો હોય કે કુર્આન તથા રસૂલની ઈત્તેબાઅથી હવે કામયાબી નથી થઈ શક્તી, તો તેનામાં સંપૂર્ણપણે ઈમાની જઝબો ખતમ થઈ ગયો કહેવાશે. ذٰلِكَ الْكِتٰبُ لَارَيْبَ فِيْهِ "આ તે કિતાબ છે જેમાં કોઈ શક નથી." આ શરૂની જ આયતમાં છે અને આ અલ્લાહની કિતાબ હિદાયત તથા માર્ગદર્શન માટેની કિતાબ છે જેથી એના પ્રમાણે જ ચાલવામાં કામયાબી છે. આજે મુસલમાન ગૈરોના દર પર ભીખ માગે છે, જ્યારે અવલિયાએ કામિલીનની જિંદગી આપણે જોઈએ છીએ તો તેમના દર પર ઉદાસી લઈને જનારાઓ ખુશીઓની સૌગાત લઈને પાછા ફરતા રહ્યા છે, શા કારણે ? એટલા માટે કે તેઓ કુર્આનના આમિલ હતા, આ બધી એની જ બરકતો તેઓ લૂટાવતા આવ્યા છે.

વિચારો ! ૨૩ વરસની ટૂંક મુદતમાં નબી કરીમ ﷺએ દુનિયામાં ઈન્કિલાબ પેદા કર્યો. એવા સમયે જ્યારે અનેક મઅબૂદોને પૂજનારા, સ્ત્રીઓ, બેવાઓ, કમજોરો પર જુલ્મો સિતમ કરનારા, શરાબી તથા કબીલાઓના સેંકડો વરસોથી વેરમાં આપસમાં લડયા કરનારાઓ વચ્ચે આપ હતા, ત્યારે એક અલ્લાહની ઈબાદત (પૂજા) માટે એલાન કર્યુ કે કહો "લાઈલાહ ઈલ્લલ્લાહ !" તો લોકોએ વિરોધ કર્યો, ત્યારે આપ ﷺએ એ જ તો ફર્માવ્યું કે, મારી જિંદગી તમારી વચ્ચે ગુજરી છે છતાં તમને અક્કલ નથી ! એટલે કે મારો કોઈ કદમ અલ્લાહના કાનૂનની ખિલાફ જતો તમે જોયો ? શું તમે મને અમીન નથી માન્યો ?! અને પછી ક્રમે ક્રમે ૨૩ વરસમાં ઈસ્લામ ફેલાતો ચાલ્યો અને હુઝૂર ﷺના વિસાલ વેળા એક લાખ ઉપરાંત સહાબા આપના માટે જાન લૂટાવવા મૌજૂદ હતા ! આ ઈન્કિલાબ શાથી ઉદ્‌ભવ્યો ?! કેવળ અને કેવળ અલ્લાહના હુકમો પર ચાલવાના સબબે. પછી સહાબાએ કિરામે વિશ્વભરમાં ઈસ્લામ ફેલાવ્યો તો શાથી ? કુર્આન પર ચુસ્તપણે અમલના કારણે !

આપણે એટલા માટે બેઈજ્જત થઈ રહ્યા છીએ કે નફસના ગુલામ શૈતાનના ગુલામ બનીને જિંદગી ગુજારીએ છીએ, કુર્આન પર નથી ચાલતા ! આજે રોજી ધંધાની લોકો શિકાયત કરે છે, તેને કમાવા જૂઠનો, હરામ કામોનો સહારો લે છે. તેઓ આ વાત ધ્યાનથી દિલના કાનોથી સાંભળે ! આગલી ઉમ્મતો વિશે રબ તઆલા ફર્માવે છે : (અર્થ) : "જો તેઓ તૌરાત તથા ઈન્જીલ પર કાયમ રહેતા, અને જે એમાં ઉતાર્યું એના પર કાયમ રહેતા, તો અમે તેમને ઉપરથી રોજી અતા કરતા અને તેમના પગો નીચેથી રોજી અતા કરતા." વિચારો ! જ્યારે તૌરાત તથા ઈન્જીલ પર કયામ રહેવાવાળાઓને આસ્માનથી રોજી મળી શકે છે, તો કુર્આન પર જો કોઈ અમલ કરે તો અલ્લાહ આસ્માનથી પણ રોજી અતા કરે અને પગો નીચેથી પણ આપશે. પણ આજે કુર્આન પર અમલ નથી ! તિલાવત થાય છે પણ તેને જિંદગીમાં ઉતારવા માટે અમલ નથી થતો, બલ્કે અમલનો વિચાર પણ નથી કરતા ! એને કેવળ બરકત તથા સવાબ માટે જ સમજે છે ! એને જાણે અમલની કિતાબ સમજતા જ

નથી ! જો સમજત તો આજનો મુસલમાન એવું ન કહેત કે "મૌલાના ! વેપાર તો જૂઠુ બોલ્યા વિના થઈ જ ન શકે !" કેમ કે કુર્આને તો સાફ ફર્માવી દીધું કે, "જૂઠથી પરહેઝ કરો." હે લોકો ! જો તમે ચાહો છો કે અલ્લાહની રહમતોની તથા કરમની વર્ષા થાય, દુનિયા તથા આખેરતની બર્બાદીથી અલ્લાહ બચાવી લે તો તેનો આસાન નુસ્ખો એ છે કે કુર્આન પર અમલ કરો અને મુસ્તફા ﷺની પયરવી કરો.

સહાબા, તાબઈન તથા અવલિયા કુર્આન પર કેટલો અમલ કરતા હતા કે એક તરફ નફ્સ છે બીજી તરફ કુર્આનની આયત નજર આવતી તો તેઓ હજારવાર તેમને નફ્સ બહેકાવતો પણ તેઓ કુર્આન પર જ અમલ કરતા. સાંભળો ! જન્નતી જવાનોના સરદાર ઈમામે હુસૈન رضی اللہ عنہએ દા'વત કરી, મહેમાન દસ્તરખાન પર છે. ગુલામના હાથથી સાલનનો પ્યાલો છૂટી ગયો, દસ્તરખાન પર પડયો, મહેમાનોનાં કપડાં પર સાલન પડયું તો ઈમામે હુસૈનને જલાલ આવી ગયો. હજી જલાલભરી નજર ગુલામની તરફ ઉઠાવી જ હતી કે તેણે કુર્આનની આયત પઢી : وَالْكَاظِمِيْنَ الْغَيْظَ "ગુસ્સાને પી જનારા." ઈમામે હુસૈન رضی اللہ عنہએ કહ્યું કે "મેં પી લીધો !" વિચારો ! ઈમામ ગુસ્સામાં ચૂર હતા, કહેનારે એવું નથી કહ્યું કે મને માફ કરો બલ્કે કેવળ કુર્આનની આયત પઢી તો ઈમામનો ગુસ્સો જતો રહ્યો અને કહી દીધું, "મેં પી લીધો !" ગુલામે આગળ કહ્યું : وَالْعَافِيْنَ عَنِ النَّاسِ "લોકોથી દરગુઝર કરનાર." તો ઈમામે કહ્યું, "જા ! મેં તને માફ કર્યો." હજી આગળ પઢે છે : وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ "અલ્લાહ એહસાન કરનારાઓ સાથે મહોબ્બત ફર્માવે છે." *(સૂ. આલે ઈમ્રાન, આ. ૧૩૪)* ઈમામે કહ્યું, "જા ! મેં તને આઝાદ કર્યો !" આ જઝબો હતો કુર્આન પર અમલ કરવાનો ! આમ જ લોકો યાદ નથી કરતા ! આમ જ લોકો એમના નામના વસીલાથી દુઆઓ નથી કરતા ! ઈમામ હુસૈન رضی اللہ عنہ તો તે છે કે બચપનમાં જન્નતી નવજવાનોના સરદારનું સર્ટિફિકેટ મુસ્તફા જાને રહમત ﷺએ અતા કરી આપ્યું, પરંતુ તેમ છતાં પણ તે કુર્આન પર અમલ કરીને દુનિયાને બતાવી રહ્યા છે કે સાંભળો ! આ કિતાબ કેવળ સવાબ કમાવાની નથી અમલની કિતાબ છે ! આપણા પૂર્વજ બુઝુર્ગો કુર્આનની આયતના પાલન બાબતે આટલા સચેત સેન્સિટિવ હતા કે ગમે તેવી હાલતમાં નફ્સને કન્ટ્રોલ કરીને કુર્આનની આયત સાંભળતા તો તેના પર તરત જ અમલ કરતા.

આજે દરેક મુરીદ પોતાના પીરની વાતને તો આખરી વાત માને છે, તેના પર જઝબાત સાથે ઉગ્રતાપૂર્વક અમલ કરવામાં અતિ જઝબાતી તથા સંવેદનશીલ બની જાય છે ! પણ ખુદાના કલામ પર અમલ કરવા બાબતે તેનું ઝમીર હજી સુધી ઝિંદા નથી થયું ! (ઈલ્લા માશા અલ્લાહ !) હા ! ગમે તેની હોય પણ વાત તો જ માનો જે અયન કુર્આનના મુતાબિક હોય. આજકાલ પીર સાહબે આપેલ વઝીફાને ખૂબ પાબંદીથી પઢવામાં આવે છે, ખૂબ જ સારી વાત છે, પઢવો જોઈએ, ઈન્કાર નથી કરતા. પણ જ્યારે તમે પીરના વઝીફાને તાસીરવાળો સમજો છો તો કુર્આનની શું તાસીર હશે તે પણ સમજો કે એ તો અલ્લાહનું કલામ છે ! તો એને પણ પાબંદીથી પઢો અને સમજીને અમલ કરો. અફસોસ ! આપણે મુસલમાનના ઘરે પેદા થયા છતાં લગભગ ૯૫% લોકો તજવીદ સાથે સહીહ કુર્આન પઢવાનું નથી જાણતા ! શું આ દુઃખની તથા શરમની વાત નથી ?! ક્યાં જીવી રહ્યા છીએ આપણે ! કઈ દિશામાં જઈ રહ્યા છીએ !

આજે આપણે આપસમાં ગુસ્સો કરીએ છીએ, ઝઘડીએ છીએ તો મુસલમાન મુસલમાનને નીચો પાડે છે, ગાળાગાળી તથા મારામારી કરી નાખે છે બલ્કે ખૂના મરકી પણ થાય છે. પણ સહાબા તથા તાબઈનની જિંદગી જુઓ ! તેઓને પણ આપસમાં ગુસ્સાના સબબો બનતા હતા પણ તેઓ કુર્આનના ફર્માન : رُحَمَآءُ بَيْنَهُمْ "આપસમાં રહમદિલ છે." *(સૂરએ ફત્હ, આ. ૨૯)*ના ઉપર આમિલ હતા. ગુસ્સો એમને પણ આવતો હતો, બધું જ થતુ હતું, પણ તેઓ તબીઅતના ગુલામ નહીં શરીઅતના ગુલામ હતા, કુર્આનના ફર્માનના તાબે હતા. કુર્આનમાં છે : (અર્થ) : "જ્યારે શૈતાન તમને ઝઘડાના માટે ઉશ્કેરે તો તમે અલ્લાહની પનાહ માગો." તેઓ દરેક ચીજનો ઈલાજ કુર્આનમાં શોધતા હતા. અરે !

ભાઈ એવા પણ સહાબા હતા કે ઊંટની રસ્સી ગુમ થઈ જાય તો તેને પણ કુર્આનમાં તલાશ કરતા હતા ! તો જીવનની બીજી બાબતોનું તો શું કહેવું ! આપણે એટલે દુઃખી છીએ કે કુર્આન પર અમલનો આપણામાં જઝબો નથી રહ્યો.

કુર્આન પર આમિલ હોવાના કારણે તેઓ માથાથી પગ સુધી ઈખ્લાસથી ભરપુર હતા. તેઓ દરેક કામ અલ્લાહની રઝા માટે જ કરતા હતા. તેમના કોઈ કામમાં નફ્સની ખ્વાહિશ સામેલ થઈ શકતી જ ન હતી. શું તમે આ વાકિઆને નથી સાંભળ્યો કે હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ની એક કાફિર સાથે જંગમાં લડાઈ થઈ તો આપે તેને પછાડી દીધો અને તેની છાતી પર ચઢી તેને કત્લ કરવા જ જતા હતા એવામાં તે આપના પર થૂંક્યો જેનાથી આપને ગુસ્સો આવ્યો પણ તરત જ આપે તેને છોડી દીધો અને ઉભા થઈ ગયા ! તો તે શખ્સને ખૂબ જ આશ્ચર્ય થયું કે મારા પર કાબૂ પામીને મારી નાખવાની તૈયારીમાં જ મને કેમ છોડી આપ્યો ?! તેણે આપને પૂછયું તો ફર્માવ્યું કે હું તારી સાથે કેવળ અલ્લાહને ખાતર જેહાદ કરતો હતો પણ તારા થૂંકવાથી મને ગુસ્સો આવ્યો અને મારા ખુદાને ખાતર થતા કાર્યમાં મારો નફ્સ સામેલ થઈ ગયો જેથી મેં તને છોડી મૂક્યો. આપની આટલી નિખાલસતા જોઈને તે કાફિર કલ્મો પઢી મુસલમાન થઈ જાય છે. આ હતા કુર્આનના આમિલ મુસલમાન !

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہને જુઓ ! આ દેશને આપણે "ખ્વાજા કા હિંદુસ્તાન" કહીએ છીએ. હિંદના સુલ્તાન ખ્વાજા સાહબ જ છે. જઈને જોઈ લો અજમેર શરીફમાં કે આખા હિંદુસ્તાનની દરેક જાતિ ત્યાં મુરાદોથી જોલી ભરવા પહોંચતી રહે છે. એમના ઉર્સમાં જવા "ચાલો અજમેર"ના પરચા નથી છપાતા ! છતાં ઉર્સ તો ઉર્સ છે પણ બારે માસ લોકોની ભીડ આપના દરબારમાં જોવા મળે છે. શાથી આપ હિંદના સુલ્તાન થઈ ગયા ? એટલા માટે કે ખ્વાજા સાહબે પૂરી જિંદગી કુર્આન પર અમલ કરવામાં ગુજારી દીધી તો ખુદાએ તેમને આ ભૂમિના વારસ કરી દીધા કે સૌ આપના દરબારમાં અકીદતનું નઝરાણુ લૂટાવે છે. કુર્આનમાં છે : (અર્થ) : "બેશક ! જમીનનો વારસ અમે તેને બનાવીએ છીએ જે નેકી કરે છે." અને નેકી એ છે કે કુર્આન પર ચાલવામાં આવે. ખ્વાજા સાહબને ખ્વાબમાં નબી કરીમ ﷺ તરફથી હુકમ મળ્યો કે હિંદુસ્તાન જાવ અને ઈસ્લામનો પરચમ લહેરાવો ! તો એવું ન વિચાર્યું કે આ તો ખ્વાબની વાત છે ! બલ્કે ચાલી નીકળ્યા, અને કામયાબ પણ થઈ ગયા કે સમયના જબરદસ્ત સમ્રાટનું પણ આ ખાલી હાથવાળા ફકીર આગળ કાંઈ જ ન ચાલ્યું અને ખ્વાજા સાહબે ઈસ્લામનો પરચમ હિંદમાં લહેરાવી દીધો ! આજે આપણે ગૈરોના તાબામાં, તેમના જુલ્મો સિતમના શિકાર એટલે છીએ કે આજે કુર્આન પર અમલનો જઝબો લગભગ ખતમ થઈ ગયો. (ઈલ્લા માશા અલ્લાહ !) આજે કેટલાક લોકો કહે છે કે, "મૌલાના ! આજના જમાનામાં કુર્આન પર અમલ મુશ્કેલ છે." તેઓ વિચારે કે ખ્વાજા સાહબના દૌરમાં પૂરા કુફ્રસ્તાન વચ્ચે જાલિમ બાદશાહો વચ્ચે કુર્આન પર અમલ કેવી રીતે શક્ય હતો અને આજે શક્ય નથી ?!

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہની જિંદગી જુઓ ! આપે જ્યારે પણ ફત્વાનો જવાબ લખ્યો તો પ્રથમ કુર્આન, પછી હદીષ પછી ઉલમાના અકવાલ, પછી એના આધારે પોતાની રાય પેશ કરી. આમને આમ ફત્વા નથી લખ્યા ! અને અલ્લાહની ઈબાદતોથી એવી મહોબ્બત હતી કે આખરી ઉમરમાં તબીબે જણાવી આપ્યું કે તમો રોઝા રાખી શક્શો નહીં, જો રાખશો તો તબીયત બગડી જશે. તો બરેલી શરીફ છોડીને નૈનિતાલ પહાડી વિસ્તારમાં જતા રહ્યા અને ત્યાં ઠંડકમાં રોઝા રાખ્યા કે અહીં મારા પર રોઝા રાખવા ફર્ઝ છે કે હું ભલે ગરમીમાં નથી રાખી શકતો ઠંડકમાં રાખી શકું છું ! આજે સારા સારા માણસો રોઝા ન રાખવાનાં બહાનાં તલાશ કરે છે ! જ્યારે કુર્આનના આમિલ હિજરત કરીને એવી જગાએ પહોંચે છે કે જ્યાં ઈબાદત ફર્ઝ થઈ જાય ! વળી આજે લોકો હિલ સ્ટેશન મનોરંજન કે શારીરિક માનસિક આરામ માટે જાય છે જ્યારે કુર્આનના આમિલ અલ્લાહની ઈબાદત માટે જાય છે. સુબ્હાનલ્લાહ !

આવો ! હવે એક ખૂબ જ ઈબ્રતનાક વાકિઓ

તમારી સમક્ષ રજૂ કરું છું કે હઝરત અહનફ બિન કૈસ رضی اللہ عنہ તે જલીલુલ્કદર તાબઈનમાંથી છે કે જેમણે હઝરત અલી رضی اللہ عنہની સોહબત પામેલી છે. ગુસ્સાના મામલામાં એમનો જલાલ એટલો મશહૂર હતો કે એમને આવતા જુઓ તો લાગતુ કે સો તલવારો ચમકી રહી છે ! એ આવી રહ્યા હતા એટલામાં કુર્આનની તિલાવત એમણે સાંભળી કે : لَقَدْ اَنْزَلْنَآ اِلَيْكُمْ كِتٰبًا فِيْهِ ذِكْرُكُمْ ۔ اَفَلَا تَعْقِلُوْنَ "આ કિતાબમાં તમારું વર્ણન મૌજૂદ છે તો પણ તમને અક્કલ નથી ?!" *(સૂરએ અંબિયા, ૧૭/૧૦)* તો કાંપી ઉઠયા. કોઈને કોઈ ગમે તેવો મહાન કહી દે, લક્બો આપી દે પણ માણસ પોતે શું છે તે જાતે પોતે જાણતો જ હોય છે! એટલે જ કહ્યું છે કે, "જેણે પોતાને ઓળખી લીધો તેણે રબને ઓળખી લીધો." તો સહી માઅનામાં આપણને ઓળખવા માટે કુર્આન સમજવાની જરૂર છે. તો હઝરત અહનફ رضی اللہ عنہએ કુર્આન મંગાવ્યું અને તેની તિલાવત શરૂ કરી કુર્આનમાં પોતાને શોધવા લાગ્યા. એક આયત પઢી : (અર્થ) : "કેટલાક લોકો એવા છે જેઓ પોતાનાં પાસાંઓ (કરવટો)ને છોડી આપે છે અને ખૌફ અને ઉમ્મીદની અંદર પોતાના રબને પોકારે છે." કહ્યું, "યા અલ્લાહ ! આમાં તો હું નથી ! હું તો રાત્રે સૂતો રહું છું !" આ મહાન તાબઈ ઈબાદતગુઝાર તક્વાવાળા હોવા છતાં પોતાને તુચ્છ ગણતાં કહે છે કે, "હું આમાં નથી !" આજે માણસ એવું ચાહે છે કે મને વલીથી ઓછો કોઈ ન સમજે ! મને દુનિયા સૌથી મહાન બાબા તથા સૌથી મોટો સૂફી સમજે ! જ્યારે તેઓ ઘણુ બધુ હોવા છતાં પોતાને તુચ્છ સમજતા હતા. શબે મેઅરાજ હુઝૂર ﷺને રબે પૂછયું કે હે મુહમ્મદ ! ﷺ આજે મેં તમારા દરજાઓ આટલા બુલંદ કરી આપ્યા તો હું તમને કયા લક્બથી યાદ કરું ?! તો આપ ﷺએ આજીજી દર્શાવી કે, હે મારા મઅબૂદ ! તું મને તારો બંદો કહીને પુકારે એ જ બસ છે ! આવો જવાબ રસૂલુલ્લાહ ﷺએ રબને આપ્યો હતો. આને આજીજી કહે છે !

હઝરત અહનફ رضی اللہ عنہએ બીજી આયત પઢી : (અર્થ) : "અલ્લાહના કેટલાક બંદા એવા છે જેમની રાત સજદામાં ગુજરી જાય છે. અને અલ્લાહની યાદમાં ઉભા રહેવામાં પસાર કરી દે છે." આ આયત પઢીને કહે છે કે, "યા અલ્લાહ ! હું આમાં પણ નથી ! હું તો રાતમાં આટલા સિજદા નથી કરતો ! આખી રાત કયામમાં નથી ગુજારતો !" કાંપી ઉઠયા ! ત્રીજી આયત પઢયા, (અર્થ) : "અલ્લાહના કેટલાક બંદા એવા છે જેઓ દિવસમાં રાતમાં જાહેરમાં છુપી રીતે અલ્લાહની આપેલી રોજીને અલ્લાહના નામ પર ખર્ચ કરે છે." ફર્માવ્યું, "હું તો આમાં પણ નથી ! હું તો આટલી સખાવત નથી કરતો." પછી જ્યારે આ આયત (અપરાધીઓને પૂછવામાં આવશે) (અર્થ) : "તમને કઈ વાત દોઝખમાં લઈ ગઈ ? તેઓ બોલ્યા, અમે નમાઝ પઢતા ન હતા, અને મિસ્કીનને ખાવા આપતા ન હતા. અને બેહૂદા ખોદણી (ટીકા ટીપ્પણ) કરનારાઓ સાથે બેહૂદા ખોદણી કરતા હતા." *(સૂરએ મુદષ્ષિર, આ. ૪૧ થી ૪૫)* એના પર પહોંચ્યા તો રડવા લાગ્યા, કાંપી ઉઠયા અને કહેવા લાગ્યા, "હે અલ્લાહ ! હું તારી પનાહ માગું છું મને એ લોકોમાં સામેલ ન કરતો !" આટલી મહાન હસ્તી કુર્આન પઢતાં પઢતાં પોતાને કુર્આનમાં શોધે છે, અને જ્યારે આ આયત પર પહોંચે છે કે, (અર્થ) "કેટલાક લોકો છે જેઓ પોતાના ગુનાહોનો સ્વીકાર કરે છે અને કેટલીક એમની અચ્છાઈઓ પણ છે, કેટલાક ગુનાહ પણ છે, પરંતુ અલ્લાહ પર ભરોસો છે કે અલ્લાહ એમની નેકીઓને કબૂલ કરી લે અને ગુનાહોને માફ કરી આપે અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે." તો પોકારી ઉઠયા, "હે અલ્લાહ ! મેં મને પામી લીધો ! હું આ જ લોકોમાંથી છું ! હે રબ ! તું મને માફ ફર્માવી દે." આ આજીજી હતી આપણા પૂર્વજ બુઝુર્ગોની ! જેથી આપણે પણ કન્ઝુલ ઈમાન પઢીએ અને આપણને કુર્આનમાં શોધીએ તો ખબર પડી જશે કે આપણુ સ્થાન શું છે ? આપણે ક્યાં છીએ ?! આજે આપણે ઉલ્ટી ચાલ ચાલી રહ્યા છીએ, અને આપણે કેવળ મુસ્તહબોને પકડીને બેસી રહીએ છીએ, બલ્કે દરજ્જા પ્રમાણે પ્રથમ ફર્ઝને પકડીએ, પછી વાજિબને પછી સુન્નતને અને છેલ્લે નફલો–મુસ્તહબોને પકડીએ. અને એ જ કુર્આની આદેશ છે. રબ્બે કરીમ તેના મહબૂબ ﷺના સદકામાં આપણને કુર્આન પઢવા અને તેના પર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

**બરકાતે ખ્વાજાની ટપાલ...** કાર્યાલય

**વડોદરા તાંદલજા ખાતે બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા માટે સંપર્ક કરો :-**

મૌલાના આસિફ અશરફી
Mob. 7779001513

હાફેઝ મુબારક સાહબ
Mob. 9033221697


સાજિદ શેખ : ૯૯૧૩૩૪૦૧૫૫, ૭૦૪૮૧૮૭૬૦૫

**અશરફી ટ્રાવેલ્સ**

એર ટીકીટ બુકિંગ


રેલ્વે ટીકીટ બુકિંગ



વીઝા



ટુર પેકેઝ


હોટલ બુકિંગ


૨૦૧૦, રેહમાન પોલ, કાલુપુર પાંચપટ્ટી,
અહમદાબાદ-૧
ashrafitravel@gmail.com


## :: તલબાના દાખલા માટે ::

**ટંકારીઆ** : દારુલ ઉલૂમ અશરફીયા મુસ્તફાઈયા (તા. જિ. ભરૂચ) ખાતે દર્સે નિઝામી, હિફ્ઝો તજવીદની તા'લીમ સાથે ઈંગ્લિશ, કલાસ, કોમ્પ્યુટર લેબ, અશરફી લાયબ્રેરી બની છે તથા અન્ય સહૂલતો છે. દાખલ થવા ઈચ્છનારે ૨૦ રમઝાનથી ૨૫ શવ્વાલ સુધીમાં ઈદારાની ઓફીસે આવી દાખલો કરાવી જવો.

*–(નાઝિમે આ'લા) ઈબ્રાહીમ મનમન માસ્તર*

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**કુરચણ** : થી હાફેઝ યૂસુફ સાહબ જણાવે છે કે કુરચણ ખાતે મસ્જિદમાં તા. ૭–૬–૨૦૧૫ના રોજ હઝરત મૌલાના સૈયદ તલ્હા અશરફ સાહબ કછોછવીએ મગરિબની નમાઝ પઢાવી બાદમાં હઝરતના મુબારક હાથો વડે કુરચણ મદ્રસા ખાતે હિફ્ઝ થનાર હાફિઝ શકીલ મુશ્તાક ઉઘરાદારની દસ્તારબંદી કરવામાં આવી બાદમાં હઝરતે ઈસ્લાહી બયાન કર્યું હતું. છેવટમાં દુઆ સલાતો સલામ પર પ્રોગ્રામ ખત્મ થયો હતો. *–રજૂકર્તા : હાફેઝ યૂસુફ રઝવી (કુરચણ)*

**એક એલાન**

ઉલમાએ અહલે સુન્નતની ડિરેકટરી બની રહી છે જેની વિગત પહોંચાડવા ફોર્મ નીચેના સરનામેથી મંગાવો તથા વધુ વિગતો માટે સંપર્ક કરો :– **ક઼ાદરી મૌલાના મુહમ્મદઝાકિર હુસૈન મૌલાના રિયાઝ મોડાસવી** ઠે. મદની પાર્ક–૨, ડુંગરવાડા રોડ–૪૬, તા. મોડાસા, જિ. અરવલ્લી, પિન : ૩૮૩૩૧૫, મો. **9898359046 / 8735919646**

**ઈન્તેકાલ પુરમલાલ ! : અલીયાબાડા** : (જિ. જામનગર) ખાતે "બરકાતે ખ્વાજા" (માસિક)ના ચાહક બુઝુર્ગ જનાબ દાઉદભાઈના પુત્ર ઈસ્માઈલનો ૫૨ વરસની વયે તા. ૭–૬–૨૦૧૫ રવિવારે અચાનક હાર્ટ એટેકમાં ઈન્તેક઼ાલ થયો છે. સમાચાર મળતાં અમને પણ દુઃખ થયું. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમની મગફિરત ફર્માવે અને આ ઉમરમાં દાઉદભાઈને થયેલ સદમામાં અમો સહભાગી છીએ. રબ તબારક વ તઆલા તેમને તથા સર્વ સગાંને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ સૂરતમાં અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા ★

**સૂરત** : ખાતે તા. ૭–૬–૨૦૧૫ રવિવારે બિસ્મિલ્લાહ ચોક મેદાન, ભાટીના નવા બ્રીજ પાસે, અસરથી રાતે ૧૨ વાગ્યા સુધી સુન્ની દા'વતે ઈસ્લામી (સૂરત શાખ) હેઠળ ચાલતા "દારુલ ગુલશને નૂરી નજમુલ ઉલૂમ"ની પ્રથમ દસ્તારબંદીના મોક઼ા પર અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા હાફિઝ મુહમ્મદ અમીન સાહબ (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–સૂરત)ની નિગરાનીમાં, ઉસ્તાઝુલ ઉલમા મુફ્તી મુહમ્મદ નસીમ રઝા સાહબની હિમાયતમાં થયો જેમાં ચાર હાફિઝ થનારાઓની દસ્તારબંદી સાદાતે કિરામ, ઉલમાએ એઝામના મુબારક હાથો વડે થઈ. જેમાં અસર બાદથી અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ નવયુવાનોને દીનની રાહમાં કાર્ય કરવા અનોખા અંદાઝમાં તર્બિયત સાથે નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા. મગરિબ બાદ હરદિલ અઝીઝ ખતીબે ઝીશાન હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ "અક઼ીદાએ ઈશ્કે રસૂલ" ﷺ પર બેહતરીન બયાન કર્યુ હતું. અસરથી ૭૫% મેદાન મુસ્તફા ﷺના દીવાનાઓથી પુર હતું અને ઈશા બાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીનું આગમન થતાં હજારો સરકાર ﷺના દીવાનાઓથી મેદાન છલકાઈ ગયું હતું ! હઝરતના બયાન પહેલાં ગુલપોશી તથા દસ્તારબંદીનો પુરનૂર મન્ઝર યોજાયો. છેવટમાં હઝરતે "કુર્આન સિર્ફ સવાબ કી કિતાબ નહીં, અમલ કી કિતાબ હૈ !" એના વિષયમાં કુર્આન પર અમલ કરવાના સારાં પરિણામો અને ન કરવાનાં નુકસાનો સંબંધે સહાબા, તાબઈન તથા બુઝુર્ગાને દીનના દૃષ્ટાંતો સાથે અનેક કુર્આની આયતો પઢીને કર્યુ અને કુર્આન પર અમલ કરવા લોકોને દર્દભરી અપીલ કરી હતી. ઝિક્ર, દુઆ, સલાતો સલામ પર ઈજતેમા ખત્મ થયો.

## ★ દયાદરામાં ઈસ્તિક઼બાલે રમઝાનનો પ્રોગ્રામ ★

**દયાદરા** : સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા થકી તા. ૧૨–૬–૨૦૧૫ જુમ્આની નમાઝ બાદથી અસર સુધી બહેનો માટે મદ્રસા મઝાહેરુલ ઉલૂમના હોલમાં સુન્ની ઈજતેમા યોજાયો. જેમાં ઘણી સંખ્યામાં બહેનોએ હાજરી આપી. શરૂમાં આલિમા બહેનો રૂબીના આપા, રિઝવાના આપા...વગેરેએ ક઼સીદા બુર્દા શરીફ, નઅત શરીફ, બયાનો કર્યાં. પોણા ચારથી ચાર સુધી, પર્દા હેઠળ રહીને જનાબ હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી (મુબલ્લિગે : સુન્ની દા'વતે ઈસ્લામી)એ રમઝાનની ફઝીલતની સાથોસાથ સ્ત્રીઓને લગતા રોઝા સંબંધી મસાઈલ બયાન કર્યા. ત્યાર બાદ હઝરત મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી દહેગામી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ રમઝાનની ફઝીલતની સાથો બહેનોએ કેવી રીતે રમઝાન પસાર કરવી તથા પર્દો તથા દીનદારી અપનાવવા સંબંધે અસરકારક બયાન કર્યુ હતું. પાંચ વાગે સલાતો સલામ દુઆ પર ઈજતેમા ખત્મ થયો હતો.

અસર બાદથી જામા મસ્જિદ દયાદરામાં ભાઈઓ માટે ઈજતેમાની શરૂઆત કુર્આને પાકની તિલાવત, નઅત શરીફ સાથે હાફિઝ અ. રહીમ સાહબે કરી રમઝાનની, રોઝાની ફઝીલતમાં અનોખા અંદાઝમાં અસરકારક બયાન કર્યું. છેવટમાં રોઝા તૂટવા ન તૂટવા વગેરે સંબંધી વિગતે મસાઈલ શીખવાડયા હતા. મગરિબ બાદ પેશ ઈમામ ક઼ારી મક઼સૂદ ક઼ાવીવાળા સાહબે નઅતે પાક પેશ કરી, ત્યારબાદ હઝરત મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી સાહબે ઝકાતની ફઝીલત, ન આપવા પર અઝાબની ચેતવણીઓ કુર્આન હદીષ રોશની વર્ણવીને સાહિબે નિસાબ કોણ ? ઝકાત કોને આપવી ? તથા એના વિસ્તારપૂર્વક મસાઈલ વર્ણવ્યા, છેવટમાં ભરચક મસ્જિદમાં ઉત્સાહભેર આવેલા યુવાનો વડીલોના અમુક સવાલોના સંતોષકારક જવાબો આપ્યા છેવટે ઈશાની અઝાન પહેલાં દુઆ સલાતો સલામ પર ઈજતેમા ખત્મ થયો હતો.